# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 24 સપ્ટેમ્બર 2026 ગુરુવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ -13

વર્ષ : 18
અંક : 85

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
જિનપિંગ 11 વર્ષ બાદ અમેરિકા જશે: ટ્રમ્પ એરપોર્ટ પર સ્વાગત કરવા જશે, વ્હાઇટ હાઉસમાં રાજકીય ડિનર યોજાશે

4 
એઆઈના અતિશય ઉપયોગથી ત્રીજા વિશ્વયુદ્ધની શક્યતા વધી!

6 
એશિયન ગેમ્સમાં મીરાબાઈ ચાનુએ ઇતિહાસ રચ્યો, વેઇટલિફ્ટિંગમાં ભારતને 28 વર્ષ બાદ મેડલ

7 
ભારતની અર્થવ્યવસ્થાને ફિચનો બૂસ્ટ: GDP ગ્રોથનો અંદાજ 6.4%થી વધારી 6.9% કર્યો


### રાહુલ ગાંધી સહિત વિપક્ષના નેતાઓના આકરા પ્રહારો, પંચે કહ્યું- સવાલ કે મત વ્યક્ત કરવો ઔપચારિક 'ડિસેન્ટ' નથી

# SIR મુદ્દે ચૂંટણી પંચમાં મતભેદના અહેવાલથી રાજકીય ગરમાવો, 14 લેખિત વાંધાના દાવાથી ખળભળાટ

નવી દિલ્હી, તા.23

મતદાર યાદીના સ્પેશલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને ચૂંટણી પંચમાં કથિત મતભેદના અહેવાલો સામે આવ્યા બાદ પંચના સૂત્રોએ સ્પષ્ટતા કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણી કમિશનર કોઈ મુદ્દે સવાલ ઉઠાવી શકે છે, સ્પષ્ટતા માંગી શકે છે અથવા પોતાનો મત વ્યક્ત કરી શકે છે. પરંતુ તેને ઔપચારિક અસહમતિ એટલે કે ડિસેન્ટ માનવામાં આવી શકે નહીં.

બીજી તરફ, રાહુલ ગાંધીએ એક વીડિયો જાહેર કરીને મતચોરીને બંધારણ વિરુદ્ધ ગણાવી છે. તેમણે કહ્યું કે સમય આવ્યે કોઈને છોડવામાં નહીં આવે.

ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, SIR પ્રક્રિયા અંગે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા 10 મહિનામાં પંચના નિર્ણયોને લઈને ઓછામાં ઓછા 14 વખત લેખિત વાંધો નોંધાવ્યો હતો. તેમાં મતદાર યાદીમાં નામ ઉમેરવા-કાઢવા અને ચૂંટણી પ્રક્રિયામાં ફેરફારને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

રાહુલ ગાંધી- હું ચૂંટણી પંચ અને ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટ કહી રહ્યો છું કે તમે જે કરી રહ્યા છો તે ખોટું કરી રહ્યા છો. આ રાજદ્રોહ છે, દેશ વિરુદ્ધ છે. સમય આવશે. અમે તમને પકડીશું. તમે બચવાના નથી.

અખિલેશ યાદવ- તમામ ચૂંટણી કમિશનરો પોતાનું યોગ્ય કામ કરી શકી રહ્યા નથી. એક સ્વતંત્ર સંસ્થાના સભ્યોને જો ન્યાયપૂર્ણ કાર્ય કરવાની સ્વતંત્રતા ન હોય અથવા તેમની કોઈ સુનાવણી ન થાય તો આ લોકતંત્ર માટે અત્યંત ઘાતક અને ખતરનાક સ્થિતિ છે. કેટલાક લોકો દ્વારા સત્તાની કઠપૂતળી બનીને લોકતંત્ર સાથે દગો કરવો એ ઘોર બંધારણીય અપરાધ છે. આ લોકતંત્રને ખતમ કરવાના કોઈ કાવતરાથી ઓછું નથી. સુપ્રીમ કોર્ટ સ્વતઃ સંજ્ઞાન લે.

આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજ- તમામ વિપક્ષી



પક્ષોએ સૌપ્રથમ ચૂંટણી પંચ સાથે જોડાયેલા આ મુદ્દાને ઉઠાવવો જોઈએ અને પંચને વ્યવસ્થિત કરવા પર ધ્યાન આપવું જોઈએ.

મમતા TMCના રાજ્યસભા સભ્ય સાગરિકા ઘોષ- SIRની ખામીઓ અને અવ્યવસ્થા માટે મુખ્ય ચૂંટણી કમિશનર જવાબદાર છે. કોના નિર્દેશ પર નાગરિકોને કથિત રીતે મતાધિકારથી વંચિત કરવામાં આવી રહ્યા છે?

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને હટાવવાની માગ અગાઉ પણ ઉઠી ચૂકી છે. એપ્રિલ 2026માં કોંગ્રેસ નેતા જયરામ રમેશે દાવો કર્યો હતો કે વિપક્ષના 73 રાજ્યસભા સાંસદોએ તેમની વિરુદ્ધ નોટિસ આપી છે. તેમાં 'સાબિત થયેલા ગેરવર્તન'નો આરોપ લગાવવામાં આવ્યો હતો.

કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલે પણ જ્ઞાનેશ કુમારને હટાવવાની માગ કરી હતી. તેમણે SIR દરમિયાન વાસ્તવિક મતદારો પ્રભાવિત થવાનો આરોપ લગાવીને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માગ કરી હતી.

આ પહેલાં લોકસભામાં પણ આવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને પ્રસ્તાવ ફગાવી દીધો હતો.

SIRના પહેલાં અને બીજા તબક્કામાં 10 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેવામાં આવ્યા છે. SIR પછી બિહાર, પશ્ચિમ બંગાળ, પુડુચેરી અને આસામ વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. કેરળમાં કોંગ્રેસ ગઠબંધન અને તમિલનાડુમાં TVKએ જીત મેળવી છે. આસામમાં સ્પેશિયલ રિવિઝન (SR) થયું હતું. અહીં પણ ભાજપ સરકારની વાપસી થઈ છે.

ચૂંટણી પંચે 14 મેના રોજ હરિયાણા, ઝારખંડ, ઉત્તરાખંડ, દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત 16 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની જાહેરાત કરી હતી. આ SIRનો ત્રીજો તબક્કો છે.

સંપૂર્ણ પ્રક્રિયા 30 મેથી 23 ડિસેમ્બર સુધી ચાલશે. આ દરમિયાન 36.73 કરોડ મતદારોનું વેરિફિકેશન થઈ રહ્યું છે. જે રાજ્યોમાં SIR યોજાશે, તેમાં પંજાબ, ઉત્તરાખંડ અને મણિપુરમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. અન્ય 13 રાજ્યોમાં 2028 અને 2029માં ચૂંટણી યોજાશે.

### PM મોદી લેશે મંત્રીઓનો 'ક્લાસ'

## પરફોર્મન્સ ખરાબ નીકળ્યું અને 'રેડ ઝોન'માં આવ્યા તો ખુરશી જોખમમાં, રિપોર્ટ કાર્ડ નક્કી કરશે કેબિનેટમાં કોણ રહેશે ને કોણ જશે

નવી દિલ્હી, તા.23

મોદી સરકારના મંત્રીઓની આજથી બે દિવસની ચિંતન શિબિર શરૂ થઈ ગઈ છે. આ શિબિર 24 સપ્ટેમ્બર સુધી ચાલશે. તેમાં પીએમ મોદી કેબિનેટ મંત્રીઓના બે દિવસના વર્ગો લેશે. પહેલા દિવસે દરેક મંત્રી પ્રેઝન્ટેશન આપશે. બીજા દિવસે સમીક્ષા કરવામાં આવશે. તેની થીમ 'વિકસિત ભારત 2047' છે.

સમીક્ષામાં ગ્રેડિંગ આપવામાં આવશે- એક્સેલેન્ટ, ગુડ, એવરેજ, પુઅર. એક્સેલેન્ટથી



લઈને ગુડ સુધીના મંત્રીઓ ગ્રીન ઝોનમાં રહેશે. એવરેજ અને તેનાથી નીચેના મંત્રીઓ રેડ ઝોનમાં આવી જશે. એટલે કે તેમને સંકેત મળી જશે કે કેબિનેટ વિસ્તરણમાં તેમની ખુરશી જોખમમાં છે. આ રિપોર્ટ કાર્ડ કેબિનેટ વિસ્તરણમાં ફેરફારનો આધાર બનશે.

પીએમ મોદી સપ્ટેમ્બર 2021માં પણ કેન્દ્રીય મંત્રિપરિષદની આવી જ બેઠક લઈ ચૂક્યા છે. તેમાં મંત્રીઓની કામગીરી, કાર્યક્ષમતા, સમય અને સંસાધનોના વધુ સારા ઉપયોગ, યોજનાઓની દેખરેખ અને શાસન સુધારા પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ નવેમ્બર 2021માં 77 મંત્રીઓને આઠ જૂથોમાં વહેંચીને અલગ-અલગ વહીવટી વિષયો પર કામ આગળ વધારવાની કવાયત પણ કરવામાં આવી હતી.

જેન ઝી: જેન ઝી સાથે સુમેળ સાધવા માટે અત્યાર સુધી મંત્રીએ શું કર્યું છે? સુમેળનું ફોર્મેટ શું છે? તેમના વિસ્તારમાં જેન ઝીના મુખ્ય મુદ્દાઓ શું છે? જેન ઝી સાથે કેટલી બેઠકો અને ચર્ચાઓ કરી છે? જેન ઝીનો ભાજપ પ્રત્યેનો વલણ શું છે?

યુજીસી: યુજીસીના મુદ્દાને લઈને જેન ઝી શું વિચારે છે? તમારા વિસ્તારમાં આ મુદ્દો કેટલો અસરકારક રહ્યો છે? મંત્રીએ એ પણ જણાવવું પડશે કે આ મુદ્દાને લઈને તેમની યોજના શું છે?

### મેઘાલયમાં UDPના 8 ધારાસભ્યો ભાજપમાં જોડાયા: ભાજપના ધારાસભ્યો 2થી વધીને 10 થયા, રાજ્યમાં બીજી સૌથી મોટી પાર્ટી બની

શિલોંગ, તા.23

મેઘાલયની યુનાઇટેડ ડેમોક્રેટિક પાર્ટી (UDP)ના 8 ધારાસભ્યો બુધવારે નવી દિલ્હીમાં ભાજપમાં જોડાઈ ગયા. પાર્ટીના મુખ્યાલયમાં કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ સહિત પાર્ટીના અન્ય નેતાઓની હાજરીમાં તેમણે પાર્ટીનું સભ્યપદ સ્વીકાર્યું.

રાજ્યમાં અગાઉ ભાજપના 2 ધારાસભ્યો હતા. UDPના 8 ધારાસભ્યો ભાજપમાં જોડાયા બાદ પાર્ટીના ધારાસભ્યોની સંખ્યા વધીને 10 થઈ ગઈ છે. આ સાથે જ ભાજપ વિધાનસભામાં નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) પછી બીજી સૌથી મોટી પાર્ટી બની ગઈ છે.

રાજ્યમાં મેઘાલય ડેમોક્રેટિક અલાયન્સ (MDA)ની સરકાર છે. તેમાં NPP, UDP અને ભાજપ ત્રણેય પાર્ટીઓ સામેલ છે. બીજી તરફ, UDPના ધારાસભ્યોની સંખ્યા 12થી ઘટીને 4 રહી ગઈ છે.

ભાજપમાં સામેલ થનારા



ધારાસભ્યોમાં લહકમન રિંબુઈ, પિયસ મારવીન, કિર્મેન શૈલા, માયરેલબાર્ન સિયેમ, મેથ્યુ કુર્બાહ, ઓલાન સિંહ સુઈન, બાલાજીએડ કુફર સિનરેમ અને સિનશર કુફર રોયનો સમાવેશ થાય છે.

કિરેને રિજિજુએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તર-પૂર્વ અને મેઘાલયમાં થઈ રહેલી પ્રગતિને જોતા તેમણે પાર્ટીમાં સામેલ થવાનો નિર્ણય લીધો છે. UDPના પૂર્વ ધારાસભ્ય જેમિનો માવથોહ 12 સપ્ટેમ્બરે ભાજપમાં જોડાઈ ગયા હતા. ત્યારથી એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે વધુ 8 ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે.

UDPના અધ્યક્ષ મેહતબા લિંગદોહે કહ્યું હતું કે પાર્ટીના ધારાસભ્યો એકતાબદ્ધ છે. 11 સપ્ટેમ્બરે શિલોંગમાં UDPની સેન્ટ્રલ એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક યોજાઈ હતી. તેમાં પાર્ટીના 6 ધારાસભ્યો હાજર રહ્યા ન હતા.

### ભાજપે તમામ રાજ્યોમાં નવા પ્રભારીઓની જાહેરાત કરી: સંગઠનમાં ફેરફારથી સ્મૃતિ ઈરાની, રામ માધવ અને હરીશ દ્વિવેદી સહિત 6 નેતાઓનું કદ વધ્યું

નવી દિલ્હી, તા.23

ભાજપે બુધવારે તમામ રાજ્યોમાં પોતાના નવા પ્રભારીઓ અને સહપ્રભારીઓની જાહેરાત કરી. પાર્ટીના અધ્યક્ષ નીતિન નબીન તરફથી જાહેર કરાયેલી યાદી મુજબ, સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી બનાવવામાં આવ્યા છે. રામ માધવને તમિલનાડુ અને ઉત્તરાખંડની જવાબદારી સોંપવામાં આવી છે. આ યાદીમાં ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાતના પ્રભારીઓનાં નામ પણ સામેલ છે. આ ત્રણેય રાજ્યોના પ્રભારીઓની નિમણૂક 18 ઓગસ્ટે જ કરવામાં આવી હતી. બિહારની ચૂંટણીમાં પાર્ટીને જીત અપાવનાર વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશના પ્રભારી બનાવવામાં આવ્યા છે.

પંજાબની જવાબદારી સતીશ પૂનિયાને સોંપવામાં આવી છે. ગુજરાતની જવાબદારી તરુણ ચૂગને આપવામાં આવી છે. 18 ઓગસ્ટે પાર્ટીએ જણાવ્યું હતું કે બાકીના રાજ્યોના પ્રભારીઓ અને સહપ્રભારીઓની નિમણૂક બાદમાં કરવામાં આવશે.

ભાજપ સંગઠનમાં સ્થાન મળ્યા બાદ હવે સ્મૃતિ ઈરાની, હરીશ દ્વિવેદી, રામ માધવ અને અનિલ એન્ટની સહિત છ એવા પ્રમુખ નામો સામેલ થયા છે, જેમને



પાર્ટીએ અલગ-અલગ રાજ્યોનો પ્રભાર સોંપ્યો છે. એટલું જ નહીં, રામ માધવ અને સતીશ પૂનિયાને ચૂંટણીવાળા રાજ્યોની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી બનાવવામાં આવ્યા છે, જ્યારે હરીશ દ્વિવેદીને બિહાર અને કર્ણાટકની જવાબદારી સોંપવામાં આવી છે. સતીશ પૂનિયાને પંજાબ ઉપરાંત જમ્મુ-કાશ્મીરના પ્રભારી બનાવવામાં આવ્યા છે. રામ માધવને તમિલનાડુ ઉપરાંત ઉત્તરાખંડની જવાબદારી સોંપવામાં આવી છે.

બીજી તરફ, સુનીલ બંસલને બંગાળ ઉપરાંત તેલંગાણાના પ્રભારી તરીકે અગાઉની જેમ જ યથાવત રાખવામાં આવ્યા છે. અનિલ એન્ટનીને નાગાલેન્ડના પ્રભારી અને ગોવાના સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. પંજાબ, ઉત્તરાખંડ અને ગોવામાં આવતા વર્ષની શરૂઆતમાં જ વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જેને ચૂંટણીની વ્યૂહરચનાના દૃષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશના બસ્તીથી આવતા પૂર્વ સાંસદ હરીશ દ્વિવેદી ભાજપના સૌથી વિશ્વસનીય સંગઠનાત્મક ચહેરાઓમાંના એક બનીને ઉભર્યા છે. દ્વિવેદી અગાઉ રાષ્ટ્રીય સચિવ તરીકે બિહાર જેવા મહત્વપૂર્ણ રાજ્યના પ્રભારી રહી ચૂક્યા છે. હવે ભાજપે તેમને બિહાર ઉપરાંત કર્ણાટકના પ્રભારી બનાવ્યા છે.

તેમને ઉત્તર પ્રદેશમાં ભાજપના મોટા બ્રાહ્મણ ચહેરા તરીકે માનવામાં આવે છે અને તેઓ બસ્તીથી બે વખત સાંસદ રહી ચૂક્યા છે. ચૂંટણી વ્યવસ્થાપન, બૂથ સ્તરના કાર્યકર્તાઓ પર પકડ અને સંગઠનાત્મક શિસ્તને કારણે કેન્દ્રીય નેતૃત્વે તેમનું કદ વધારીને મોટા રાજ્યોમાં ચૂંટણી વ્યવસ્થાપનની મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે.




# PMJVK પ્રોજેક્ટના PI પદેથી નીરજા ગુપ્તાનું રાજીનામું

## ₹16.53 કરોડથી વધુની ગ્રાન્ટમાંથી ₹14.59 કરોડ યુનિવર્સિટીમાં પરત કરાયા, રજિસ્ટ્રારના રાજીનામાની NSUIની માગ, 24મીએ ગુજરાત યુનિવર્સિટી બંધનું એલાન

**અમદાવાદ, તા.23**

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સાથે જોડાયેલા વિવિધ પ્રોજેક્ટ અને નાણાકીય વ્યવહારોને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે હવે તેમણે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) પ્રોજેક્ટના પ્રિન્સિપલ ઈન્વેસ્ટિગેટર (PI) પદેથી રાજીનામું આપ્યું છે. આ પ્રોજેક્ટ માટે મળેલી 16.53 કરોડથી વધુની ગ્રાન્ટમાંથી 14.59 કરોડથી વધુની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે ગુજરાત યુનિવર્સિટીને પરત કરવામાં આવી હોવાનું યુનિવર્સિટી તરફથી જણાવાયું છે. આ સમગ્ર મામલે NSUI દ્વારા રજિસ્ટ્રાર પિયુષ પટેલના રાજીનામાની માગ કરવામાં આવી છે અને સંગઠને 24 સપ્ટેમ્બરે ગુજરાત યુનિવર્સિટી બંધનું એલાન પણ આપ્યું છે.

મળતી વિગતો મુજબ PMJVK પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલી ગ્રાન્ટની રકમ માટે નીરજા ગુપ્તા પ્રિન્સિપલ ઈન્વેસ્ટિગેટર તરીકે કાર્યરત હતા. આ માટે તેમના નામે ખાતું ખોલવામાં આવ્યું હોવાના મુદ્દે પણ અગાઉથી સવાલો ઉઠ્યા હતા. કુલપતિ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પણ તેમણે આ પ્રોજેક્ટના PI પદેથી તાત્કાલિક રાજીનામું આપ્યું ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલો વિવાદમાં આવ્યા બાદ તેમણે રજિસ્ટ્રારને ઈ-મેઈલ મારફતે PMJVKના PI પદેથી રાજીનામું મોકલ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડૉ. જગદીશ જોશીના જણાવ્યા અનુસાર PMJVK યુનિવર્સિટી માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ માટે અંદાજે 40 કરોડની મંજૂરી મળી છે અને પ્રથમ હપ્તા તરીકે 16 કરોડથી વધુની રકમ પ્રાપ્ત થઈ હતી. નીરજા ગુપ્તાએ 11 ઓગસ્ટે PI પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ 14,59,19,772ની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે યુનિવર્સિટીને પરત કરવામાં આવી હતી. આ રકમ 10 સપ્ટેમ્બરે નવા પ્રોજેક્ટ ખાતામાં જમા કરવામાં આવી હોવાનું પણ જણાવાયું છે.

આ મામલે પ્રોજેક્ટ હેઠળ થયેલા અંદાજે 2 કરોડના ખર્ચ અંગે પણ હિસાબ રજૂ કરવાનો મુદ્દો સામે આવ્યો છે. યુનિવર્સિટી તંત્ર દ્વારા સંબંધિત અધિકારીઓને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફતે ઓડિટેડ સ્ટેટમેન્ટ તૈયાર કરાવવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. 31 માર્ચે નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ પણ સંબંધિત હિસાબ રજૂ ન કરાયા હોવાના મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે.

દરમિયાન નીરજા ગુપ્તા હજુ બે અન્ય પ્રોજેક્ટમાં PI તરીકે કાર્યરત હોવાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે. જેમાં IDSR Brain Mapping Lab અને Bahuratna Vasundhara પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ બંને પ્રોજેક્ટમાં રજિસ્ટ્રાર પિયુષ પટેલ કો-PI તરીકે જોડાયેલા હોવાનું જણાવાયું છે. Brain Mapping Lab પ્રોજેક્ટમાં નીરજા ગુપ્તાને 24.98 લાખ અને પિયુષ પટેલને 3.20 લાખ મળ્યા હોવાની વિગતો સામે આવી છે. આ પ્રોજેક્ટોમાં PIની નિમણૂક સહિતની પ્રક્રિયા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

બીજી તરફ રજિસ્ટ્રાર પિયુષ પટેલની ભૂમિકા અંગે પણ NSUI સહિત કેટલાક પક્ષો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીના કેટલાક કામોમાં સિન્ડિકેટના સભ્યોને જાણ કર્યા વિના કરોડો રૂપિયાના કામોને મંજૂરી આપવામાં આવી હોવાના આક્ષેપો સાથે NSUIએ રજિસ્ટ્રારના રાજીનામાની




માગ કરી છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

આ મુદ્દે NSUIના કાર્યકરો દ્વારા ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ દરમિયાન રજિસ્ટ્રારની ખુરશીને નકલી ચલણી નોટોના હારથી શણગારવામાં આવી હતી. કચેરીનો દરવાજો બંધ હોવાના કારણે તેને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઘટનાના પગલે યુનિવર્સિટી પરિસરમાં રાજકીય ગરમાવો વધ્યો છે.

નીરજા ગુપ્તાના કુલપતિ તરીકેના કાર્યકાળ દરમિયાન વિવિધ પ્રોજેક્ટ, ગ્રાન્ટ અને નિમણૂકોને લઈને થયેલા આક્ષેપોની તપાસ હાલમાં નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા કરવામાં આવી રહી છે. સમિતિ દ્વારા તેમના કાર્યકાળ દરમિયાન લેવાયેલા નિર્ણયો, વિવિધ પ્રોજેક્ટની ગ્રાન્ટના હિસાબો, કથિત ગેરરીતિઓ અને નિમણૂકો સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે.

સામાન્ય રીતે કુલપતિનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ સંબંધિત વ્યક્તિએ યુનિવર્સિટી સાથે સંકળાયેલા વિવિધ પદો પરથી રાજીનામું આપવાની પ્રક્રિયા કરવી પડે છે. જોકે, નીરજા ગુપ્તાના કિસ્સામાં ત્રણ પ્રોજેક્ટમાં PI તરીકેની ભૂમિકા ચાલુ રહી હોવાનો મુદ્દો સામે આવ્યો છે. હવે PMJVK પ્રોજેક્ટમાંથી તેમનું રાજીનામું આવી ગયું છે, જ્યારે અન્ય બે પ્રોજેક્ટમાં તેમની ભૂમિકા અંગે પણ સ્પષ્ટતા થવાની બાકી છે.

સમગ્ર મામલે યુનિવર્સિટી તંત્ર દ્વારા નાણાકીય હિસાબો અને પ્રોજેક્ટ સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી તપાસ સમિતિનો અહેવાલ આવ્યા બાદ જ કથિત નાણાકીય ગેરરીતિઓ અને વહીવટી નિર્ણયો અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે. બીજી તરફ NSUIએ આ મુદ્દે આંદોલન વધુ ઉગ્ર બનાવવાની જાહેરાત કરી છે અને 24 સપ્ટેમ્બરે ગુજરાત યુનિવર્સિટી બંધનું એલાન આપ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડૉ. જગદીશ જોશીના જણાવ્યા અનુસાર PMJVK યુનિવર્સિટી માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ માટે અંદાજે 40 કરોડની મંજૂરી મળી છે અને પ્રથમ હપ્તા તરીકે 16 કરોડથી વધુની રકમ પ્રાપ્ત થઈ હતી. નીરજા ગુપ્તાએ 11 ઓગસ્ટે PI પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ 14,59,19,772ની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે યુનિવર્સિટીને પરત કરવામાં આવી હતી. આ રકમ 10 સપ્ટેમ્બરે નવા પ્રોજેક્ટ ખાતામાં જમા કરવામાં આવી હોવાનું પણ જણાવાયું છે. આ મામલે પ્રોજેક્ટ હેઠળ થયેલા અંદાજે 2 કરોડના ખર્ચ અંગે પણ હિસાબ રજૂ કરવાનો મુદ્દો સામે આવ્યો છે. યુનિવર્સિટી તંત્ર દ્વારા સંબંધિત અધિકારીઓને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફતે ઓડિટેડ સ્ટેટમેન્ટ તૈયાર કરાવવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. 31 માર્ચે નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ પણ સંબંધિત હિસાબ રજૂ ન કરાયા હોવાના મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે.

દરમિયાન નીરજા ગુપ્તા હજુ બે અન્ય પ્રોજેક્ટમાં PI તરીકે કાર્યરત હોવાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે. જેમાં IDSR Brain Mapping Lab અને Bahuratna Vasundhara પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ બંને પ્રોજેક્ટમાં રજિસ્ટ્રાર પિયુષ પટેલ કો-PI તરીકે જોડાયેલા હોવાનું જણાવાયું છે. Brain Mapping Lab પ્રોજેક્ટમાં નીરજા ગુપ્તાને 24.98 લાખ અને પિયુષ પટેલને 3.20 લાખ મળ્યા હોવાની વિગતો સામે આવી છે. આ પ્રોજેક્ટોમાં PIની નિમણૂક સહિતની પ્રક્રિયા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

બીજી તરફ રજિસ્ટ્રાર પિયુષ પટેલની ભૂમિકા અંગે પણ NSUI સહિત કેટલાક પક્ષો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીના કેટલાક કામોમાં સિન્ડિકેટના સભ્યોને જાણ કર્યા વિના કરોડો રૂપિયાના કામોને મંજૂરી આપવામાં આવી હોવાના આક્ષેપો સાથે NSUIએ રજિસ્ટ્રારના રાજીનામાની માગ કરી છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકત સ્પષ્ટ થશે. આ મુદ્દે NSUIના કાર્યકરો દ્વારા ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ દરમિયાન રજિસ્ટ્રારની ખુરશીને નકલી ચલણી નોટોના હારથી શણગારવામાં આવી હતી. કચેરીનો દરવાજો બંધ હોવાના કારણે તેને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# વરસાદ બંધ થયા બાદ પણ ભુવા પડવાનું યથાવત્, માણેકબાગ રોડ પર ફરી ભુવો પડતાં 2 કાર ફસાઈ

**અમદાવાદ, તા.23**

અમદાવાદમાં વરસાદનો જોર ઘટી ગયો છે અને વરસાદી માહોલ લગભગ શાંત થયો છે, છતાં શહેરના રસ્તાઓ પર ભુવા પડવાની ઘટનાઓ અટકવાનું નામ લઈ રહી નથી. શહેરના માણેકબાગ રોડ પર ફરી એકવાર મોટો ભુવો પડતાં સવારે પસાર થઈ રહેલી બે કાર તેમાં ખાબકી હતી. અચાનક રોડ બેસી જતાં બંને વાહનો ભુવામાં ફસાઈ ગયા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો અને અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને મહેનત કરીને બંને કારને ભુવામાંથી બહાર કાઢવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ માણેકબાગ રોડ પર રસ્તાની વચ્ચે અચાનક ભુવો પડ્યો હતો. રસ્તા પરથી સતત વાહનોની અવરજવર રહેતી હોવાથી આ ભુવો વાહનચાલકો માટે ગંભીર જોખમ બની ગયો હતો. સવારે બે અલગ-અલગ કાર ભુવામાં ફસાઈ જતાં ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે વાહનોમાં સવાર લોકોને ગંભીર ઈજા થઈ હોવાની માહિતી સામે આવી નથી, પરંતુ રોડની વચ્ચે પડેલા ભુવાના કારણે અન્ય વાહનો પણ તેમાં ખાબકે તેવી શક્યતા ઊભી થઈ હતી. બે કાર ભુવામાં ફસાઈ



હોવાની જાણ થતાં આસપાસના સ્થાનિકો અને ત્યાંથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલકો મદદ માટે આગળ આવ્યા હતા. લોકોએ એકત્ર થઈ બંને કારને બહાર કાઢવા માટે પ્રયાસો કર્યા હતા. લાંબી મહેનત બાદ બંને વાહનોને ભુવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાને કારણે થોડા સમય માટે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ભુવો પડ્યા બાદ શરૂઆતના તબક્કામાં તેની આસપાસ કોર્પોરેશન તરફથી કોઈ સુરક્ષાત્મક બેરીકેડિંગ કરવામાં આવ્યું ન હોવાનું પણ સામે આવ્યું છે. રોડ પર અચાનક પડેલા ભુવાને કારણે ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકોને તેનો અંદાજ ન આવે તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ હતી. આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિકોએ પોતાની રીતે આગળ આવીને ભુવાની આસપાસ ટેમ્પરરી બેરીકેડિંગ કર્યું હતું. સ્થાનિકોએ અન્ય વાહનચાલકોને ચેતવણી આપી તેમને ભુવાથી દૂર રહેવા સૂચના આપી હતી.

માણેકબાગ રોડ પર ભુવો પડવાની આ પહેલી ઘટના નથી. અગાઉ પણ માણેકબાગ ચાર રસ્તા નજીક રોડ પર ભુવો પડવાની ઘટના સામે આવી હતી. તે સમયે પણ રસ્તાની સ્થિતિને લઈને વાહનચાલકોમાં ચિંતા જોવા મળી હતી. અગાઉની ઘટનાની જાણ થતાં કોર્પોરેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ભુવાની આસપાસ તાત્કાલિક બેરીકેડિંગ કરીને વાહનચાલકો માટે સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

મહત્વની બાબત એ છે કે અગાઉ માણેકબાગ વિસ્તારમાં રોડ પર ભુવો પડ્યો ત્યારે તેની આસપાસથી થોડા જ અંતરે ગટરનું ઢાંકણું પણ બેસી ગયેલું જોવા મળ્યું હતું. ભુવાથી આશરે 10 ફૂટના અંતરે ગટરનું ઢાંકણું બેસી જતાં સ્થાનિકોએ રોડની અંદરની સ્થિતિ અંગે સવાલો ઉઠાવ્યા હતા. હવે ફરી એ જ વિસ્તારમાં રોડ પર ભુવો પડતાં રસ્તાની ગુણવત્તા અને ભૂગર્ભ ગટર લાઈનની સ્થિતિ અંગે ચર્ચા શરૂ થઈ છે. એક જ વિસ્તારમાં વારંવાર રોડ બેસી જવાની અને ભુવા પડવાની ઘટનાઓ સામે આવતાં સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ તેજ ગતિએ, 2027માં સુરત અને વાપી વચ્ચે પહેલો સેક્શન શરૂ કરવાનો લક્ષ્યાંક

**અમદાવાદ, તા.23**

ભારતના પ્રથમ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન કોરિડોરનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. દેશના સૌથી મહત્વાકાંક્ષી રેલ પ્રોજેક્ટ પૈકીના એક એવા આ કોરિડોરના નિર્માણની કામગીરીને હવે વધુ વેગ મળ્યો છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રોજેક્ટની તાજેતરની સ્થિતિની સમીક્ષા દરમિયાન જણાવ્યું હતું કે સમગ્ર કોરિડોરનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે અને વર્ષ 2027 સુધીમાં સુરતથી વાપી વચ્ચેના પ્રથમ સેક્શન પર કોમર્શિયલ ટ્રેન સેવા શરૂ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટના પ્રથમ તબક્કા તરીકે સુરતથી બિલીમોરા વચ્ચેના સેક્શન પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ સેક્શનનું સિવિલ કન્સ્ટ્રક્શન કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની તૈયારી ચાલી રહી છે. સિવિલ કામ પૂર્ણ થયા બાદ ટ્રેક, સિગ્નલિંગ, ઈલેક્ટ્રિફિકેશન અને અન્ય જરૂરી સિસ્ટમનું પરીક્ષણ કરવામાં આવશે. જાહેર જનતા માટે સેવા શરૂ કરતાં પહેલાં હાઈ-સ્પીડ ટ્રેનોનું અનેક તબક્કામાં વ્યાપક ટ્રાયલ રન અને ટેસ્ટિંગ હાથ ધરાશે. ટ્રેનની સુરક્ષા, ઝડપ, બ્રેકિંગ સિસ્ટમ અને અન્ય તમામ ટેકનિકલ માપદંડોની ચકાસણી કર્યા બાદ જ નિયમિત સેવા શરૂ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવામાં આવનારી હાઈ-સ્પીડ ટ્રેનોના નિર્માણની કામગીરી પણ આગળ વધી રહી છે. ટ્રેનના કાર બોડી, બોગી, પ્રોપલ્શન સિસ્ટમ, વ્હીલ્સ અને પેન્ટોગ્રાફ સહિતના મુખ્ય ઘટકો નિર્ધારિત ટેકનિકલ માપદંડો મુજબ તૈયાર કરવામાં આવી રહ્યા છે. મુસાફરોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હોવાથી ટ્રેનની મજબૂતાઈ અને તેની વિવિધ પરિસ્થિતિમાં કામગીરીની ક્ષમતા ચકાસવા માટે અનેક પ્રકારના ટેસ્ટ હાથ ધરાઈ રહ્યા છે. હાલમાં ટ્રેનની બોડીનું વિશેષ 'સ્ક્વિઝ ટેસ્ટ' પણ કરવામાં આવી રહ્યું છે, જેના દ્વારા ટ્રેનની રચનાત્મક મજબૂતીની ચકાસણી કરવામાં આવે છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સૌથી મહત્વપૂર્ણ વિશેષતાઓમાંની એક બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સથી થાણે વચ્ચે દરિયાની નીચેથી પસાર થનારી આશરે 21 કિલોમીટર લાંબી ટનલ છે. આ ટનલ ભારતની હાઈ-સ્પીડ



રેલ વ્યવસ્થામાં એક મહત્વપૂર્ણ ઈજનેરી સિદ્ધિ બનવાની છે. ટનલના નિર્માણ માટે જરૂરી શાફ્ટ તૈયાર કરવામાં આવ્યા છે અને ટનલ બોરિંગ મશીનો એટલે કે TBM સ્થાપિત કરીને ખોદકામની કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. દરિયાની નીચેથી ટનલ બનાવવાનું કામ ટેકનિકલી પડકારજનક હોવાથી તેની કામગીરીમાં આધુનિક ટેકનોલોજી અને વિશેષ ઈજનેરી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેન કોરિડોરના વાયાડક્ટ એટલે કે એલિવેટેડ બ્રિજના નિર્માણની કામગીરી પણ મોટા પાયે ચાલી રહી છે. અનેક વિસ્તારોમાં વાયાડક્ટના મહત્વપૂર્ણ ભાગોનું કામ પૂર્ણતાની નજીક છે. નદીઓ પરના મોટા પુલો તેમજ વિવિધ સ્ટેશનોના માળખાકીય કામમાં પણ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. કોરિડોરના બાંધકામમાં મોટા પાયે પ્રીકાસ્ટ અને આધુનિક ઈજનેરી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે કામની ઝડપ વધારવામાં મદદ મળી રહી છે.

અમદાવાદ-મુંબઈ હાઈ-સ્પીડ રેલ કોરિડોરની કુલ લંબાઈ આશરે 508 કિલોમીટર છે. તેમાં ગુજરાતમાં આશરે 348 કિલોમીટર, મહારાષ્ટ્રમાં 156 કિલોમીટર અને દાદરા અને નગર હવેલી વિસ્તારમાં આશરે 4 કિલોમીટરનો માર્ગ સામેલ છે. આ સમગ્ર કોરિડોર પર કુલ 12 સ્ટેશન બનાવવામાં આવી રહ્યા છે. મુંબઈના BKCથી શરૂ થઈને થાણે, વિરાર, બોઈસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સુધી આ હાઈ-સ્પીડ રેલ નેટવર્ક વિસ્તરશે.

બુલેટ ટ્રેનની ઓપરેશનલ ઝડપ 320 કિલોમીટર પ્રતિ કલાક સુધી રાખવામાં આવી છે. આ ઝડપને કારણે અમદાવાદ અને મુંબઈ વચ્ચેના મુસાફરીના સમયમાં મોટો ઘટાડો થવાની અપેક્ષા છે. મર્યાદિત સ્ટોપ સાથે અમદાવાદથી મુંબઈની મુસાફરી આશરે 2થી 2.15 કલાકમાં પૂર્ણ થઈ શકે તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવી રહી છે. હાલમાં આ બંને શહેરો વચ્ચે મુસાફરીમાં લાગતો સમય તેની સરખામણીએ નોંધપાત્ર રીતે વધારે છે. બુલેટ ટ્રેન શરૂ થયા બાદ પશ્ચિમ ભારતના બે મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્રો વચ્ચે ઝડપી અને સમયબદ્ધ પરિવહન વ્યવસ્થા ઊભી થશે.

આ પ્રોજેક્ટ માટે જાપાનની શિંકાનસેન ટેકનોલોજીનો સહયોગ લેવામાં આવી રહ્યો છે. ખાસ કરીને જાપાનની Shinkansen E5 સિરીઝ પર આધારિત ટેકનોલોજી અને સલામતીના ધોરણોને ધ્યાનમાં રાખીને ભારતમાં હાઈ-સ્પીડ રેલ નેટવર્ક વિકસાવવામાં આવી રહ્યું છે. હાઈ-સ્પીડ ટ્રેનના સંચાલન દરમિયાન મુસાફરોની સલામતી, ટ્રેનની સ્થિરતા, સિગ્નલિંગ અને ટ્રેકની ગુણવત્તા જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કડક પરીક્ષણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માત્ર ઝડપી પરિવહન સેવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા-નગર હવેલીના ઔદ્યોગિક તથા આર્થિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ ગણાય છે.

# અમદાવાદમાં પિતા-પુત્રનો ખેલ, RBI માં જમા કરાવવાની રૂ.2000 ની નોટોના 11.86 લાખ અંગત કામ માટે વાપરી નાખ્યા

**અમદાવાદ, તા.23**

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ખાતે બદલવા માટે મોકલવામાં આવેલી 2,000ની ચલણી નોટોના ઈન્સ્યોર્ડ પાર્સલમાં ગોટાળો સામે આવ્યો છે. અમદાવાદના શાહીબાગ નેશનલ સોર્ટિંગ હબમાંથી આશરે 11.86 લાખની કિંમતના ઈન્સ્યોર્ડ આર્ટિકલની સિસ્ટમમાં એન્ટ્રી કર્યા વિના તેને અંગત ઉપયોગ માટે રાખી લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ થયો છે. આ મામલે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પોસ્ટ વિભાગના નિવૃત્ત કર્મચારી અને તેના પુત્ર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોસ્ટ વિભાગની આંતરિક તપાસ દરમિયાન સમગ્ર ગોટાળો બહાર આવ્યા બાદ બંને પાસેથી મુદ્દલ રકમ ઉપરાંત વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ 13.12 લાખની રકમ વસૂલ કરવામાં આવી હતી. જોકે, સરકારી નાણાં અને હોદ્દાનો દુરુપયોગ કરવાના આક્ષેપને પગલે હવે બંને સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



શાહીબાગ નેશનલ સોર્ટિંગ હબમાં મેનેજર તરીકે ફરજ બજાવતા દર્શન તપસ્વીએ આ સમગ્ર મામલે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ઓક્ટોબર 2023માં આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ પોસ્ટ દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્ર બાદ નાગરિકો પાસે રહેલી 2,000ની નોટો RBIમાં જમા કરાવવા માટે પોસ્ટ મારફતે ઈન્સ્યોર્ડ આર્ટિકલ મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાંથી નાગરિકો દ્વારા આવી નોટો પોસ્ટ મારફતે RBI ખાતે મોકલવામાં આવતી હતી અને આ તમામ ઈન્સ્યોર્ડ આર્ટિકલ આગળની સોર્ટિંગ પ્રક્રિયા માટે અમદાવાદના શાહીબાગ નેશનલ સોર્ટિંગ હબ ખાતે આવતા હતા.

આ સમયગાળા દરમિયાન નટવરલાલ પંડ્યા શાહીબાગ હબમાં મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ એટલે કે MTS તરીકે ફરજ બજાવતા હતા. ત્યારબાદ તેઓ નિવૃત્ત થયા હતા. બીજી તરફ તેમનો પુત્ર યશ પંડ્યા ગ્રામીણ ડાક સેવક તરીકે ફરજ બજાવતો હતો. પોસ્ટ વિભાગમાં આવતા ઈન્સ્યોર્ડ આર્ટિકલની યોગ્ય એન્ટ્રી અને આગળ મોકલવાની પ્રક્રિયા અત્યંત મહત્વપૂર્ણ હોવા છતાં કેટલાક આર્ટિકલ RBI સુધી પહોંચ્યા ન હોવાની ફરિયાદો સામે આવવા લાગી હતી. ગ્રાહકો તરફથી મળેલી ફરિયાદોના આધારે પોસ્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન આ મામલે ગયું હતું. ફરિયાદોની સંખ્યા વધતાં ચીફ પોસ્ટ માસ્ટર જનરલ દ્વારા સમગ્ર મામલાની તપાસ કરવા માટે વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી હતી. તપાસ ટીમે શાહીબાગ નેશનલ સોર્ટિંગ હબમાં આવેલા ઈન્સ્યોર્ડ આર્ટિકલના રેકોર્ડ, સિસ્ટમ એન્ટ્રી અને આગળ મોકલવાની પ્રક્રિયાની તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અનેક ગંભીર ખામીઓ સામે આવી હતી. તપાસમાં આશરે 116 ઈન્સ્યોર્ડ આર્ટિકલની સિસ્ટમમાં કોઈ એન્ટ્રી કરવામાં આવી ન હોવાનું બહાર આવ્યું હતું. આ આર્ટિકલમાં રહેલી 2,000ની નોટોની કુલ કિંમત આશરે 11.86 લાખ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. ઈન્સ્યોર્ડ આર્ટિકલની સિસ્ટમમાં એન્ટ્રી ન થવી અને તે RBI સુધી ન પહોંચવાના કારણે પોસ્ટ વિભાગમાં પણ ચકચાર મચી હતી. સામાન્ય રીતે ઈન્સ્યોર્ડ આર્ટિકલની દરેક હિલચાલનો રેકોર્ડ સિસ્ટમમાં રહેતો હોય છે, જેથી પાર્સલ કયા તબક્કે છે અને કોના હસ્તક છે તેની માહિતી મેળવી શકાય. પરંતુ આ કિસ્સામાં 116 જેટલા આર્ટિકલની કોઈ સિસ્ટમ એન્ટ્રી જ ન હોવાનું સામે આવતા સમગ્ર પ્રક્રિયા સામે સવાલો ઊભા થયા હતા. પોસ્ટ વિભાગની તપાસ સમિતિ દ્વારા સમગ્ર મામલે તપાસ આગળ ધપાવવામાં આવતા નટવરલાલ પંડ્યા અને તેમના પુત્ર યશ પંડ્યાની ભૂમિકા પણ તપાસના દાયરામાં આવી હતી. તપાસ દરમિયાન બંને સામે વિભાગીય કાર્યવાહીનું દબાણ વધ્યું હતું. આ દરમિયાન સરકારી રકમની ઉચાપત થયેલી હોવાનું બહાર આવતા પિતા-પુત્ર દ્વારા ચેક મારફતે રકમ પરત કરવામાં આવી હતી. પોસ્ટ વિભાગને મુદ્દલ 11.86 લાખ ઉપરાંત વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ 13.12 લાખની રકમ પરત કરવામાં આવી હતી. આમ, વિભાગે નાણાકીય નુકસાનની રકમ વસૂલ કરી લીધી હોવા છતાં માત્ર સરકારી નાણાં પરત કરી દેવામાં આવ્યા હોવાથી સમગ્ર મામલો પૂર્ણ થયો નથી.

# ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ સાથે રજિસ્ટ્રારની મિલી ભગતનો આક્ષેપ, NSUIના કાર્યકરોએ લાત મારી દરવાજો તોડ્યો

**અમદાવાદ, તા.23**

ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા અને રજિસ્ટ્રાર પિયુષ પટેલની મિલીભગતમાં આચરવામાં આવેલા કરોડો રૂપિયાના કથિત કૌભાંડને પગલે ભારે વિવાદ સર્જાયો છે. સિન્ડિકેટ સભ્યોની જાણ બહાર કરોડોના કામો અને ખોટા બિલો પાસ થવા મુદ્દે NSUI દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવી રજીસ્ટ્રારના રાજીનામાની માંગ કરવામાં આવી છે. આ ગેરરીતિઓના વિરોધમાં NSUIના કાર્યકર્તાઓએ રજીસ્ટ્રારને નકલી નોટોનો હાર પહેરાવવાનો પ્રયાસ કરી ધરણાની ચીમકી આપી છે, તથા જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ સાથે આવતીકાલે (24મી સપ્ટેમ્બર) ગુજરાત યુનિવર્સિટી બંધનું એલાન પણ આપ્યું છે.

NSUIના કાર્યકરોએ સૂત્રોચાર કરીને પહેલા ઈન્ચાર્જ કુલપતિ સામે દેખાવો કર્યો હતો. ત્યારબાદ રજિસ્ટર હાજર ન હોવાથી તેમની ઓફિસમાં ખુરશી પર રૂપિયાનો હાર પહેરાવવા માટે એક પછી એક દરવાજાને લાતો મારીને તોડ્યો હતો. આ પછી અંદર ઓફિસમાં જઈને રજિસ્ટરની ખુરશી પર



રૂપિયાનો હાર પહેરાવ્યો હતો.

NSUIના કાર્યકરોના આક્ષેપો છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં દિવસેને દિવસે કરોડોના કોભાંડ બહાર આવી રહ્યા છે, જેમાં પહેલા 40 કરોડનું પીએમ જૈવિકામાં કોભાંડ થયું અને ત્યારબાદ વિદેશથી લાવવામાં આવેલ લિપસ્ટિક તથા પરફ્યુમના બિલ યુનિવર્સિટીમાં મૂકવામાં આવ્યા હતા. આ ઉપરાંત આઈડીએસઆરમાં પોતે પ્રિન્સિપલ બનીને 28 લાખ રૂપિયાનો પગાર તથા રજિસ્ટ્રારે 3 લાખ રૂપિયાનો પગાર લીધો છે, આમ રજિસ્ટ્રાર અને વીસીની જોડીએ ગુજરાત યુનિવર્સિટીમાં કરોડ રૂપિયાથી વધુનું કોભાંડ કર્યું છે. આથી નીરજા ગુપ્તાને તાત્કાલિક જેલના સળિયા પાછળ ધકેલવી જોઈએ, કારણ કે આજે તેણે 14 કરોડ રૂપિયા જમા કરાવ્યા છે અને આવનારા દિવસોમાં બીજા પૈસા પણ જમા કરાવવા પડશે.

NSUIના કાર્યકરોની માંગ કરી છે કે, 'યુનિવર્સિટીના તમામ બિલોમાં રજિસ્ટ્રારની મુખ્ય સહી હોય છે, પરંતુ આજે અમે રજૂઆત કરવા આવ્યા ત્યારે રજિસ્ટ્રાર ગાયબ હતા, જેઓનો અમે નોટોનો હાર પહેરાવીને વિરોધ કરવાના હતા. નીરજા ગુપ્તાના કરોડો રૂપિયાના કોભાંડ વિશે વિદ્યાર્થીઓને ખબર પડે તે માટે અમે 24મી સપ્ટેમ્બરે ગુજરાત યુનિવર્સિટી બંધનું એલાન આપ્યું છે. નીરજા ગુપ્તા વાઈસ ચાન્સેલર હતા ત્યારથી અમે રજૂઆતો કરતા હતા, પરંતુ ઈન્ચાર્જ કુલપતિ આવ્યા ત્યારે અમે તમામ બિલો અને પુરાવાઓ સાથે આ કોભાંડ સામે લાવ્યા છીએ અને આવનારા દિવસોમાં નિવૃત્ત જજની કમિટી સમક્ષ પણ તમામ બિલો રજૂ કરીશું.'

ઉલ્લેખનીય છે કે, NSUI દ્વારા રજિસ્ટાર પર કરવામાં આવેલા આક્ષેપો બાદ, જ્યારે રજિસ્ટ્રાર પિયુષ પટેલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તેણે ફોન કોલ તથા મેસેજમાં આ સમગ્ર મામલે કોઈ જવાબ આપ્યો ન હતો. આ ઉપરાંત તે ઓફિસમાં પણ હાજર ન હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# જિનપિંગ 11 વર્ષ બાદ અમેરિકા જશે: ટ્રમ્પ એરપોર્ટ પર સ્વાગત કરવા જશે, વ્હાઇટ હાઉસમાં રાજકીય ડિનર યોજાશે

વોશિંગ્ટન, તા.23

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આજે અમેરિકા જવા રવાના થશે. તેમની આ યાત્રા 11 વર્ષ બાદ થઈ રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ જૉઈન્ટ બેઝ એન્ડ્રુયૂઝ એરપોર્ટ પર ખુદ તેમનું સ્વાગત કરવા જશે. કોઈ વિદેશી નેતાના સ્વાગત માટે અમેરિકાના રાષ્ટ્રપતિનું સીધા એરપોર્ટ જવું સામાન્ય નથી. આ પહેલાં ઑગસ્ટ 2025માં ટ્રમ્પે અલાસ્કામાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિનનું એરફિલ્ડ પર સ્વાગત કર્યું હતું. આ પછી વ્હાઇટ હાઉસમાં શી જિનપિંગ અને તેમની પત્ની પેંગ લિયુઆનના સન્માનમાં રાજકીય ભોજન સમારંભ યોજાશે.

આ પછી ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થશે. તેમાં વેપાર, ટેરિફ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), તાઇવાન અને રશિયા સાથે જોડાયેલા મુદ્દાઓ સામેલ થઈ શકે છે. અમેરિકા અને ચીન વચ્ચેનો સૌથી મોટો મુદ્દો વેપાર અને ટેરિફ છે. ગયા વર્ષે ટ્રમ્પના ટેરિફના જવાબમાં ચીને પણ અમેરિકન માલસામાન પર મોટા કર લગાવ્યા હતા. હવે બંને દેશો એકબીજાના માલસામાન પર લગાવવામાં આવેલા કર ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.



લગભગ 30-30 અબજ ડૉલરના માલસામાન પર ટેરિફ ઘટાડવા અને ઊર્જા તથા કૃષિ ઉત્પાદનો પરના કર ઓછા કરવા અંગે ચર્ચા ચાલી રહી છે.

બંને દેશો વચ્ચે ટેરિફ ઓછા રાખવા અંગેની વર્તમાન સમજૂતી 10 નવેમ્બરે સમાપ્ત થઈ રહી છે. આવી સ્થિતિમાં બંને દેશો આ સમજૂતીને આગળ વધારવા સાથે જ ટેરિફમાં વધુ ઘટાડાના માર્ગો શોધી રહ્યા છે. AI હવે અમેરિકા અને ચીન વચ્ચેની તકનીકી સ્પર્ધાનો મોટો મુદ્દો બની ગયો છે. બંને દેશો વચ્ચે વિવાદ એ વાતને લઈને છે કે AIની સૌથી શક્તિશાળી ટેકનોલોજી અને મોડલ કોની પાસે રહેશે અને તેનો ઉપયોગ કેટલો સુરક્ષિત હશે. અમેરિકાને ચિંતા છે કે તેની AI ટેકનોલોજી અને મોડલ ચીન સુધી પહોંચી શકે છે. તેથી અમેરિકાએ ચીનને AI ચિપ અને અન્ય જરૂરી ટેકનોલોજી પૂરી પાડવા પર અનેક પ્રકારનાં પ્રતિબંધો લગાવ્યા છે. અમેરિકા ચીનની AI કંપનીઓને લઈને પણ સુરક્ષા સંબંધિત ચિંતાઓ વ્યક્ત કરતું રહ્યું છે. બીજી તરફ, ચીન આ પ્રતિબંધોનો વિરોધ કરે છે. તેનું કહેવું છે કે અમેરિકા ટેક્નોલોજીના ઉપયોગ અને વેપારમાં અવરોધ ઊભો કરી રહ્યું છે.

ન્યૂયોર્કમાં થયેલી વાતચીતમાં બંને દેશોએ AI અંગે અલગથી વાતચીત શરૂ કરવા માટે સહમતી વ્યક્ત કરી છે. અમેરિકાએ એ પણ પ્રસ્તાવ મૂક્યો છે કે બંને દેશો AI સાથે જોડાયેલા એવા સુરક્ષા મામલાઓની માહિતી એકબીજાને આપે, જેનાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઊભો થઈ શકે છે.

ચીન તાઇવાનને પોતાનો હિસ્સો માને છે, જ્યારે અમેરિકા તાઇવાનની સુરક્ષામાં મદદ કરે છે. ચીન ઇચ્છે છે કે અમેરિકા તાઇવાનથી અંતર જાળવે અને તેને સૈન્ય મદદ ન આપે. એશિયાના દરિયાઈ માર્ગો અને સેમિકન્ડક્ટર ચિપ્સના પુરવઠાની દૃષ્ટિએ પણ તાઇવાન અત્યંત મહત્વપૂર્ણ છે.

આ જ કારણસર, શી માટે અમેરિકાનું સમર્થન ઘટાડવું અને ટ્રમ્પ માટે ચીન સાથે તણાવ વધાર્યા વિના તાઇવાન અંગે પોતાની નીતિ જાળવી રાખવી, આ વાતચીતનો મહત્વપૂર્ણ ભાગ બની શકે છે.

જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે બેઠકમાં તાઇવાન અંગે કોઈ મોટો નિર્ણય અથવા સમજૂતી થશે કે નહીં. અમેરિકાએ ટ્રમ્પને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા દેશો પર 100% સુધીનો ટેરિફ લાદવાનો અધિકાર આપ્યો છે. ભારત અને ચીન પણ તેની હદમાં આવી શકે છે.

ચીન રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ અને ગેસ ખરીદે છે. તે રશિયા સાથેના પોતાના વેપારમાં અમેરિકા જેવા ત્રીજા દેશોની દખલગીરીનો સતત વિરોધ કરતું રહ્યું છે. આવી સ્થિતિમાં રશિયા પાસેથી ઊર્જાની ખરીદીને લઈને અમેરિકાનું દબાણ ટ્રમ્પ અને શી વચ્ચેની વાતચીતમાં મોટો મુદ્દો બની શકે છે.

નિષ્ણાતોના મતે, શી જિનપિંગ અમેરિકા સાથેના સંબંધો બગડતા અટકાવવા માટે ટ્રમ્પ સાથે સીધી વાતચીત ચાલુ રાખવા માંગે છે. ગુરુવારની મુલાકાત એક વર્ષથી પણ ઓછા સમયમાં બંને નેતાઓની ત્રીજી મુલાકાત હશે. આ બેઠકોમાં અત્યાર સુધી કોઈ મોટો કરાર થયો નથી, પરંતુ બંને નેતાઓ વચ્ચે વાતચીત ચાલુ છે.

આ વર્ષે બંને નેતાઓ વધુ 2 પ્રસંગોએ મળી શકે છે. નવેમ્બરમાં ચીનના શેનઝેનમાં યોજાનારી APEC સમિટ અને ડિસેમ્બરમાં અમેરિકાના મિયામીમાં યોજાનારી G20 સમિટ દરમિયાન પણ બંનેની મુલાકાત થઈ શકે છે. APEC સમિટમાં ટ્રમ્પ, જિનપિંગ અને પુતિનની ત્રિપક્ષીય બેઠક પણ યોજાઈ શકે છે. અમેરિકા અને ચીન વચ્ચે તણાવ ઓછો થાય તો તેની અસર ભારત પર પણ પડી શકે છે. સૌથી મોટી અસર વેપાર અને સપ્લાય ચેન પર થશે. જો બંને દેશો ટેરિફ ઘટાડે છે તો ચીન-અમેરિકા વચ્ચે વેપાર વધી શકે છે અને દુનિયાભરની કંપનીઓ માટે સપ્લાય ચેનમાં ફેરફાર આવી શકે છે. રશિયા પાસેથી તેલ પણ મોટો મુદ્દો છે.

# UN સભામાં બોરિંગ ભાષણથી કંટાળ્યા સીરિયાના રાષ્ટ્રપતિ: તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગનની સ્પીચ વચ્ચે જ તેઓ ફોનમાં રીલ્સ સ્ક્રોલ કરવા લાગ્યા

વોશિંગ્ટન, તા.23



સિરિયાના રાષ્ટ્રપતિ અહમદ અલ-શરા સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં ભાષણ દરમિયાન ફોન ચલાવતા જોવા મળ્યા. વીડિયોમાં તેઓ ફોન પર ઇન્સ્ટાગ્રામ રીલ્સ સ્ક્રોલ કરતા અને તેને શેર કરતા નજરે પડ્યા.

આ દરમિયાન તુર્કીના રાષ્ટ્રપતિ રેચેપ તૈયપ એર્દોગાન ભાષણ આપી રહ્યા હતા. અલ-શરા ઇન્સ્ટાગ્રામ ચલાવતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

અલ-શરા આ વર્ષે બીજી વખત UN મહાસભામાં સામેલ થયા છે. 2025માં તેઓ આશરે 60 વર્ષ બાદ UNGAમાં વિશ્વના નેતાઓને સંબોધન કરનારા સિરિયાના પ્રથમ પ્રતિનિધિ બન્યા હતા.

અહમદ અલ-શરા જાન્યુઆરી 2025માં સિરિયાના વચગાળાના રાષ્ટ્રપતિ બન્યા હતા. તેમણે સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદ વિરુદ્ધ સૈન્ય બળવો કરીને તેમને સત્તા પરથી હટાવી દીધા હતા.

અલ-શરાનો વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે. એક યુઝરે X પર લખ્યું- “રાજકીય ભાષણો ક્યારેક કંટાળાજનક હોઈ શકે છે. સીરિયાના રાષ્ટ્રપતિ UN મહાસભાના 81મા સત્રમાં ઇન્સ્ટાગ્રામ સ્ક્રોલ કરતા જોવા મળ્યા.” બ્રિટનના પૂર્વ પીએમ બોરિસ જોનસન પણ 2016માં UNમાં ફોન ચલાવતા જોવા મળ્યા હતા. તે સમયે તેઓ બ્રિટનના વિદેશ મંત્રી હતા.

બોરિસ જ્યારે ફોન ચલાવી રહ્યા હતા, તે દરમિયાન તત્કાલીન બ્રિટિશ વડાપ્રધાન થેરેસા મે ભાષણ આપી રહ્યાં હતાં. યુએનની લાઇવ કવરેજમાં કેમેરો ઘણી વાર બ્રિટિશ પ્રતિનિધિમંડળ તરફ ગયો.

દરેક વખતે જોન્સન હાથમાં મોબાઇલ લઈને જોવા મળ્યા અને ક્યારેક જ ભાષણ તરફ જોતા નજરે પડ્યા. ધ ઇન્ડિપેન્ડન્ટ અનુસાર, જોન્સને ઘણો સમય ફોન પર મેસેજ મોકલવામાં વિતાવ્યો.

અહમદ અલ-શરાએ 2003માં મેડિકલનો અભ્યાસ છોડીને અલ-કાયદાના નેતાઓના સંપર્કમાં આવ્યા હતા. અમેરિકન સેનાએ તેમને 2005માં ધરપકડ કરીને જેલમાં મોકલી દીધા હતા. જેલમાંથી છૂટ્યા બાદ અલ-શરાએ અલ-કાયદાની સીરિયા શાખા જબહાત અલ-નુસરાની રચના કરી હતી.

અલકાયદા સાથે જોડાયેલા અલ-શરાને અમેરિકાએ 2013માં આતંકવાદીઓની યાદીમાં સામેલ કર્યો હતો. તેમના પર 10 મિલિયન ડોલર એટલે કે લગભગ 84 કરોડ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું.

2016માં તેઓ અલકાયદાથી અલગ થઈ ગયા અને હયાત તહરીર અલ-શામ (HTS)ની સ્થાપના કરી. ડિસેમ્બર 2024માં બશર અલ-અસદના પતન બાદ જુલાનીએ સત્તા સંભાળી. ત્યાર બાદ દુનિયાને તેમના અસલી નામની જાણ થઈ.

# મેક્રોં બોલ્યા- ગાઝાની સ્થિતિ દુનિયા માટે શરમજનક છે: લોકો પાણી-દવાઓ માટે ઝઝૂમી રહ્યા છે.....

ન્યૂયોર્ક, તા.23

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોંએ ગાઝામાં શાંતિને લઈને કરવામાં આવી રહેલા દાવાઓ પર સવાલ ઉઠાવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં પોતાના ભાષણમાં તેમણે કહ્યું કે ગાઝાની વર્તમાન સ્થિતિ સમગ્ર વિશ્વ માટે શરમજનક છે.

મેક્રોંએ કહ્યું કે ત્યાંના લોકો હજુ પણ પાણી, દવાઓ અને રાહત સામગ્રી માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેથી માત્ર શાંતિનો દાવો કરવાથી પરિસ્થિતિ બદલાતી નથી.

તેમની આ ટિપ્પણી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે દાવાના થોડા કલાકો બાદ આવી છે, જેમાં તેમણે કહ્યું હતું કે ગાઝાનું યુદ્ધ સમાપ્ત થઈ ગયું છે અને તેમની 20 મુદ્દાની શાંતિ યોજના સફળ રહી છે.

મેક્રોંએ કહ્યું કે આ જ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં અનેક દેશોએ પેલેસ્ટાઈનને માન્યતા આપી હતી. તે સમયે પણ કેટલાક લોકોએ કહ્યું હતું કે માત્ર માન્યતા આપવાથી જમીન પરની પરિસ્થિતિ બદલાશે નહીં.

તેમણે કહ્યું કે જો આજે પણ ગાઝાના લોકોની મુશ્કેલીઓ ઓછી થઈ નથી અને દુનિયા કંઈ કરી રહી નથી, તો પછી પેલેસ્ટાઈનને માન્યતા આપવાનો અર્થ શું રહી જાય છે?

મેક્રોંના નિવેદન બાદ વ્હાઇટ હાઉસે ટ્રમ્પનો બચાવ કર્યો. વ્હાઇટ હાઉસની પ્રવક્તા ઍના કેલીએ કહ્યું કે ટ્રમ્પે ઇઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ અટકાવવામાં મહત્વની



ભૂમિકા ભજવી હતી.

તેમણે કહ્યું કે તમામ જીવિત બંધકોને મુક્ત કરાવવામાં આવ્યા છે અને માર્યા ગયેલા બંધકોના મૃતદેહો પણ તેમના પરિવારો સુધી પહોંચાડવામાં આવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ હવે ગાઝામાં પોતાની 20 સૂત્રીય શાંતિ યોજનાને આગળ વધારવા માટે કામ કરી રહ્યા છે.

વ્હાઇટ હાઉસે કહ્યું કે ઘણા લોકો માત્ર નિવેદનો આપી રહ્યા છે, જ્યારે ટ્રમ્પ આ મુદ્દે કામ કરી રહ્યા છે.

મેક્રોંને પોતાના ભાષણમાં વેસ્ટ બેન્કમાં ફિલિસ્તીનીઓ વિરુદ્ધ વધતી હિંસાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ત્યાં લગભગ દરરોજ નવી ઘટનાઓ સામે આવી રહી છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે વેસ્ટ બેન્કની દરેક ઘટના માટે હમાસને જવાબદાર ઠેરવી શકાય નહીં.

મેક્રોંએ કહ્યું કે ઇઝરાયલના પાડોશી દેશોની સાર્વભૌમત્વ અને સરહદોનું સન્માન ન કરવાથી તેની સુરક્ષા મજબૂત નહીં થાય. તેમના મુજબ, આવી કાર્યવાહી ભવિષ્યમાં ઇઝરાયલની સુરક્ષાને જ નબળી પાડી શકે છે.

ફ્રાન્સે છેલ્લા એક વર્ષમાં વેસ્ટ બેંકમાં ઇઝરાયલની વસાહતોને લઈને પોતાનું વલણ કડક કર્યું છે. ફ્રાન્સે કેટલાક પ્રતિબંધો લાદ્યા છે અને ત્યાંની વસાહતોમાંથી આવતા સામાન પર પ્રતિબંધ મૂકવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે.

1967ના યુદ્ધમાં ઇઝરાયલે વેસ્ટ બેન્ક, પૂર્વી યરુશલેમ અને ગાઝા પટ્ટી પર કબજો કર્યો હતો. પેલેસ્ટિનિયનોની માગ છે કે આ ત્રણેય વિસ્તારો ભવિષ્યમાં તેમના દેશનો હિસ્સો હોવા જોઈએ.

ઇઝરાયલની વર્તમાન સરકાર પેલેસ્ટિનિયન દેશની રચનાનો વિરોધ કરે છે અને વેસ્ટ બેન્કના વધુમાં વધુ હિસ્સાને પોતાના દેશમાં ભેળવવા માગે છે.

વેસ્ટ બેંકમાં ઇઝરાયેલી વસાહતોને લઈને વિવાદ છે. યરુશલમ પર બંને પક્ષો દાવો કરે છે. ઇઝરાયલ સુરક્ષાની ચિંતાઓનો હવાલો આપે છે. પેલેસ્ટિનીઓ પોતાના અલગ દેશના અધિકાર માટે જમીનની માગ કરે છે.

# તુર્કીના રાષ્ટ્રપતિએ UNમાં ફરી કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો: 2019થી 7 વખત ઉલ્લેખ કરી ચૂક્યા, પેલેસ્ટાઇનનું નામ લીધું તો ઇઝરાયલી અધિકારી બહાર નીકળી ગયા

ન્યૂયોર્ક, તા.23

તુર્કીના રાષ્ટ્રપતિ રેચેપ તૈયિપ એર્દોગાને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે મંગળવારે કહ્યું કે કાશ્મીર મુદ્દાનો ઉકેલ વાતચીત દ્વારા આવવો જોઈએ.

એર્દોગાન 2019થી દર વર્ષે (2024 સિવાય) 7 વખત UNમાં કાશ્મીરનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. ભારત અગાઉ પણ આવી ટિપ્પણીઓને નકારી ચૂક્યું છે.

એર્દોગાને પેલેસ્ટાઈનના પક્ષમાં પણ ભાષણ આપ્યું. તેમણે ગાઝામાં ઇઝરાયલની કાર્યવાહી પર આકરી ટીકા કરી. આ દરમિયાન ઇઝરાયલના પ્રતિનિધિઓ UN મહાસભા હોલમાંથી બહાર નીકળી ગયા.

બ્રિટનના પ્રધાનમંત્રી એન્ડી બર્નહમે UNGAમાં રશિયા પર જૂઠ અને ભ્રામક માહિતી ફેલાવવાનો આરોપ લગાવતા આને સમાજ પર એક 'હુમલો' બતાવ્યો છે.

આનાથી નિપટવા માટે બ્રિટન સરકાર પોતાનું એક નવું 'ડિસઈન્ફોર્મેશન સેન્ટર' (ખોટી માહિતી રોકનારું કેન્દ્ર) બનાવવા જઈ રહી છે.

સંયુક્ત રાષ્ટ્ર (UN)માં પોતાના પહેલા ભાષણમાં તેમણે ચેતવણી આપી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના આવવાથી જૂઠને હથિયારની જેમ ઉપયોગ કરવાનો ખતરો વધુ વધી જશે.

તેમણે પ્રસ્તાવ મૂક્યો છે કે AI



અને ખોટી માહિતીના આ ખતરાથી બચવા માટે બ્રિટન આંતરરાષ્ટ્રીય સ્તરે દુનિયાની આગેવાની કરશે.

બર્નહમે એ પણ એલાન કર્યું કે વર્ષ 2027માં જ્યારે બ્રિટન G20 દેશોની અધ્યક્ષતા કરશે, ત્યારે AIના સુરક્ષિત ઉપયોગ માટે ગ્લોબલ નિયમો બનાવવામાં આવશે.

વેનેઝુએલાના કાર્યવાહક રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝના સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સામેલ થવા અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવાનો તેમના પોતાના જ દેશમાં કડક વિરોધ થઈ રહ્યો છે.

CNN મુજબ, રાજધાની કરાકસમાં રસ્તાઓ પર ઉતરેલા નાગરિકોનું કહેવું છે કે તેમને યુએનના મંચ પર જવા અને દેશનું પ્રતિનિધિત્વ કરવાનો કોઈ નૈતિક અધિકાર નથી, કારણ કે તેઓ તેમને એક કાયદેસર નેતા માનતા નથી.

જાન્યુઆરીમાં અમેરિકી સૈન્ય કાર્યવાહી હેઠળ નિકોલસ માદુરોને પકડવામાં આવ્યા પછી રોડ્રિગ્ઝએ સત્તા સંભાળી હતી. જોકે શરૂઆતમાં તેમણે માદુરોની ધરપકડનો વિરોધ કર્યો, પરંતુ પછીથી ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે મળીને દેશના મોટા તેલ ભંડાર સાથે જોડાયેલા કરાર કર્યા.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે અખાતી સહયોગ પરિષદ (જેમાં સંયુક્ત આરબ અમીરાત (UAE), કતર, બહરીન, કુવૈત અને ઓમાન સામેલ છે) ના નેતાઓ સાથે બહુપક્ષીય બેઠક કરી.

આ દરમિયાન જોર્ડનના રાજા અબ્દુલ્લા દ્વિતીય અને કતરના અમીર શેખ હમદ અલ થાની પણ મોજૂદ રહ્યા.

બ્રિટનના પ્રધાનમંત્રી એન્ડી બર્નહમે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે એક મુલાકાત કરી. આ બેઠક ન્યૂયોર્કમાં UN મહાસભાથી અલગ થઈ.

નિર્ધારિત 30 મિનિટથી વધારે ચાલેલી આ બેઠકમાં ટ્રમ્પે બર્નહમના વખાણ કર્યા. તેમણે કહ્યું કે બંને દેશોના સંબંધો છેલ્લા પ્રધાનમંત્રીના સમયથી સારા છે.

પરંતુ ટ્રમ્પે ચાગોસ દ્વીપોની સાર્વભૌમત્વ મોરિશિયસને સોંપવાની બ્રિટનની યોજનાને ખરાબ કરાર બતાવ્યો. તેમણે કહ્યું કે આ સૈન્ય અને વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ વિસ્તાર છે.

અમેરિકી વહીવટીતંત્ર અને ઈરાની પ્રતિનિધિમંડળ વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન લગભગ ત્રણ કલાક સુધી બેઠક થઈ. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આને 'ખૂબ સારી બેઠક' ગણાવી છે.

યુક્રેની રાષ્ટ્રપતિ વોલોડિમિર જેલેન્સ્કી સાથે મીડિયા સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે ઈરાની પક્ષ સાથે વાતચીત ઘણી સકારાત્મક રહી અને બધું ખૂબ સારી રીતે સંપન્ન થયું.

ભારત અને મધ્ય યુરોપના V4 ગ્રુપ (પોલેન્ડ, હંગરી, સ્લોવાકિયા અને ચેકિયા) દેશોએ UNSC ની વચ્ચે બેઠક કરી.

આપસી તાલમેલને સતત જાળવી રાખવા માટે હવે બંને પક્ષોના વિદેશ મંત્રી દર વર્ષે એક નિયમિત બેઠક કરશે.

વેપાર અને રોકાણને જમીન પર ગતિ આપવા માટે એક સહિયારું બિઝનેસ ફોરમ શરૂ કરવામાં આવશે, જેનાથી બંને તરફની કંપનીઓને નવું મંચ મળશે.

વેનેઝુએલાના કાર્યવાહક રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝના સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સામેલ થવા અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવાનો તેમના પોતાના જ દેશમાં કડક વિરોધ થઈ રહ્યો છે.

CNN મુજબ, રાજધાની કરાકસમાં રસ્તાઓ પર ઉતરેલા નાગરિકોનું કહેવું છે કે તેમને યુએનના મંચ પર જવા અને દેશનું પ્રતિનિધિત્વ કરવાનો કોઈ નૈતિક અધિકાર નથી, કારણ કે તેઓ તેમને એક કાયદેસર નેતા માનતા નથી.

જાન્યુઆરીમાં અમેરિકી સૈન્ય કાર્યવાહી હેઠળ નિકોલસ માદુરોને પકડવામાં આવ્યા પછી રોડ્રિગ્ઝએ સત્તા સંભાળી હતી. જોકે શરૂઆતમાં તેમણે માદુરોની ધરપકડનો વિરોધ કર્યો, પરંતુ પછીથી ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે મળીને દેશના મોટા તેલ ભંડાર સાથે જોડાયેલા કરાર કર્યા.

# પાકિસ્તાને 2 હજાર ભૂતપૂર્વ અફઘાન સૈનિકોની ભરતી કરી: આમાંથી ઘણા તાલિબાન સામે લડી ચૂક્યા છે, હવે બલોચ બળવાખોરો સામે લડશે

ક્વેટા, તા.23

બલૂચિસ્તાનમાં બલૂચ બળવાખોરોના વધતા હુમલાઓને કારણે પાકિસ્તાનની સેના અને સુરક્ષા દળો પર દબાણ વધી રહ્યું છે. તેમનો સામનો કરવા માટે પાકિસ્તાને 2,000 ભૂતપૂર્વ અફઘાન સૈનિકો અને પોલીસકર્મીઓની ભરતી કરી છે. રિપોર્ટ અનુસાર, તેમાંના મોટા ભાગના અફઘાન સૈનિકો એવા છે, જેમણે અફઘાનિસ્તાનમાં અમેરિકી સેના સાથે તાલિબાન વિરુદ્ધ લડાઈ લડી હતી. એક ભૂતપૂર્વ અફઘાન સૈનિકના જણાવ્યા અનુસાર, ભરતી થયેલા લોકોને દર મહિને 40 હજાર પાકિસ્તાની રૂપિયા એટલે કે આશરે 13,807 ભારતીય રૂપિયા મળે છે. બલૂચિસ્તાનમાં સુરક્ષા અભિયાન ચલાવવામાં આવી રહ્યું હોવા છતાં બળવાખોરો પોલીસ મથકો, સરકારી કચેરીઓ



અને હાઇવેને નિશાન બનાવી રહ્યા છે. પાકિસ્તાનની સુરક્ષા અને હિંસા સંબંધિત મામલાઓ પર સંશોધન કરતી સંસ્થા PICSS મુજબ, બે મહિનામાં બલૂચિસ્તાનમાં 172 હુમલા થયા. ફક્ત જુલાઈમાં બળવાખોરોના હુમલાઓ અને સુરક્ષા ઓપરેશન દરમિયાન 62 સુરક્ષાકર્મીઓ માર્યા ગયા.

પરિસ્થિતિનો અંદાજ આ પરથી લગાવી શકાય છે કે નૌશકી શહેરમાં બળવાખોરો પાસેથી નિયંત્રણ પાછું મેળવવા માટે પાકિસ્તાની સેનાને હેલિકોપ્ટર અને ડ્રોનનો ઉપયોગ કરવો પડ્યો. ઑગસ્ટ 2021માં તાલિબાન સત્તામાં પરત ફર્યા બાદ ઘણા ભૂતપૂર્વ અફઘાન સૈનિકોની નોકરી અને પગાર બંધ થઈ ગયા. બદલો લેવાના ભયથી તેમાંથી ઘણા પાકિસ્તાન આવી ગયા.

2021થી 2023 વચ્ચે ભૂતપૂર્વ સૈનિકો અને સુરક્ષાકર્મીઓની 218 હત્યાઓ થઈ. આવા વાતાવરણમાં તેમના માટે અફઘાનિસ્તાન પરત જવું મુશ્કેલ હતું. પાકિસ્તાન આવ્યા બાદ આ લોકો પાસે કોઈ કામ નહોતું. પૈસાની તંગી વધતી ગઈ. આવી સ્થિતિમાં જ્યારે સુરક્ષા દળમાં નોકરી મળી, ત્યારે તેમણે તે સ્વીકારી લીધી.

આ ભૂતપૂર્વ અફઘાન સૈનિકોને હથિયાર ચલાવવાનો અને લડાઈનો પહેલેથી અનુભવ છે. તેઓ તાલિબાન સામે લડી ચૂક્યા છે અને સરહદી વિસ્તારોમાં કામ કરી ચૂક્યા છે. તેથી તેમને સુરક્ષા સંબંધિત કામ સમજાવવામાં વધુ સમય લાગશે નહીં. પાકિસ્તાન માટે તેનો એક ફાયદો એ પણ છે કે આ લોકોને પહેલેથી જ સૈન્ય તાલીમ મળેલી છે. આવી સ્થિતિમાં તેમને નવેસરથી મૂળભૂત તાલીમ આપવાની જરૂર ઓછી પડી શકે છે. પાક ઇન્સ્ટિટ્યૂટ ફોર પીસ સ્ટડીઝના અહેવાલ મુજબ, ગયા વર્ષે બલૂચિસ્તાનમાં 254 હુમલા થયા હતા. આમાંથી બલૂચ બળવાખોર સંગઠનો સાથે જોડાયેલા 225 હુમલા 27 જિલ્લાઓમાં નોંધાયા હતા. કેચમાં 30 અને ક્વેટામાં 26 હુમલા થયા હતા. તે જ સમયે, ટીટીપી સાથે જોડાયેલા 28 હુમલા નોંધાયા હતા. તેમની મોટાભાગની પ્રવૃત્તિઓ ઉત્તરી પશ્તૂન બહુમતી ધરાવતા વિસ્તારોમાં થઈ હતી. બલૂચ સંગઠનો સ્વાયત્તતા અથવા સ્વતંત્રતાની માંગ કરે છે, જ્યારે ટીટીપી ઇસ્લામિક શાસન લાગુ કરવા માંગે છે. સતત થઈ રહેલા હુમલાઓને કારણે બલૂચિસ્તાનના ઘણા જિલ્લાઓમાં પોલીસની પકડ નબળી પડી છે. જેના કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પણ મુશ્કેલી આવી રહી છે. વહીવટીતંત્રને રોજિંદા પોલીસ કામો માટે પણ અર્ધસૈનિક દળો અને સેનાની મદદ લેવી પડી રહી છે.

# ન્યૂયોર્કમાં અમેરિકા-ઈરાન વચ્ચે 3 કલાકની વાતચીત: ઈરાનની શરત- અમેરિકા દબાણ ઘટાડશે તો જ હોર્મુઝ ખોલીશું....

ન્યૂયોર્ક, તા.23

મંગળવારે યુએન જનરલ એસેમ્બલી દરમિયાન ન્યૂયોર્કમાં અમેરિકા અને ઈરાનના અધિકારીઓ વચ્ચે લગભગ 3 કલાક સુધી વાતચીત થઈ. આ વાતચીતમાં અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી સામેલ થયા. કતારના અધિકારીઓએ મધ્યસ્થી કરી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે વાતચીત સારી રહી અને બંને પક્ષો વચ્ચે ટૂંક સમયમાં આગામી બેઠક યોજાશે

ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ જણાવ્યું કે જો અમેરિકા સૈન્ય અને આર્થિક દબાણ ઘટાડવા માટે પગલાં લે છે, તો ઈરાન 7 દિવસની અંદર હોર્મુઝ જળમાર્ગ ખોલી શકે છે. અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફે વાતચીત બાદ જણાવ્યું કે તેમને સારું લાગી રહ્યું છે. જોકે, બાદમાં તેમણે સ્પષ્ટ કર્યું કે તેમણે



ઈરાની અધિકારીઓ સાથે સીધી મુલાકાત કરી નથી. વાતચીતમાં ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર પણ સામેલ રહ્યા. વિટકોફના જણાવ્યા મુજબ, યુએન જનરલ એસેમ્બલી દરમિયાન બંને પક્ષો વચ્ચે મધ્યસ્થીઓ દ્વારા વાતચીત થઈ હતી. મધ્યસ્થીઓ આખો દિવસ અમેરિકા અને ઈરાન વચ્ચે સંદેશા લઈને આવ-જા કરતા રહ્યા.

તેમણે જણાવ્યું કે વાતચીતનો એક તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને મધ્યસ્થીઓ આગળ પણ બંને પક્ષો વચ્ચે કામ ચાલુ રાખશે.

ટ્રમ્પે મંગળવારે યુએનમાં ઈરાનને ધમકી આપતા કહ્યું કે ઈરાન પાસે હવે બે રસ્તા છે: અમેરિકા સાથે ડીલ કરે અથવા ગંભીર લશ્કરીકાર્યવાહી માટે તૈયાર રહે. ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન સાથે સમજૂતી નહીં થાય અને સંઘર્ષ ચાલુ રહેશે તો અમેરિકા ઈરાનને તબાહ કરી શકે છે. તેમણે કહ્યું કે અમેરિકાની સામે શાંતિ સમજૂતી અથવા ફરીથી સૈન્ય કાર્યવાહીનો વિકલ્પ છે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા પોતાની તાકાત દ્વારા શાંતિ સ્થાપિત કરવા માંગે છે. તેમણે ઈરાનને વાટાઘાટોના મેજ પર પરત ફરવા અને હોર્મુઝને સંપૂર્ણપણે ખોલવાની માગ પણ કરી. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે પોતાની શરતો અમેરિકા સમક્ષ રજૂ કરી છે. અલ જઝીરાના અહેવાલ અનુસાર, અરાઘચીએ અમેરિકન અધિકારીઓ સમક્ષ આ શરતો રજૂ કરી. ઈરાનની માગ છે કે અમેરિકા તાત્કાલિક નૌકાદળની નાકાબંધી હટાવે અને વિદેશોમાં સ્થગિત કરાયેલી ઈરાની સંપત્તિઓ મુક્ત કરે. તેમજ લેબનાન સહિત તમામ મોરચાઓ પર યુદ્ધનો અંત લાવે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંનો એક છે.

## તંત્રી લેખ

### ‘વડાપ્રધાન કે મુખ્યમંત્રી?’ સવાલ પર યોગીનો સાવચેતીભર્યો જવાબ

ભાજપમાં નરેન્દ્ર મોદી બાદ ભવિષ્યમાં વડાપ્રધાન પદ માટે કોણ આગળ આવી શકે છે, તેને લઈને સમયાંતરે રાજકીય ચર્ચાઓ થતી રહે છે. આવી ચર્ચાઓમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું નામ પણ અનેક વખત સામે આવ્યું છે. યોગી આદિત્યનાથ છેલ્લા ઘણા વર્ષોથી ઉત્તર પ્રદેશની રાજનીતિમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે અને 2017થી રાજ્યના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના નેતૃત્વને કારણે તેઓ માત્ર ઉત્તર પ્રદેશ પૂરતા સીમિત નહીં પરંતુ રાષ્ટ્રીય રાજકારણમાં પણ ચર્ચાતું નામ બન્યા છે. જોકે વડાપ્રધાન પદની સંભાવનાઓ અંગે યોગી આદિત્યનાથ પોતે અત્યાર સુધી કોઈ સીધી દાવેદારી કરતા જોવા મળ્યા નથી.

ભાજપમાં ભવિષ્યના વડાપ્રધાન અંગેની ચર્ચા રાજકીય રીતે ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. પાર્ટીમાં કોઈ નેતા જાહેરમાં પોતાની જાતને વડાપ્રધાન પદના દાવેદાર તરીકે રજૂ કરે અથવા ભવિષ્યમાં વડાપ્રધાન બનવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરે તો તેની રાજકીય અસર થઈ શકે છે. આ જ કારણસર ભાજપના મોટા નેતાઓ સામાન્ય રીતે આવા સવાલોનો સીધો જવાબ આપવાનું ટાળતા હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં દેશના વડાપ્રધાન છે અને તેમના પછીના નેતૃત્વ અંગેની કોઈ સત્તાવાર પ્રક્રિયા જાહેર થયેલી નથી. તેથી કોઈ નેતાના નામને લઈને થતી ચર્ચા હાલ રાજકીય અટકળોના સ્તરે જ છે.

આ પરિસ્થિતિમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જ્યારે મીડિયા દ્વારા એવો સવાલ કરવામાં આવ્યો કે તેઓ ભવિષ્યમાં મુખ્યમંત્રીની જવાબદારી સંભાળવાનું પસંદ કરશે કે વડાપ્રધાન બનવાનું, ત્યારે તેમણે સવાલનો સીધો રાજકીય જવાબ આપવાને બદલે પોતાની વર્તમાન જવાબદારીને આગળ રાખી હતી. યોગીએ પોતાના જવાબમાં કહ્યું હતું કે તેઓ જાહેર જીવનમાં જવાબદારીની ભાવના અને રાષ્ટ્રને પ્રથમ રાખીને પ્રવેશ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાને તેમને ઉત્તર પ્રદેશના લોકોની સેવા કરવાની જવાબદારી સોંપી છે અને તેમનું સંપૂર્ણ ધ્યાન હાલમાં ઉત્તર પ્રદેશને આર્થિક અને સામાજિક રીતે વધુ મજબૂત બનાવવાનું છે.

યોગીના આ જવાબમાં સૌથી મહત્વની બાબત એ રહી કે તેમણે વડાપ્રધાન પદ અંગે પોતાની કોઈ વ્યક્તિગત મહત્વકાંક્ષા વ્યક્ત કરી નથી. તેમણે એવું પણ કહ્યું નથી કે ભવિષ્યમાં તેઓ વડાપ્રધાન બનવા માંગે છે. તેના બદલે તેમણે પોતાને મળેલી વર્તમાન જવાબદારીને જ કેન્દ્રમાં રાખી છે. રાજકીય રીતે જોવામાં આવે તો આ પ્રકારનો જવાબ તેમને ભવિષ્યના નેતૃત્વ અંગે કોઈ સ્પષ્ટ દાવેદારીથી દૂર રાખે છે. એટલે યોગીએ વડાપ્રધાન પદની અટકળો વચ્ચે પોતાની સ્થિતિ સ્પષ્ટ રીતે જાહેર કરવાને બદલે જવાબદારી, રાષ્ટ્ર પ્રથમ અને ઉત્તર પ્રદેશના વિકાસ જેવા મુદ્દાઓ પર ભાર મૂક્યો છે.

યોગી આદિત્યનાથ માટે આ સમયગાળો ખાસ મહત્વનો છે કારણ કે 2027માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. દેશના સૌથી મોટા રાજ્યોમાંના એક ઉત્તર પ્રદેશની ચૂંટણીનું પરિણામ રાજ્યની સાથે રાષ્ટ્રીય રાજકારણ માટે પણ મહત્વ ધરાવે છે. આવી સ્થિતિમાં યોગીનું ધ્યાન હાલમાં મુખ્યમંત્રી તરીકેની પોતાની કામગીરી અને આગામી વિધાનસભા ચૂંટણી સાથે જોડાયેલા રાજકીય પડકારો પર હોવું સ્વાભાવિક છે. આ જ કારણસર વડાપ્રધાન પદ અંગેના સવાલ વચ્ચે તેમણે ઉત્તર પ્રદેશની જનતા અને રાજ્યના વિકાસને પોતાની પ્રાથમિકતા તરીકે રજૂ કરી છે. ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની રાજકીય ભૂમિકા છેલ્લા કેટલાક વર્ષોમાં સતત ચર્ચામાં રહી છે. 2017માં મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે રાજ્ય સરકારનું નેતૃત્વ કર્યું અને ત્યારબાદ 2022ની વિધાનસભા ચૂંટણી બાદ ફરી મુખ્યમંત્રી તરીકે સત્તા સંભાળી. આ દરમિયાન રાષ્ટ્રીય સ્તરે પણ તેમની રાજકીય છબી અંગે ચર્ચાઓ થતી રહી છે. ભાજપના ભવિષ્યના નેતૃત્વ અંગે જ્યારે પણ રાજકીય વિશ્લેષણ થાય છે ત્યારે યોગીનું નામ પણ વિવિધ સંદર્ભોમાં લેવામાં આવે છે.

**અમેરિકા પોતાના ફાઈટક વિમાનોમાં એઆઈ એજન્ટ લગાવવાનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. તેનો અર્થ એ છે કે વિમાનના કમ્પ્યુટરમાં એક એવું મગજ બેસાડી દેવામાં આવ્યું છે જે પોતે જ ઉડાન અંગેના નિર્ણયો લઈ શકે છે. એઆઈ એજન્ટ ફાઈટર પ્લેનના કેમેરા, રડાર અને સેન્સર્સ દ્વારા આસપાસ જોઈ શકે છે, સમજી શકે છે અને નિર્ણય લઈ શકે છે : વિશ્વમાં મોટાભાગના દેશોની સેનાઓ દરેક પ્રકારના હથિયારોને એઆઈથી કંટ્રોલ કરવાનો અભ્યાસ કરી રહી છે. ડ્રોન સ્વાર્મ તૈયાર કરવામાં આવી રહ્યા છે**

# એઆઈના અતિશય ઉપયોગથી ત્રીજા વિશ્વયુદ્ધની શક્યતા વધી!

## એઆઈની દિશામાં આંધળી દોટ મૂકનારા ચીન અને અમેરિકા એકાએક આ ટેક્નોલોજીના ઉપયોગ અંગે વાતચીત કરવા રાજી થયા



અમેરિકા પોતાના ફાઈટક વિમાનોમાં એઆઈ એજન્ટ લગાવવાનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. તેનો અર્થ એ છે કે વિમાનના કમ્પ્યુટરમાં એક એવું મગજ બેસાડી દેવામાં આવ્યું છે જે પોતે જ ઉડાન અંગેના નિર્ણયો લઈ શકે છે. એઆઈ એજન્ટ ફાઈટર પ્લેનના કેમેરા, રડાર અને સેન્સર્સ દ્વારા આસપાસ જોઈ શકે છે, સમજી શકે છે અને નિર્ણય લઈ શકે છે : વિશ્વમાં મોટાભાગના દેશોની સેનાઓ દરેક પ્રકારના હથિયારોને એઆઈથી કંટ્રોલ કરવાનો અભ્યાસ કરી રહી છે. ડ્રોન સ્વાર્મ તૈયાર કરવામાં આવી રહ્યા છે. એટલે કે ૧૦૦-૨૦૦ નાના ડ્રોન અલગ-અલગ નથી ઊડતા, પરંતુ એક ટીમની જેમ ઊડે છે. એટલે કે એક જ મગજ ઘણાં બધાં શરીરોનું સંચાલન કરે છે. પહેલાં એક માણસ રિમોટ વડે એક ડ્રોન ઉડાવતો હતો જ્યારે હવે ડ્રોન જાતે જ લીડરશિપ ભૂમિકા ભજવે છે : બંને દેશો અગાઉ પણ એ વાત પર સંમત થઈ ચૂક્યા છે કે પરમાણુ હથિયાર ચલાવવાનો નિર્ણય એઆઈને સોંપવામાં નહીં આવે. પરમાણુ બટન માણસોના હાથમાં જ રખાશે. પરંતુ એઆઈ જે રીતે આગળ વધી રહ્યું છે, વાત હવે માત્ર પરમાણુ બટન સુધી સીમિત નથી રહી. હવે એઆઈ ગમે તે સેક્ટરમાં હુમલો કરે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. અમેરિકા અને ચીન પરસ્પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ચર્ચા કરી રહ્યા છે. મશીનની એ શક્તિ ઉપર ચર્ચા થઈ રહી છે જે હવે માણસ કરતાં પણ ઝડપથી નિર્ણયો લઈ શકે છે. અમેરિકા-ચીન દ્વારા તેને એઆઈ ડાયલોગ નામ અપાયું છે. આ માત્ર અમેરિકા અને ચીન પૂરતો મુદ્દો નથી. તેઓ જે જોખમ ઉપર ચર્ચા કરી રહ્યા છે, તે જોખમ આખી દુનિયાને યુદ્ધમાં ધકેલી શકે છે. જાણકારોના મતે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે, હવે દેશો પોતાની સેનાઓને એઆઈ વડે કંટ્રોલ કરવાની દિશામાં આગળ વધી ચૂક્યા છે. જો દુનિયા એઆઈ આધારિત બની રહી હોય, તો એઆઈની શક્તિ જેની પાસે હશે, વૈશ્વિક સત્તા પણ તેના જ હાથમાં રહેશે. વર્તમાન સમયની વાત કરીએ તો એઆઈ ક્ષેત્રે હાલ જે બે મહાસત્તાઓ અમેરિકા અને ચીન મોખરે ગણાય છે.

ઉલ્લેખનીય છે કે, બંને દેશોમાં સૈન્ય નિયંત્રણો ધીમે ધીમે માણસના હાથમાંથી નીકળીને મશિનો અને એઆઈના હાથમાં જઈ રહ્યા છે. અમેરિકા પોતાના ફાઈટક વિમાનોમાં એઆઈ એજન્ટ લગાવવાનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. વિમાનમાં એઆઈ એજન્ટ હોવાનો અર્થ એ નથી કે વિમાનમાં કોઈ રોબોટ પાયલટ બેઠો હશે. તેનો અર્થ એ છે કે વિમાનના કમ્પ્યુટરમાં એક એવું મગજ બેસાડી દેવામાં આવ્યું છે જે પોતે જ ઉડાન અંગેના નિર્ણયો લઈ શકે છે. આ માત્ર ઓટોપાયલટ નથી. એઆઈ એજન્ટ ફાઈટર પ્લેનના કેમેરા, રડાર અને સેન્સર્સ દ્વારા આસપાસ જોઈ શકે છે, સમજી શકે છે કે સામે શું છે, અને પછી જાતે જ નક્કી કરી શકે છે કે વળવું, ઊંચે જવું, નીચે આવવું કે હુમલો કરવો. તેનો સીધો અર્થ એ છે કે, જેમ એક ફાઈટર પાયલટ વિચારે છે, તેવું જ વિચારવાનો પ્રયાસ આ મશીન કરે છે, પરંતુ અત્યંત ઝડપથી.

અમેરિકાએ પોતાના ખ-૧૬ જેવા ફાઈટર વિમાનમાં આનો પ્રયોગ કર્યો છે. વિમાનમાં પાયલટ પણ બેઠો હોય છે, જેથી જરૂર પડયે તે નિયંત્રણ પોતાના હાથમાં લઈ શકે. એટલે કે હાલમાં સંપૂર્ણપણે મશીન એકલું ઉડાન નથી ભરી રહ્યું, માણસ તેના પર નજર રાખી રહ્યો છે. પરંતુ દિશા સ્પષ્ટ છે કે ભવિષ્યમાં ફાઈટર વિમાનનો એક મોટો હિસ્સો મશીન પોતે સંભાળશે. આ જ સૌથી મોટો ખતરો પણ છે. જો બે દેશોના વિમાનોમાં આવા એજન્ટ હોય અને કોઈ ભૂલ થઈ જાય, ખોટો નિશાનો લાગી જાય કે ખોટો સંકેત મળી જાય, તો માણસ નિર્ણય લે ત્યાં સુધીમાં મશીન હુમલો કરી ચૂક્યું હશે. તેના કારણે યુદ્ધ ફાટી નીકળે અથવા તો યુદ્ધ વકરી જાય તેવી પણ સ્થિતિ આવી શકે છે. જાણકારોના મતે વાત માત્ર વિમાનો પૂરતી મર્યાદિત નથી. સેનાઓ દરેક પ્રકારના હથિયારોને એઆઈથી કંટ્રોલ કરવાનો અભ્યાસ કરી રહી છે. ડ્રોન સ્વાર્મ તૈયાર કરવામાં આવી રહ્યા છે. એટલે કે ૧૦૦-૨૦૦ નાના ડ્રોન અલગ-અલગ નથી ઊડતા, પરંતુ એક ટીમની જેમ ઊડે છે. એટલે કે એક જ મગજ ઘણાં બધાં શરીરોનું સંચાલન કરે છે. પહેલાં એક માણસ રિમોટ વડે એક ડ્રોન ઉડાવતો હતો. ઝૂંડ આધારિત એઆઈમાં મશીન જાતે નક્કી કરે છે કે કયો ડ્રોન આગળ જશે, કયો પાછળ રહેશે, કયો દુશ્મનને ઘેરશે અને કયો હુમલો કરશે. જો ૧૦૦માંથી ૧૦ ડ્રોન તોડી પાડવામાં આવે, તો બાકીના ૯૦ તરત જ નવો પ્લાન બનાવી લે છે. જેમ પક્ષીઓનું ટોળું અચાનક દિશા બદલે છે, તેમ જ આ ડ્રોન પણ એકસાથે વળી જાય છે.

હાલમાં અમેરિકા અને ચીન આવા સસ્તા ડ્રોન બનાવી રહ્યા છે. આનો ફાયદો એ છે કે એક મોંઘા વિમાનને તોડી પાડવા માટે સસ્તા ડ્રોનનો વરસાદ કરી દેવામાં આવે છે. ખતરો એ છે કે નિર્ણય એટલી ઝડપથી લેવાય છે કે રોકવા માંગો તો પણ રોકી શકાતો નથી. મશીન આ ઝૂંડને પોતે ચલાવે છે. જો કોઈ એક દેશનું ડ્રોનનું ઝૂંડ ભૂલથી બીજા દેશની સરહદ કે યુદ્ધ જહાજ કે યુદ્ધ વિમાન તરફ આગળ વધી જાય, તો સામેવાળો પક્ષ એ સમજી નહીં શકે કે આ ભૂલથી આવી રહ્યું છે કે હુમલો થઈ ગયો છે.

મહત્ત્વની વાત એવી છે કે, ભવિષ્યના યુદ્ધમાં માણસ એકલો નહીં લડે, તેની સાથે અતિ ઝડપી મગજવાળું મશીન પણ ઊભું હશે. મુખ્ય જોખમ એ છે કે મશીન આખરે મશીન છે. ધનુષમાંથી તીર નીકળી જાય પછી પાછું આવતું નથી. જો ભૂલથી યુદ્ધ શરૂ થઈ ગયું, તો તે આખી દુનિયાને લપેટમાં લઈ શકે છે. એટલા માટે આ બંને દેશો વાતચીત કરી રહ્યા છે, જેથી એઆઈ આધારિત કોઈ હથિયારની ભૂલના કારણે ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ ન થઈ જાય. આ જ ખતરો આ બંને મહાસત્તાઓને એક ટેબલ પર લઈ આવ્યો છે. ન્યૂયોર્કમાં અમેરિકી નાણામંત્રી અને ચીનના નાયબ વડાપ્રધાન વચ્ચે લાંબી ચર્ચા થઈ હતી. ટ્રમ્પ અને શી જિનપિંગની સંભવિત મુલાકાત પહેલાંની આ બેઠક હતી. અમેરિકાએ પ્રસ્તાવ મૂક્યો છે કે બંને દેશો વચ્ચે કટોકટીના સમયે એકબીજાને તાત્કાલિક માહિતી મોકલવાની સિસ્ટમ ઊભી કરવામાં આવે, એક વોર્નિંગ સિસ્ટમ તૈયાર થાય. જો એઆઈના કારણે કોઈ ખતરનાક ભૂલ થઈ જાય, તો એક દેશ બીજા દેશને તરત જ જાણ કરી શકે.

એઆઈ જે સ્તરે વિકસાવવામાં આવી રહ્યું છે, તેમાં એવી પણ શક્યતા છે કે કોઈ દેશની એઆઈ સિસ્ટમ બીજા દેશના પરમાણુ કમાન્ડને જ હેક કરી લે. કોઈ ઓટોમેટિક સાયબર હુમલો શરૂ કરી દે. સામેની સેના એ નક્કી નહીં કરી શકે કે આ કોઈ અકસ્માત છે કે જાણીજોઈને કરાયેલો હુમલો. જૂના જમાનામાં તો માણસ ફોન ઉપાડીને વાત કરી શકતો હતો. એઆઈ એટલી ઝડપથી કામ કરે છે કે વળતો જવાબ આપવા વિચારીએ તે પહેલાં તો એટેક શરૂ થઈ ચૂક્યો હોય છે. એક ભૂલ બીજી ભૂલને જન્મ આપી શકે છે અને યુદ્ધ શરૂ થઈ શકે છે. આ કોઈ ફિલ્મની વાર્તા નથી રહી, પરંતુ વાસ્તવિક જોખમ છે જેને બંને દેશો ટાળવા માંગે છે. ઉલ્લેખનીય છે કે, બંને દેશો અગાઉ પણ એ વાત પર સંમત થઈ ચૂક્યા છે કે પરમાણુ હથિયાર ચલાવવાનો નિર્ણય એઆઈને સોંપવામાં નહીં આવે. પરમાણુ બટન માણસોના હાથમાં જ રખાશે. પરંતુ એઆઈ જે રીતે આગળ વધી રહ્યું છે, વાત હવે માત્ર પરમાણુ બટન સુધી સીમિત નથી રહી. હવે એ ડર છે કે એઆઈ પોતે ન્યુક્લિયર સિસ્ટમ પર હુમલો ન કરી દે. અને જો એવું ન પણ થાય, તો પણ ક્યાંક વીજળી ગ્રીડને હેક ન કરી લે કે બેંકોની સિસ્ટમ પર સાયબર એટેક ન કરી દે.

ડર એ વાતનો છે કે કોઈ મશીન પોતાના આદેશથી આગળ વધીને કોઈ સિસ્ટમ હેક ન કરી લે, કારણ કે એઆઈ સિસ્ટમમાં મશીન પોતે વિચારી શકે છે; તે બુદ્ધિશાળી હોય છે, એટલે જ તો તે એઆઈ છે. હાલમાં જ્યારે સામાન્ય લોકો પણ કોઈ એઆઈ મોડેલને સવાલ પૂછે છે, ત્યારે ઘણીવાર એઆઈ ખોટા જવાબો આપે છે. જો કોઈ હથિયારને નિયંત્રિત કરતું એઆઈ મોડેલ ખોટી માહિતી આપી દે, તો સમગ્ર સેના પણ ખોટો નિર્ણય લઈ શકે છે. થોડા સમય પહેલાં ઈરાન યુદ્ધ દરમિયાન નાની બાળકીઓની શાળા પર મિસાઈલ પડી હતી. અત્યાર સુધી એ સ્પષ્ટ નથી થયું કે તે કેવી રીતે બન્યું, પરંતુ ઘણા નિષ્ણાતોનું કહેવું છે કે મશીને પોતાના ડેટાના આધારે નિર્ણય લઈ લીધો હતો અને જ્યાં સુધી કોઈ માણસ તેને રોકી શકે ત્યાં સુધીમાં મિસાઈલ છૂટી ચૂકી હતી અને શાળા પર જઈને પડી. હવે આ માણસની ભુલ હતી કે મશિનની તે હજી સ્પષ્ટ નથી પણ તેનું પરિણામ જીવલેણ હતું તે સ્પષ્ટ છે. જો તે કોઈ પરમાણુ મથક હોત તો? તેના પર હુમલો થઈ જાત અને કોઈ કશું કરી શક્યું ન હોત. પરમાણુ વાત તો બાજુ પર રાખો, આ તો ઈરાનની શાળા હતી. પણ જો અમેરિકાની કોઈ શાળા પર ચીનની મિસાઈલ પડી જાય તો? શું વિશ્વયુદ્ધ શરૂ ન થઈ જાય? નિષ્ણાતો સ્પષ્ટપણે ’રેડ લાઈન્સ’ નક્કી કરવાની વાત કરી રહ્યા છે.

એઆઈ સિસ્ટમમાં એ સુનિશ્ચિત કરવામાં આવે કે તે પોતે પરમાણુ હથિયારો સાથે જોડાયેલો કોઈ નિર્ણય ન લે, સામેવાળા દેશના પરમાણુ કમાન્ડ પર જાતે હુમલો ન કરે, દરેક મોટા સાયબર હુમલાનો અંતિમ આદેશ હંમેશાં માણસના હાથમાં રહે, અને બંને દેશો વચ્ચે એક વિશેષ ઈમરજન્સી હોટલાઈન હોય જેના પર વિલંબ કર્યા વિના તરત કહી શકાય કે આ ભૂલથી થયું છે, કોઈ હુમલો નથી. અમેરિકા અને ચીન બંને જાણે છે કે એઆઈની સ્પર્ધા જેટલી તીવ્ર બનશે, ભૂલની કિંમત એટલી જ ભારે ચૂકવવી પડશે. અને હાલમાં એઆઈ ક્ષેત્રે આ બંને દેશો જ સર્વોચ્ચ મહાસત્તાઓ છે. તેથી ભલે તેઓ એકબીજા પર ભરોસો ન કરતા હોય, પરંતુ સમગ્ર વિશ્વના હિત માટે જરૂરી છે કે આ બંને દેશો સમયસર વોર્નિંગ સિસ્ટમ નક્કી કરી લે. નહીંતર ભુલના એક નાનકડા તણખલાથી સમગ્ર વિશ્વ ભડકે બળશે.

# પિંડનું જ્યાં સમર્પણ થાય છે અને જીવને પોતાના ઉદ્ધારનું જ્ઞાન મળે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભાગવત કળિયુગનો કલ્પવૃક્ષ શ્રીમદ્ ભાગવત મહાપુરાણ એ કોઈ સામાન્ય ગ્રંથ નથી,એ સાક્ષાત નારાયણ સ્વરૂપ છે. શાસ્ત્ર કહે છે કે ભગવાન જ્યારે પોતાના ગોલોક ધામમાં પધાર્યા ત્યારે પોતાનું તેજોમય સ્વરૂપ આ ભાગવત ગ્રંથમાં પધરાવતા ગયા. આ વાતનો ઉલ્લેખ એકાદશ સ્કંધમાં સ્પષ્ટ આવે છે. તેથી જ ભાગવતને ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ કહેવામાં આવે છે.

ભાગવતના મહિમાની એકવિશેષતા તેનો અંક ’અઢાર’ છે. ભાગવતમાં મુખ્ય કથા નંદ મહોત્સવની છે અને તેના શ્લોક પણ અઢાર છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને ગીતામાં વર્ણવેલા સ્થિતપ્રજ્ઞના લક્ષણોના શ્લોકો પણ અઢાર જ છે. આ અઢારનો અંક પૂર્ણતાનું પ્રતીક છે. ઉદ્ધવજીએ એક વખત ભગવાન શ્રીકૃષ્ણને અત્યંત માર્મિક પ્રશ્ન પૂછ્યો હતો.તેમણે કહ્યું,પ્રભુ, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે? ત્યારે ભગવાને જે ઉત્તર આપ્યો તે આજના કળિયુગના દરેક જીવ માટે આશ્વાસન રૂપ છે.ભગવાને કહ્યું,મારા ભાગવત નો જે આશ્રય લેશે તેના ઘરમાં કળિ કદી પ્રવેશ કરશે નહીં. જ્યાંભાગવત છે ત્યાં ધર્મ સુરક્ષિત છે. ભાગવત એ ભગવાનનું નામ સ્વરૂપ છે. પહેલા નામ સ્વરૂપથી મન શુદ્ધ થાય છે અને મન શુદ્ધ થયા પછી જ સ્વરૂપ સેવાનો અધિકાર મળે છે. મનમાં કામ,ક્રોધ,લોભ,મોહનો જે મેલ જામેલો છે તેને દૂર કરવાનું સૌથી ઉત્તમ સાધન આ ભાગવત શાસ્ત્ર જ છે.પરંતુ સાથે એક ચેતવણી પણ છે-કથા સાંભળ્યા પછી પણ જો પાપ કરવાનું ચાલુ રાખશો તો યમદૂતો તરફથી બે ફટકા વધારે પડશે. કારણ કે જાણ્યા પછી કરેલું પાપ અજાણતામાં કરેલા પાપ કરતાં અનેકગણું ભારે ગણાય છે.

મનુષ્યના દુઃખનું મૂળ કારણ શું છે? મનુષ્ય પત્ની, ધન અને ભોજનમાં પ્રેમ કરે છે, પણ પ્રભુમાં પ્રેમ કરતો નથી તેથી જ તે દુઃખી છે.તેના પ્રેમના પાત્રો સતત બદલાતા રહે છે. બાલ્યાવસ્થામાં તે મા સાથે પ્રેમ કરે છે, થોડો મોટો થતાં મિત્રો ઉપર પ્રેમ કરે છે, લગ્ન થયા એટલે પત્ની સાથે પ્રેમ કરે છે, ત્યારબાદ પુત્ર ઉપર પ્રેમ કરે છે અને અંતે પૈસા ઉપર પ્રેમ કરે છે. પ્રેમનું પાત્ર બદલાતું રહે છે તેથી જ તેને કદી સ્થાયી આનંદ મળતો નથી.

આ સંદર્ભમાં રંગદાસ શેઠની કથા ખૂબ પ્રેરક છે. રંગદાસ નામના એક શ્રીમંત શેઠ હતા, જે એક વેશ્યામાં અત્યંત આસક્ત હતા. એક દિવસ રંગદાસ અને તે વેશ્યા શ્રી રંગનાથ જીના મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા. શેઠે પોતાની પ્રિયતમા માટે માથે છત્રી ધરી હતી. તે જ સમયે મંદિરમાંથી રામાનુજાચાર્ય બહાર આવ્યા.આ દશ્ય જોઈને તેમને રંગદાસ પર દયાઆવી તેમણે કહ્યું, ’રંગદાસ,તમે આ વેશ્યા ઉપર આટલો પ્રેમ કરો છો તે જોઈને મને આનંદ થાય છે. પણ આ સ્ત્રી કરતાં મારા રંગનાથ અનેકગણા સુંદર છે.તમે એક વખત જુઓ તો ખબર પડે!’એમ કહી તેમણે રંગદાસને એક થપ્પડ મારી. અને કહેવાય છે કે સંતની થપ્પડ કેટલાં પુણ્યો કર્યા હોય ત્યારે મળે.એ થપ્પડથી રંગદાસને સમાધિ લાગી ગઈ,તેને સાક્ષાત રંગનાથના દર્શન થયા. બસ તે ક્ષણથી રંગદાસ તે સ્ત્રીમાં પ્રેમ કરવાનું ભૂલી ગયા. તાત્પર્ય એ જ છે કે ઈશ્વરને પ્રેમનું પાત્ર બનાવો જેથી પ્રેમનું પાત્ર બદલવાનો પ્રસંગ જ ન આવે. આજકાલની ભક્તિમાં એક મોટી ભૂલ થઈ રહી છે. લોકો ભક્તિ તો બહુ કરે છે, પરંતુ ભગવાનને સાધન માને છે અને સંસારના સુખને સાધ્ય માને છે. એટલે કે હે ભગવાન, મને પૈસા આપો, સુખ આપો એટલે હું તમને ભજીશ. આમ ભક્તિ ફળતી નથી. ભગવાનને સાધ્ય માનો,સંસાર ના સુખને નહીં. ભગવાન મળશે તો સુખ તો તેની પાછળ આપોઆપ આવશે જ. કથા કોઈને હસાવવા માટે નથી. કથા ઈશ્વરને રાજી કરવા માટે છે. શુકદેવજી એટલે શું? શ્રોતાઓના હૃદયમાં જે શોક જાગૃત કરે છે તે શુક. મારું આટલું જીવન નકામું ગયું, મેં હજી સુધી પ્રભુને યાદ ન કર્યા એ ભાવ જ્યારે હૃદયમાં જાગે અને આંખમાંથી પશ્ચાતાપના આંસુ વહે ત્યારે સમજવું કે કથા સાંભળી સાર્થક થઈ. કથા શુદ્ધ હૃદયે રડવા માટે છે. કથા સાંભળ્યા પછી પણ જો વૈરાગ્ય ન આવે,પાપ ન છૂટે તો એ કથા સાંભળવી શું કામની? ભાગવતના શ્રવણથી, દર્શનથી અને પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે.

દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી, તેથી જ ભાગવતમાં આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહીને કથા શ્રવણ નો મહિમા સમજાવ્યો છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક પવિત્ર બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ તો પવિત્ર હતો પણ ધુંધલી સ્વભાવની ક્રૂર, પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હોવાથી ખૂબ દુઃખી હતો. ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી એ દુઃખ તેને અંદરથી કોરી ખાતું હતું.આ દુઃખથી કંટાળીને તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો અને તે વનમાં નદી કિનારે આવ્યો.ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મદેવ પોતાનું દુઃખ રડવા લાગ્યો મહાત્માએ તેને સમજાવ્યું, ભાઈ, તારે પુત્ર નથી એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તો એમ સમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબ માં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી.તેથી ઈશ્વર જે સ્થિતિ માં રાખે તેમાં આનંદ માનવો.

આ વાત સમજવા માટે ત્રણ સંતોના જીવન જુઓ. એકનાથ મહારાજને અનુકૂળ પત્ની મળી હતી. તે વિઠ્ઠલનાથજીના મંદિરમાં દર્શન કરવા ગયા અને કહ્યું, પ્રભુ, તમે મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ આપ્યો છે.તમે અનુકૂળ પત્નીઆપી છે તેથી હું તમારું ભજન કરી શકું છું, તમારો ઉપકાર છે. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજઆવ્યા તુકારામની પત્ની અત્યંત કર્કશા હતી છતાં તુકારામ મહારાજ પણ ભગવાનનો ઉપકાર માને છે.તે કહે છે,તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે હું તમારું ભજન કરું છું. જો સારી પત્ની મળી હોત તો હું તેની પાછળ પડત અને તમને ભૂલી જાત. અને ત્રીજા નરસિંહ મહેતા, તેમના કુટુંબનો નાશ થયો છતાં તેમણે તેમાં આનંદ માન્યો અને ગાયું, ’ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.’ એકની પત્ની અનુકૂળ, બીજાની પ્રતિકૂળ અને ત્રીજાની પત્નીનું મરણ થયું,તો પણ આ ત્રણે મહાત્માઓ આનંદમાં છે. વૈષ્ણવ તેનું નામ છે જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે. *પુત્રેષણા અને સાચું પિંડદાન, માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે,પણ પુત્રેષણા પાછળઅનેક વાસનાઓ આવે છે.પુત્રેષણા પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે. આત્મદેવે મહાત્માને કહ્યું, મહારાજ મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદગતિ નથી.મહાત્માએ તેને સમજાવ્યું કે ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી. જો પુત્ર જ સદગતિ આપી શકતો હોત તો લગભગ બધાને ત્યાં પુત્ર છે એટલે દરેકને સદ્ગતિ મળી જાત. પિતાએ એવી આશા ન રાખવી કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ. મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ તે જન્મમરણના ત્રાસમાંથી છૂટતો નથી. શ્રાદ્ધ કરવાની ના નથી.

# 40 દિવસ બાદ પણ સંસદનું ચોમાસુ સત્ર સત્તાવાર રીતે સમાપ્ત નહીં, મહિલા અનામત કાયદાને લઈને અટકળો તેજ



સંસદના 2026ના ચોમાસુ સત્રની કાર્યવાહી 13 ઓગસ્ટે લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા બાદ અટકી ગઈ હતી, પરંતુ 22 સપ્ટેમ્બર સુધી પણ આ સત્રનું ઔપચારિક સત્રાવસાન થયું નથી. એટલે કે બંને ગૃહોની બેઠક હાલ ચાલી રહી નથી, પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા સત્રાવસાનની સત્તાવાર જાહેરાત ન થતાં ચોમાસુ સત્ર તકનિકી રીતે હજુ ચાલુ ગણાય છે. બંને ગૃહોને સ્થગિત કરાયા બાદ 40 દિવસનો સમય વીતી જવો અસાધારણ બાબત છે અને પૂર્વ લોકસભા મહાસચિવ પી.ડી.ટી. આચારીએ તેને બંને ગૃહોના સત્રાવસાનમાં થયેલો નવો રેકોર્ડ ગણાવ્યો છે. અગાઉ 2015માં બંને ગૃહોને સ્થગિત કર્યા બાદ 28 દિવસ સુધી સત્રાવસાન કરવામાં આવ્યું નહોતું.

સામાન્ય રીતે સંસદની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત થયા બાદ થોડા દિવસોમાં રાષ્ટ્રપતિ દ્વારા સત્રાવસાનની પ્રક્રિયા કરવામાં આવે છે. 2026ના ચોમાસુ સત્રના કિસ્સામાં જોકે આ પ્રક્રિયામાં અસામાન્ય રીતે લાંબો વિલંબ થયો છે. 13 ઓગસ્ટે બંને ગૃહો સ્થગિત થયા હતા અને ત્યારથી સંસદમાં નિયમિત બેઠક મળી નથી. કેન્દ્ર સરકાર તરફથી આ વિલંબ પાછળનું ચોક્કસ કારણ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. આ દરમિયાન રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા તેજ થઈ છે કે સરકાર કોઈ મહત્વપૂર્ણ કાયદાકીય પગલું ભરવાની તૈયારીમાં હોઈ શકે છે.

આ વિલંબ વચ્ચે સૌથી વધુ ચર્ચા મહિલા અનામત અને લોકસભાની બેઠકોની પુનઃરચના સાથે જોડાયેલા કાયદાકીય ફેરફારોને લઈને થઈ રહી છે. અગાઉના બજેટ સત્ર દરમિયાન સરકાર તરફથી મહિલા અનામતને લોકસભાની બેઠકોની સીમાંકન પ્રક્રિયા સાથે જોડતા મહત્વપૂર્ણ કાયદાકીય પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા. લોકસભામાં બંધારણ (131મો સુધારો) બિલ, 2026 રજૂ કરવામાં આવ્યું હતું. તેની સાથે કેન્દ્રશાસિત પ્રદેશોના કાયદામાં ફેરફાર અને સીમાંકન સંબંધિત બિલ પણ રજૂ થયા હતા. જોકે બંધારણીય સુધારા માટે જરૂરી બહુમતી ન મળતાં મુખ્ય બિલ પર આગળની કાર્યવાહી થઈ શકી નહોતી અને તેના પર આગળની પ્રક્રિયા અટકી ગઈ હતી.

મહિલા અનામતનો મુદ્દો આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પણ મહત્વનો બની શકે છે. હાલના કાયદા મુજબ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ તેનો અમલ સીમાંકન અને વસ્તી ગણતરી સાથે જોડાયેલી પ્રક્રિયા સાથે સંબંધિત છે. તેથી સરકાર તરફથી આ વ્યવસ્થામાં ફેરફાર અથવા તેના અમલને ઝડપી બનાવવાનો કોઈ પ્રસ્તાવ આવે તો તે માટે બંધારણીય તથા કાયદાકીય પ્રક્રિયાની જરૂર પડશે. આ જ પૃષ્ઠભૂમિમાં 2029ની લોકસભા ચૂંટણી પહેલાં મહિલા અનામત સંબંધિત વ્યવસ્થામાં ફેરફારની અટકળો ચાલી રહી છે. જોકે હાલ સરકાર તરફથી એવો કોઈ સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી કે ચોમાસુ સત્રને સત્રાવસાન કર્યા વિના મહિલા અનામત અંગેનું કોઈ બિલ લાવવામાં આવશે.

ચોમાસુ સત્રનું સત્રાવસાન ન થવાથી એક મહત્વપૂર્ણ બંધારણીય અને સંસદીય મુદ્દો પણ સામે આવ્યો છે. સત્રને માત્ર સ્થગિત કરવું અને તેનું ઔપચારિક સત્રાવસાન કરવું બંને અલગ પ્રક્રિયાઓ છે. 13 ઓગસ્ટે બંને ગૃહોને ‘સાઈન ડાઈ’ એટલે કે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા, પરંતુ સત્રાવસાન ન થતાં સંસદનું સત્ર સત્તાવાર રીતે બંધ થયું નથી. સામાન્ય રીતે સત્રાવસાન બાદ જ એક સત્ર પૂર્ણ થયું હોવાનું માનવામાં આવે છે અને ત્યારબાદ આગામી સત્ર માટે નવી પ્રક્રિયા શરૂ થાય છે. આ સ્થિતિ અગાઉ પણ જોવા મળી છે, પરંતુ 2026માં થયેલો 40 દિવસનો વિલંબ ખાસ નોંધપાત્ર છે. 2015માં પણ સંસદના બંને ગૃહોને સ્થગિત કર્યા બાદ 28 દિવસ સુધી સત્રાવસાન થયું નહોતું. તે સમયે સરકાર ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ એટલે કે GST સાથે સંબંધિત કાયદા માટે રાજકીય સહમતી બનાવવાનો પ્રયાસ કરી રહી હતી. હવે 2026માં 40 દિવસનો સમયગાળો આ અગાઉના રેકોર્ડ કરતાં લાંબો થઈ ગયો છે. તેથી સંસદીય બાબતોના જાણકારો અને રાજકીય પક્ષોની નજર આ પ્રક્રિયા પર ટકેલી છે. ચોમાસુ સત્રની કાર્યવાહી 20 જુલાઈથી 13 ઓગસ્ટ સુધી ચાલી હતી. સરકારી આંકડા પ્રમાણે આ સમયગાળામાં બંને ગૃહોની કુલ 19 બેઠકો યોજાઈ હતી અને બંને ગૃહો દ્વારા કુલ 12 બિલ પસાર કરવામાં આવ્યા હતા. તેમાં કેટલાક મહત્વપૂર્ણ સરકારી બિલો ઉપરાંત અગાઉ જાહેર કરાયેલા વટહુકમોને કાયદામાં બદલતા બિલોનો પણ સમાવેશ થતો હતો. એટલે સત્રની નિયમિત કાર્યવાહી પૂર્ણ થયા બાદ બંને ગૃહો 13 ઓગસ્ટે અનિશ્ચિત સમય માટે સ્થગિત થયા હતા. હવે 40 દિવસથી વધુ સમય સુધી સત્રાવસાન ન થવાના કારણે રાજકીય અટકળો વધુ તેજ બની છે. કેટલાક અહેવાલો અને રાજકીય ચર્ચાઓમાં એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે કે સરકાર નવા સત્રની જાહેરાત કર્યા વિના જ કોઈ મહત્વપૂર્ણ કાયદાકીય કાર્યવાહી કરવા માટે હાલની સ્થિતિનો ઉપયોગ કરવા માંગતી હોઈ શકે છે.

# અમદાવાદ મંડળ દ્વારા ‘સ્વચ્છતા હી સેવા 2026’ અંતર્ગત વ્યાપક સ્વચ્છતા તથા જનજાગૃતિ અભિયાનનું આયોજન

**સઘન સ્વચ્છતા અભિયાન, સ્ટેશનો તથા ટ્રેનોની સફાઈ, કચરાનું પૃથક્કરણ, સ્વચ્છતા શપથ તેમજ રેલવે કોલોનીઓમાં જનજાગૃતિ પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતાનો સંદેશ**





## પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ‘સ્વચ્છતા હી સેવા 2026’ અંતર્ગત આયોજિત વિવિધ સ્વચ્છતા ઝલકીઓ

અમદાવાદ, તા.23

રાષ્ટ્રવ્યાપી ‘સ્વચ્છતા હી સેવા 2026’ અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મંડળના વિવિધ સ્ટેશનો, ટ્રેનો, કોચિંગ પ્રતિષ્ઠાનો, રેલવે કોલોનીઓ તથા કચેરીઓમાં વ્યાપક સ્વચ્છતા, સફાઈ અને જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. 21 થી 24 સપ્ટેમ્બર 2026 દરમિયાન આયોજિત આ પ્રવૃત્તિઓમાં સ્વચ્છ સ્ટેશનો, સ્વચ્છ ટ્રેનો, કચરાનું પૃથક્કરણ, પ્લાસ્ટિકમુક્ત પરિસર તથા જનભાગીદારી દ્વારા સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

21 અને 22 સપ્ટેમ્બર 2026ના રોજ ‘સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ ટ્રેન તથા સ્વચ્છ જાહેર પરિસર’ અભિયાન અંતર્ગત મંડળના 31 મુખ્ય તથા બિન-મુખ્ય સ્ટેશનો પર સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન 58 સ્ટેશનો પર સફાઈ મશીનો, સાધનો તથા વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો (PPE) ની ઉપલબ્ધતા અને કાર્યક્ષમતાની તપાસ કરવામાં આવી તેમજ 24 કચરા પૃથક્કરણ ડબ્બાઓની પણ તપાસ કરવામાં આવી હતી. પ્લાસ્ટિકમુક્ત પ્લેટફોર્મ અભિયાન અંતર્ગત 104 પ્લેટફોર્મ/વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી, જ્યારે 18 નિર્ધારિત/વિશેષ ટ્રેનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 37 સ્ટેશનોના શૌચાલયોની તથા 362 કોચના શૌચાલયોની સફાઈ કરવામાં આવી હતી. કચેરીઓમાં સ્વચ્છ ડેસ્ક તથા ડિજિટલ દસ્તાવેજીકરણને પ્રોત્સાહન આપતાં 38 સ્થળોએ ડિજિટલ ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું હતું.

આ સ્વચ્છતા અભિયાનો દરમિયાન વિવિધ પ્રકારના કચરાનું પૃથક્કરણ તથા નિકાલ પણ કરવામાં આવ્યો હતો. 21-22 સપ્ટેમ્બર દરમિયાન 1,698 કિલોગ્રામ સૂકો કચરો, 4,329 કિલોગ્રામ ભીનો કચરો, 19 કિલોગ્રામ સેનિટરી કચરો તથા 12 કિલોગ્રામ વિશેષ દેખભાળવાળા કચરાનું એકત્રીકરણ તથા નિકાલ કરવામાં આવ્યો હતો. આ રીતે આ સમયગાળા દરમિયાન કુલ 6,058 કિલોગ્રામ કચરો એકત્રિત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

23 અને 24 સપ્ટેમ્બર 2026ના રોજ ‘જનભાગીદારી એડવોકેસી’ અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપન (SWM) નિયમો 2026, કચરાનું પૃથક્કરણ, કમ્પોસ્ટિંગ તથા સિંગલ-યુઝ પ્લાસ્ટિકથી બચાવ અંગે જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રેલવે કોલોનીઓ તથા વિવિધ સ્થળોએ લોકોને ખાસ કરીને ભીના અને સૂકા કચરાના પૃથક્કરણ તેમજ સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન 270 કિલોગ્રામ સૂકો તથા 1,215 કિલોગ્રામ ભીનો કચરો એકત્રિત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

અભિયાન અંતર્ગત અમદાવાદ સ્ટેશન તથા સરસપુર-1 રેલવે કોલોનીમાં સ્વચ્છતા શપથ અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક લોકોએ ભાગ લીધો હતો. આ દરમિયાન મુસાફરોને ખાસ કરીને ભીના અને સૂકા કચરાના પૃથક્કરણના મહત્વ અંગે માહિતી આપવામાં આવી હતી. મહેસાણા રેલવે સ્ટેશન પર સ્વચ્છ ભારત શપથનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ગાંધીધામ વિસ્તારની સરકારી શાળાના બાળકો વચ્ચે SWM નિયમો 2026 તથા કચરાના પૃથક્કરણ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અભિયાનમાં ટેકનોલોજી અને પર્યાવરણ સંરક્ષણને પણ જોડવામાં આવ્યા છે. ICD-SBI ડેપો ખાતે પેપરલેસ ડિજિટલ ડોક્યુમેન્ટેશન સિસ્ટમ વિકસાવવામાં આવી છે, જેના માધ્યમથી ઉપકરણો તથા ગેજના કેલિબ્રેશન સંબંધિત માહિતી ડિજિટલ રીતે નોંધવામાં આવી રહી છે. આ પહેલ દ્વારા કાગળના ઉપયોગ તથા બિનજરૂરી પ્રિન્ટિંગમાં ઘટાડો કરવાની સાથે રેકોર્ડ વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવાનો અને સ્વચ્છ તથા ટકાઉ કાર્યપરિસરને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

23 સપ્ટેમ્બર 2026ના રોજ અભિયાન અંતર્ગત વિવિધ રેલવે કોલોનીઓમાં પણ જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્રાંગધ્રા રેલવે કોલોની, કાંકરિયા રેલવે કોલોની તથા વટવા રેલવે કોલોનીમાં ઘરે-ઘરે જઈને જાગૃતિ અભિયાન તેમજ સાબરમતી ન્યૂ રેલવે કોલોનીમાં જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓના માધ્યમથી રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને સ્વચ્છતા, કચરાનું પૃથક્કરણ અને જિમ્મેદાર કચરા વ્યવસ્થાપન પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા.

અમદાવાદ મંડળ દ્વારા ચલાવવામાં આવી રહેલા આ વિવિધ અભિયાનો સ્વચ્છતામાં સહભાગિતા, સ્વચ્છ રેલવે અને સ્વચ્છ ભારત’ના સંદેશને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસો છે. સતત સ્વચ્છતા, જનભાગીદારી, કચરાનું પૃથક્કરણ અને ટેકનોલોજીના અસરકારક ઉપયોગ દ્વારા મંડળ સ્વચ્છ, હરિત તથા ટકાઉ રેલવે પરિસરની દિશામાં પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહ્યું છે.

**રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના અવસરે એકતાનગરથી વડોદરા માટે હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન**

## ફિલ્મ જગતના મહેમાનો તથા વિશિષ્ટ આમંત્રિતોને ભારતીય રેલવેની ગૌરવશાળી વિરાસતથી પરિચિત કરાવવાની વિશેષ પહેલ

અમદાવાદ, તા.23

કેવડિયામાં આયોજિત 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં દેશભરમાંથી ઉપસ્થિત પુરસ્કાર વિજેતાઓ, ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત મહેમાનો તથા અન્ય વિશિષ્ટ આમંત્રિતોની સુવિધા માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા એકતાનગર સ્ટેશનથી વડોદરા માટે હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું વિશેષ સંચાલન કરવામાં આવ્યું હતું.

આ વિશેષ ટ્રેનનું પ્રસ્થાન એકતાનગર સ્ટેશનથી રાત્રે 9:00 વાગ્યે કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના અવસરે આયોજિત આ વિશેષ રેલયાત્રાનો હેતુ મહેમાનોને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાની સાથે-સાથે ભારતીય રેલવેની સમૃદ્ધ અને ગૌરવશાળી રેલ વિરાસતથી પરિચિત કરાવવાનો હતો.



હેરિટેજ સ્પેશિયલ ટ્રેન ભારતીય રેલવેની વિરાસત, આધુનિક ટેકનોલોજી અને પ્રવાસનના સમન્વયનું અનોખું ઉદાહરણ છે. ટ્રેનની વિશેષ સંરચના અને સંચાલન દ્વારા મુસાફરોને ભાપ એન્જિનના સુવર્ણ યુગની અનુભૂતિ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આધુનિક ઈલેક્ટ્રિક પ્રણાલીથી સંચાલિત હોવા છતાં ટ્રેનમાં ભાપ અને ધુમાડાની વિશેષ અસર તેમજ હોર્નની વ્યવસ્થા કરવામાં આવી છે, જે જૂના સમયના ભાપ એન્જિનની યાદોને જીવંત કરે છે.

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેનના કોચમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ટ્રેનમાં છ કોચ, પેન્ટ્રીની સુવિધા તથા આકર્ષક સેલ્ફી પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા કોચ મુસાફરોને આરામદાયક અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે.

ટ્રેન નંબર 09409 અમદાવાદ-એકતાનગર સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન દર શનિવાર અને રવિવારે સવારે 06:10 વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરીને 09:50 વાગ્યે એકતાનગર પહોંચે છે. એ જ રીતે ટ્રેન નંબર 09410 એકતાનગર-અમદાવાદ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન દર શનિવાર અને રવિવારે 20:35 વાગ્યે એકતાનગરથી પ્રસ્થાન કરીને બીજા દિવસે 00:05 વાગ્યે અમદાવાદ પહોંચે છે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન વડોદરા સ્ટેશન પર રોકાય છે.

આ ટ્રેનમાં ચાર એસી વિસ્ટાડોમ પ્રકારના કોચ છે, જેમાં ત્રણ વાતાનુકૂલિત એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ અને એક રેસ્ટોરન્ટ ડાઇનિંગ કારનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ 2023માં એકતાનગરથી સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેનની શરૂઆત કરવામાં આવી હતી. આ ટ્રેન ભારતીય રેલવેની સમૃદ્ધ વિરાસતને પ્રદર્શિત કરવા તેમજ પ્રવાસનને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના અવસરે આ હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન ભારતીય સિનેમા અને ભારતીય રેલવેની ગૌરવશાળી વિરાસત વચ્ચે વિશેષ સમન્વયનું અવસર બન્યું. સમારોહમાં ઉપસ્થિત મહેમાનોને આ વિશેષ યાત્રા દ્વારા આરામદાયક રેલ મુસાફરીની સાથે-સાથે ભારતીય રેલવેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતનો અનુભવ પણ પ્રાપ્ત થયો.

હેરિટેજ સ્પેશિયલ ટ્રેન દ્વારા આયોજિત આ વિશેષ યાત્રા મહેમાનો માટે સુવિધાજનક, યાદગાર અને વિરાસત સાથે જોડાયેલો વિશિષ્ટ રેલ અનુભવ સાબિત થઈ.



સેવા મારો યોગદાન CHC કડાણા..... મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના CHC કડાણા ખાતે આરોગ્ય સેવા અભિયાન અંતર્ગત આરોગ્ય સેવા જનજાગૃતિ અને સ્વચ્છતા અભિયાન હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પ નું આયોજન તારીખ:- 23/9/2026 ના રોજ કરવામાં આવ્યું. જિલ્લા પ્રમુખ શ્રી કલ્પનાબા પુવાર તાલુકા પ્રમુખશ્રી જયંતીભાઈ ડામોર સંગઠન પ્રમુખ શ્રી જયંતીભાઈ પ્રજાપતિ ઉપસ્થિત અધિકારી શ્રી ડોક્ટર સી.આર. પટેલિયા આર.સી.એચ.ઓ.શ્રી ડોક્ટર એસ.સી.ઢાકા શ્રી ડોક્ટર સંજય પટેલ અધિક્ષક શ્રી ડોક્ટર નિખિલ ખરાડી ડોક્ટર ભાવિકા ડામોર ડોક્ટર ઉમંગ પટેલ ડોક્ટર હિમાંશુ ડામોર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી. હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પ દરમિયાન ઓપીડી 152 પીડીયાટ્રીક 13 એ એન સી 52 ફિઝિશિયન સેવા 11 આઈપીડી 30 કેન્સર સ્ક્રિનિંગ 52 તેમજ લેબ ટેસ્ટ 110 કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપ્રિટેન્ડેન્ટ કડાણા સી.એચ.સી. ડોક્ટર શ્રી નિખિલભાઈ ખરાડી દ્વારા કરવામાં આવ્યું.....(ભરતભાઈ એ.પંડ્યા. દીવડા કોલોની.)

## અમદાવાદમાં નરોડા પોલીસના કોન્સ્ટેબલે એક્ટિવાને ટક્કર મારી, દારૂના નશામાં ચૂર જોઈ લોકોએ ફટકાર્યો

અમદાવાદ, તા.23

રાજ્યમાં કાગળ પર ભલે દારૂબંધીના દાવા થતા હોય, પરંતુ કાયદો અને વ્યવસ્થાની રક્ષા કરવાની જવાબદારી જેના પર છે તે જ રક્ષકો જ્યારે ભક્ષક બને ત્યારે સમગ્ર વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થાય છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં નરોડા પોલીસ સ્ટેશનના જ એક કોન્સ્ટેબલની શરમજનક કરતૂત સામે આવી છે, જેમાં તેણે ચિક્કાર દારૂના નશામાં ફુલ સ્પીડ કાર હંકારીને એક એક્ટિવાચાલક અને તેની સગીર ભત્રીજીને અડફેટે લીધા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 21 સપ્ટેમ્બરના રોજ રાત્રે આશરે 11 વાગ્યાની આસપાસ કાસિન્દ્રાના 40 વર્ષીય આશિષ મહેન્દ્રભાઈ પટેલ પોતાની 15 વર્ષની ભત્રીજીને પાછળ બેસાડીને એક્ટિવા પર સપ્તેશ્વર મહાદેવ મંદિર પાસેથી ચાંદખેડા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સ્નેહ પ્લાઝા રોડ તરફથી પૂરઝડપે આવી રહેલી ક્રેટા કારના ચાલકે એક્ટિવાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક્ટિવા પર સવાર કાકા-ભત્રીજી રોડ પર પટકાયા



હતા. જેમાં સગીરાને ડાબા પગ અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક ભાગવાની ફિરાતમાં હતો, પરંતુ આસપાસ એકત્ર થયેલા સ્થાનિક લોકોએ સાહસ દાખવીને કારચાલકને સ્થળ પર જ ઝડપી લીધો હતો. જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે જાણ થઈ કે કાર ચલાવનાર શખ્સ બીજું કોઈ નહીં પરંતુ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો પોલીસ કોન્સ્ટેબલ ગૌરાંગ બળદેવ દવે છે, જે નિકોલમાં રહે છે અને ઘટના સમયે ચિક્કાર નશામાં ધૂત હતો. ગુસ્સે ભરાયેલા લોકોએ નશામાં ધૂત કોન્સ્ટેબલને પકડીને મેથીપાક ચખાડ્યો હતો બાદમાં પોલીસને હવાલે કર્યો હતો. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યારે કાયદાનું પાલન કરાવવાની જવાબદારી ધરાવતા કર્મચારીઓ જ કાયદાના લીરેલીરા ઉડાવે ત્યારે સામાન્ય નાગરિકોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ સર્જાય છે. ચાંદખેડા પોલીસે આ મામલે ગુનો નોંધીને કોન્સ્ટેબલ ગૌરાંગ દવેની ધરપકડ કરી લીધી છે અને અકસ્માતમાં ઉપયોગમાં લેવાયેલી ક્રેટા કાર પણ કબજે કરી છે. પોલીસ દ્વારા આ મામલે વધુ કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નરોડા પોલીસ સ્ટેશન અગાઉ પણ વિવાદોમાં આવી ચુક્યું છે. જેમાં એક કર્મચારી લાખો રૂપિયાનો તોડ કરતો ઝડપાયા બાદ પોલીસને શરમે ધરમે તેને સસ્પેન્ડ કરવાની ફરજ પડી હતી. આ ઓડિયોના કારણે ભારે ચકચાર પણ મચી ગઈ હતી.

## ધોળકામાં કેમિકલયુક્ત પાણીના મુદ્દે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ

**પાંચ ગામોમાં પ્રદૂષિત પાણીના નિકાલનો વિરોધ, જિગ્નેશ મેવાણીનું સમર્થન, 24મીએ ‘ધોળકા બંધ’નું એલાન અને પ્રાંત કચેરી સુધી રેલીની જાહેરાત**

અમદાવાદ, તા.23

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના પાંચ ગામોમાં દૂષિત અને કેમિકલયુક્ત પાણીના નિકાલના મુદ્દે ખેડૂતો તથા સ્થાનિક રહેવાસીઓમાં અસંતોષ વધુ ઉગ્ર બન્યો છે. ભેટાવાડા ગામે છેલ્લા 25 દિવસથી ચાલી રહેલા આંદોલનને હવે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ સમર્થન જાહેર કરતાં સમગ્ર મામલો વધુ ચર્ચામાં આવ્યો છે. મેવાણીએ ભેટાવાડા સહિત નેસડા, પાલડી, આંબારેલી અને ત્રાસદ ગામોની મુલાકાત લઈને સ્થાનિક ખેડૂતો અને નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો અને પ્રદૂષિત પાણીના કારણે ઊભી થયેલી સમસ્યાઓ અંગે તેમની રજૂઆતો સાંભળી હતી.

સ્થાનિક ખેડૂતોનો આક્ષેપ છે કે વિસ્તારમાં દૂષિત અને કેમિકલયુક્ત પાણીના નિકાલને કારણે ખેતીની જમીન પર ગંભીર અસર થઈ રહી છે. લાંબા સમયથી પાણીના નિકાલનો પ્રશ્ન ઉકેલાયો ન હોવાથી ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. ભેટાવાડા ગામે શરૂ થયેલા આંદોલનને અન્ય



અસરગ્રસ્ત ગામોના લોકોનું પણ સમર્થન મળી રહ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે ખેતી તેમની આજીવિકાનું મુખ્ય સાધન છે અને જમીન તથા પાણીના સ્ત્રોત પ્રદૂષિત થતાં ભવિષ્યમાં ખેતી પર ગંભીર અસર થવાની ભીતિ ઊભી થઈ છે.

આ સમગ્ર મુદ્દે જિગ્નેશ મેવાણીએ સરકાર અને સ્થાનિક તંત્રની કામગીરી સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. મેવાણીએ આક્ષેપ કર્યો છે કે ઉદ્યોગોના હિતોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે અને સામાન્ય ખેડૂતો તથા ગ્રામજનોની સમસ્યાઓને પૂરતું મહત્વ આપવામાં આવતું નથી. તેમણે નગરપાલિકા અને ખાનગી કંપનીઓ વચ્ચેની કથિત મિલીભગતનો પણ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ઝેરી અને કેમિકલયુક્ત પાણી ખુલ્લેઆમ છોડવામાં આવતું હોવાના કારણે આસપાસના વિસ્તારોમાં ખેતીની જમીનને નુકસાન થઈ રહ્યું છે.

મેવાણીના દાવા મુજબ ધોળકા તાલુકામાં દૂષિત પાણીના કારણે અંદાજે 10 હજાર એકર ફળદ્રુપ જમીન બરબાદ થઈ ગઈ છે. આ ઉપરાંત તેમણે પ્રદૂષણ સાથે જોડાયેલા સ્વાસ્થ્યના મુદ્દે પણ ગંભીર દાવો કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર વિસ્તારમાં પ્રદૂષણને કારણે 54 નાગરિકોના કેન્સર જેવી ગંભીર બીમારીથી મોત થયાં છે. જોકે, આ આંકડા અને પ્રદૂષણ તથા બીમારી વચ્ચેના સીધા સંબંધ અંગે સત્તાવાર તબીબી અથવા સરકારી તપાસનો અહેવાલ શું કહે છે તે અંગે વધુ સ્પષ્ટતા જરૂરી છે.

પાંચ ગામોની મુલાકાત દરમિયાન મેવાણીએ સ્થાનિક લોકો સાથે બેઠક કરી હતી અને દૂષિત પાણીના નિકાલથી ખેડૂતોને થઈ રહેલી મુશ્કેલીઓ અંગે માહિતી મેળવી હતી. ખેડૂતો દ્વારા જમીનની ગુણવત્તા, ખેતીના ઉત્પાદન અને પાણીના સ્ત્રોતને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. આથી હવે આંદોલનને વધુ વ્યાપક બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

ભેટાવાડા ગામે છેલ્લા 25 દિવસથી ચાલી રહેલા આંદોલન દરમિયાન ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓ દ્વારા દૂષિત પાણીના નિકાલ સામે વિરોધ કરવામાં આવી રહ્યો છે. આંદોલનકારીઓની મુખ્ય માગ એ છે કે કેમિકલયુક્ત પાણીનો નિકાલ તાત્કાલિક બંધ કરવામાં આવે અને પ્રદૂષણના સ્ત્રોતની યોગ્ય તપાસ કરીને કાયમી ઉકેલ લાવવામાં આવે. સાથે જ અસરગ્રસ્ત જમીન અને ખેડૂતોને થયેલા નુકસાન અંગે પણ યોગ્ય કાર્યવાહી કરવાની માગ ઉઠી રહી છે. મામલો હવે રાજકીય સ્તરે પણ ગરમાયો છે. જિગ્નેશ મેવાણીએ આગામી 24 સપ્ટેમ્બરે ‘ધોળકા બંધ’નું એલાન આપ્યું છે. આ ઉપરાંત પ્રાંત કચેરી સુધી વિશાળ રેલી કાઢવાની પણ જાહેરાત કરવામાં આવી છે. મેવાણીના સમર્થન બાદ પાંચ ગામોના ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓના આંદોલનને વધુ વ્યાપક સમર્થન મળવાની શક્યતા છે. બંધ અને રેલી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક તંત્રએ પણ તૈયારીઓ કરવી પડશે. મેવાણીએ પ્રશાસનને ચેતવણી આપતાં જણાવ્યું છે કે દૂષિત પાણીના પ્રશ્નનો વહેલી તકે કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે તો આ મુદ્દાને લઈને આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. તેમણે આગામી 2027ની વિધાનસભા ચૂંટણીનો ઉલ્લેખ કરીને શાસક પક્ષને રાજકીય પરિણામો ભોગવવાની ચેતવણી પણ આપી છે.

# એશિયન ગેમ્સમાં મીરાબાઈ ચાનુએ ઇતિહાસ રચ્યો, વેઇટલિફ્ટિંગમાં ભારતને 28 વર્ષ બાદ મેડલ

## ભારતની દિગ્ગજ વેઇટલિફ્ટર મીરાબાઈ ચાનુએ એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે

નવી દિલ્હી, તા.23

ભારતની દિગ્ગજ વેઇટલિફ્ટર મીરાબાઈ ચાનૂએ એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. આઈચી-નાગોયામાં યોજાઈ રહેલી એશિયન ગેમ્સમાં ચાનૂએ મહિલાઓની 49 કિગ્રા કેટેગરીમાં કુલ 198 કિગ્રા વજન ઉઠાવીને રજત પદક જીત્યો. એશિયન ગેમ્સમાં મીરાબાઈનો આ પ્રથમ પદક છે. સાથે જ ભારતને વેઇટલિફ્ટિંગમાં 28 વર્ષ બાદ એશિયન ગેમ્સનો પદક મળ્યો છે. મીરાબાઈ ચાનૂ ગોલ્ડ મેડલની દાવેદાર માનવામાં આવી રહી હતી, પરંતુ 198 કિગ્રાના કુલ સ્કોર સાથે તેઓ બીજા સ્થાને રહી. તેમણે સ્નેચમાં 87 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 111 કિગ્રા વજન ઉઠાવ્યું.



મીરાબાઈએ સ્નેચમાં 83 કિગ્રાથી શરૂઆત કરી હતી. બીજા પ્રયાસમાં તેમણે 85 કિગ્રા અને ત્રીજા પ્રયાસમાં સફળતાપૂર્વક 87 કિગ્રા વજન ઉઠાવ્યું હતું. ક્લીન એન્ડ જર્કમાં તેમણે 107 કિગ્રાથી શરૂઆત કરી અને બીજા પ્રયાસમાં 111 કિગ્રા વજન ઉઠાવવામાં સફળ રહ્યાં. આ સાથે તેમનો કુલ સ્કોર 198 કિગ્રા થયો અને તેમણે રજત પદક પોતાના નામે કર્યો.

મીરાબાઈ ચાનૂનો જન્મ 8 ઓગસ્ટ, 1994ના રોજ મણિપુરના નોંગપોક કાકચિંગ ગામમાં થયો હતો. તેમનું બાળપણ અનેક સંઘર્ષો વચ્ચે પસાર થયું. તેઓ નાની ઉંમરે પહાડ પરથી ઈંધણ માટે લાકડાં એકત્ર કરીને ઘરે લાવતાં હતાં. બાળપણમાં મીરાબાઈ તીરંદાજ બનવા માગતી હતી અને ધોરણ 7 સુધી તેમણે આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું સપનું જોયું હતું. જોકે ધોરણ 8માં તેમની જિંદગીનો માર્ગ બદલાઈ ગયો. મીડિયા અહેવાલો અનુસાર, શાળાની એક પુસ્તકમાં તેમણે ભારતની જાણીતી વેઇટલિફ્ટર કુન્જરાની દેવી વિશે વાંચ્યું. કુન્જરાની દેવીએ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સાત રજત અને એશિયન ગેમ્સમાં બે કાંસ્ય પદક જીત્યા હતા. આ વાંચ્યા બાદ મીરાબાઈને વેઇટલિફ્ટિંગ પ્રત્યે રસ જાગ્યો અને તેમણે આ રમતને પોતાની કારકિર્દી બનાવી.

મીરાબાઈ ચાનૂને પોતાના ગામ અને દેશ સાથે ખાસ લગાવ છે. તેઓ વિદેશ પ્રવાસ દરમિયાન પણ પોતાના ગામનું ચોખા સાથે લઈ જતી હોવાની વાત સામે આવી છે. વિદેશમાં પણ તેઓ પોતાના ગામના ચોખા ખાવાનું પસંદ કરે છે. તેમની સફરમાં અનેક મુશ્કેલીઓ પણ આવી હતી. ઈમ્ફાલમાં આવેલી સ્પોર્ટ્સ એકેડેમી તેમના ગામથી આશરે 25 કિલોમીટર દૂર હતી અને ત્યાં રોજ જવા માટે તેમના પરિવાર પાસે પૂરતા પૈસા નહોતા. આવા સમયે રેતી ઈમ્ફાલ લઈ જતા ટ્રક ડ્રાઈવરો તેમની મદદે આવ્યા. મીરાબાઈ તેમની પાસેથી લિફ્ટ લઈને તાલીમ માટે ઈમ્ફાલ પહોંચતી હતી. સંઘર્ષો વચ્ચે શરૂ થયેલી આ સફરે આગળ જઈને તેમને ભારતની જાણીતી વેઇટલિફ્ટર બનાવી અને દેશ માટે અનેક આંતરરાષ્ટ્રીય પદકો જીતાડ્યા.

# જય મીણાએ સોફ્ટ ટેનિસમાં રચ્યો ઇતિહાસ, મીરાબાઈ ચાનુ ગોલ્ડ મેડલ ચૂકી

નવી દિલ્હી, તા.23

એશિયન ગેમ્સ 2026ના ચોથા દિવસે ભારતીય ખેલાડીઓએ વિવિધ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જારી રાખ્યું છે. આજનો દિવસ ખાસ કરીને સોફ્ટ ટેનિસ અને શૂટિંગમાં ભારત માટે સફળ રહ્યો છે, જ્યાં ભારતે વધુ કેટલાક પદકો પોતાના નામે કર્યા છે. બીજી બાજુ મીરાબાઈ ચાનુ વેઈટલિફ્ટિંગમાં ગોલ્ડ મેડલ ચૂકી ગઈ હતી અને તેણે સિલ્વર મેડલ સાથે સંતોષ માન્યો હતો.



એશિયન ગેમ્સમાં ભારતના અત્યાર સુધીના મેડલ વિજેતાઓની યાદી (કુલ 11 મેડલ): ઈલાવેનિલ વલારિવન, સોનમ મસ્કર અને વિદર્શા વિનોદ - મહિલા 10 મીટર એર રાઇફલ ટીમ ઈવેન્ટ (શૂટિંગ): સિલ્વર મેડલ

ઈલાવેનિલ વલારિવન - મહિલા 10 મીટર એર રાઇફલ (શૂટિંગ): સિલ્વર મેડલ

રુદ્રાંશ પાટીલ, હિમાંશુ ઢિલ્લોન અને પાર્થ રાકેશ માને - મેન્સ 10 મીટર એર રાઇફલ ટીમ ઈવેન્ટ (શૂટિંગ): સિલ્વર મેડલ

સુચિકા તરિયાલ - મહિલા ટ્રેડિશનલ ૬૦ કિગ્રા (MMA): બ્રોન્ઝ મેડલ

રુદ્રાંશ પાટીલ - મેન્સ 10 મીટર એર રાઇફલ (શૂટિંગ): બ્રોન્ઝ મેડલ

હિમાંશુ ઢિલ્લોન - મેન્સ 10 મીટર એર રાઇફલ (શૂટિંગ): સિલ્વર મેડલ

મહિલા ક્રિકેટ ટીમ: ગોલ્ડ મેડલ

રાયઝા ઢિલ્લોન, માહેશ્વરી ચૌહાણ અને પરિનાઝ ધાલીવાલ - શૂટિંગ (સ્કીટ મહિલા ટીમ ઈવેન્ટ): બ્રોન્ઝ મેડલ

અનંતજીત સિંહ નારુકા, મૈરાજ અહમદ ખાન અને ભાવતેજ સિંહ ગિલ - શૂટિંગ (સ્કીટ પુરુષ ટીમ ઈવેન્ટ): બ્રોન્ઝ મેડલ

જય મીણા - સોફ્ટ ટેનિસ: બ્રોન્ઝ મેડલ

મીરાબાઈ ચાનુ (વેઈટ લિફ્ટિંગ) : સિલ્વર મેડલ

સોફ્ટ ટેનિસમાં ઈતિહાસ રચાયો

આજના દિવસનું સૌથી મોટું આકર્ષણ સોફ્ટ ટેનિસ રમત રહી છે. ભારતના જય મીણા સેમિફાઇનલ મુકાબલામાં જાપાનના તુકોયા કુરુસાકા સામે 2-4થી હારી ગયા હોવા છતાં, તેમણે દેશ માટે બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે. એશિયન ગેમ્સના ઈતિહાસમાં સોફ્ટ ટેનિસમાં ભારતનો આ સર્વપ્રથમ મેડલ છે, જેણે દેશનું ગૌરવ વધાર્યું છે.

# અજય દેવગણની થ્રીલરનું નામ બદલી સૂર્યસ્પર્શ કરવામાં આવ્યું

મુંબઇ, તા.23

અજય દેવગણની ફિલ્મ 'ગૃહ પ્રવેશ'નું નામ બદલીને હવે 'સૂર્ય સ્પર્શ' કરવામાં આવ્યું છે. રોહિત જુગરાજ નિર્દેશિત ફિલ્મમાં અજય દેવગણ એક ભેદી પાત્ર ભજવતો જોવા મળશે.




ગરૂડ પુરાણ આધારીત આ ફિલ્મમાં ભગવાન વિષ્ણુ અને પક્ષીરાજ ગરૂડ વચ્ચે થતાં સંવાદની વાત વણી લેવામાં આવશે. ફિલ્મના રહસ્યમય અને ડરામણાં માહોલને જોતાં તેનું નવું નામ 'સૂર્યસ્પર્શ'રૂ યોગ્ય છે તેવો દાવો કરાયો છે. ફિલ્મને ૨૦૨૭ના ઉત્તરાર્ધમાં રજૂ કરવાની નેમ હોઈ ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરથી શરૂ કરી દેવામાં આવ્યું છે જે આખો નવેમ્બર મહિનો ચાલશે. અજય દેવગણ ફિલ્મનો સહ નિર્માતા પમ છે. રોહિત જુગરાજે અજય દેવગણની ૨૦૦૩માં આવેલી ફિલ્મ 'ભૂત'માં રામ ગોપાલ વર્માના સહાયક નિર્દેશક તરીકે કામ કર્યું હતું.

# સની કૌશલ અને ઈસાબેલ કૈફનો તુર્કીની ખીણોમાં રોમાન્સ!

મુંબઇ, તા.23

કેટરિન કૈફના પતિ વિકી કૌશલના ભાઈ સની કૌશલ અને કેટરિના કૈફની બહેન ઈસાબેલ કૈફ વિશે ડેટિંગની અફવાઓ આજકાલ ફેલાઈ છે. તુર્કી વેકેશનના બંનેના એક્સરખા ફોટાએ ચાહકોમાં ચર્ચા જગાવી છે કે શું બોલિવૂડને કોઈ નવું કપલ મળી ગયું છે! સની અને ઈસાબેલ કૈફના તુર્કી વેકેશનના ફોટાએ હાલમાં સોશિયલ મીડિયા પર ચકચાર મચાવી છે. ચાહકોએ તેમના વેકેશનના ફોટામાં કેટલીક સમાનતાઓ જોતાં અટકળો શરૂ થઈ કે તેઓ ડેટિંગ કરી રહ્યાં છે. જો કે હજુ સુધી તેમના સંબંધોની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સની





કૌશલ અને ઈસાબેલ કૈફની તુર્કી ટ્રીપની સોશિયલ મીડિયા પોસ્ટ્સે સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેમના ફોટામાં જોવા મળતાં સ્થળો અને વેકેશનમાં સમાનતા જોઈને, ચાહકો અનુમાન લગાવવા લાગ્યા છે કે શું બંને સાથે વેકેશન માણી રહ્યાં છે! આજકાલ, ચાહકો સોશિયલ મીડિયા પર બોલીવુડ સ્ટાર્સની દરેક નાની-મોટી ક્રિયા પર નજર રાખે છે. તેમના ફોટા, વીડિયો અને સ્થાનની માહિતી ઘણીવાર વિવિધ અટકળો તરફ દોરી જાય છે. સની અને ઈસાબેલ સાથે પણ આવું જ છે. તેમના સંબંધો વિશેનું સત્ય હજુ સુધી બહાર આવ્યું નથી. સની કૌશલ "શિદ્દત" અને "ફિર આય હસીન દિલરુબા" જેવી ફિલ્મોમાં દેખાયો છે. ઈસાબેલ કૈફ હિન્દી ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવી ચૂકી છે. તે ફિલ્મ "ટાઇમ ટુ ડાન્સ"માં જોવા મળી હતી.

# પ્રિયંકા ચતુર્વેદી અને ખુશબૂ દોડી આવી કેટરિનાના સમર્થનમાં

## "પુરુષો ટાલ પડી જાય છે, પછી કોઈ પૂછતું નથી," પ્રિયંકા ચતુર્વેદી અને ખુશબુએ કેટરીના માટે ટિપ્પણી કરનારાઓ પર પ્રહારો કર્યા

મુંબઇ, તા.23

એક સમયની ચિકની ચમેલી કેટરિના કૈફ મમ્મી બન્યા પછી સ્વાભાવિક રીતે પહેલાંના જેવું શરીર સૌષ્ઠવ જાળવી શકી નથી. એ ઘણી જાડી થઈ ગઈ છે. એ અત્યાર સુધી પતલી કમરવાળી હતી ત્યાં સુધી એની નોંધ સુદ્ધાં નહીં લેનારા હવે એના ભદ્દા શરીર માટે ટીકા કરવા કૂદી પડેલા છે. નેત્રી પ્રિયંકા ચતુર્વેદી અને અભિનેત્રી કમ નેત્રી ખુશબૂ સુંદરે કેટરિના કૈફના વજન વધવાની ટીકા કરનારાઓને આડે હાથ લીધા છે. ખુશબુએ તો સોશિયલ મિડીયા પર એક લાંબી પોસ્ટ પણ લખીને સવાલ કર્યો છે કે પુરુષોને ટાલ પડી જાય છે ત્યારે કોઈ ટિપ્પણી કેમ નથી કરતું. તેણે એવું પણ કહ્યું છે કે "કેટરિના હંમેશા સુંદર રહી છે, છે અને હંમેશા સુંદર રહેશે."



બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફના વજન વધવાથી સોશિયલ મીડિયામાં ખળભળાટ મચી ગયો છે. નવેમ્બર 2025 માં તેના પુત્ર વિઆનના જન્મ પછી, તેના દેખાવ અંગે ચર્ચા થઈ છે. તાજેતરમાં ગણેશ ઉત્સવમાં અભિનેત્રીને જોયા પછી, કેટલાક લોકો તેની ટીકા કરવા લાગતાં માતૃત્વ અને ઉંમર સાથે આવતા મહિલાઓના શરીરમાં થતા ફેરફારો વિશે એક નવી ચર્ચા શરૂ થઈ છે. હવે, રાજકારણી અને ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ આ બાબતે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે. એટલું જ નહીં, પરંતુ પ્રખ્યાત દક્ષિણ ભારતીય અભિનેત્રી અને રાજકારણી ખુશબુ સુંદર પણ કેટરીનાના બચાવમાં આવ્યા છે. એક લાંબી પોસ્ટમાં, તેણીએ લખ્યું કે પુરુષોની કમર પણ 40 ઇંચ સુધી પહોંચી શકે છે, પરંતુ કોઈ કંઈ કહેતું નથી.

અગાઉ, કેટરિના કૈફના સમર્થનમાં, પાકિસ્તાની અભિનેતા અલી ઝફરથી લઈને ઋત્વિક રોશન, ટીવી ઉદ્યોગના બધા જ કલાકારો સોનારિકા ભદોરિયા અને શ્રદ્ધા આર્ય સુધીના બધાએ ટીકાકારોની ટીકા કરી હતી. 43 વર્ષીય કેટરિનાના સમર્થનમાં, સેલિબ્રિટીઓ વૃદ્ધત્વ અને શરીરના ફેરફારો અંગે સમાજનાં બેવડાં ધોરણો પર સવાલ ઉઠાવી રહ્યા છે. પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું, "સમજાવવાની કોઈ જરૂર નથી, તે આપણું જીવન છે, તે આપણું શરીર છે." પ્રિયંકા ચતુર્વેદીએ X પર લખ્યું છે કે "પ્રિય મહિલાઓ, તમારા વજનમાં વધારો કે ઘટાડો, તમારી ઉંમર, તમારા દેખાવ, તમારા શરીર અથવા તમારી ત્વચાને એવા લોકોને સમજાવવાની કોઈ જરૂર નથી જેમની પાસે આ બાબતો પર ટિપ્પણી કરવા સિવાય બીજું કંઈ નથી. ભલે તે આજે કેટરિના હોય કે કાલે કોઈ બીજું, આપણે કોઈના કોઈ ખુલાસા આપવાના ઋણી નથી - તે આપણું જીવન છે, આપણું શરીર છે, આપણી પસંદગીઓ છે."

ખુશબુએ કહ્યું, "જ્યારે સ્ત્રી બાળકને જન્મ આપે છે, ત્યારે તેનો પુનર્જન્મ થાય છે." ખુશબુ લખે છે કે પુરુષોને ઘણીવાર અનુભવ સાથે વૃદ્ધ થવા દેવામાં આવે છે અને તેમને આકર્ષક માનવામાં આવે છે. જ્યારે સ્ત્રીઓને કરચલીઓ, વજન વધારો, સફેદ વાળ અને તેમના શરીરમાં થતા અન્ય ફેરફારો માટે તીવ્ર તપાસનો સામનો કરવો પડે છે. જ્યારે સ્ત્રી બાળકને જન્મ આપે છે, ત્યારે હોર્મોનલ, શારીરિક, ભાવનાત્મક અને માનસિક ફેરફારો ખૂબ જ મોટા હોય છે. તેના શરીરે આ દુનિયામાં બીજું જીવન લાવ્યું છે અને તેનું પાલન-પોષણ કર્યું છે. છતાં, તેણે જે અનુભવ્યું છે તેને આવકારવાને બદલે, આપણે તે પછી કેવી દેખાય છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ." ખુશબુએ કેટરિના કૈફની પ્રશંસા કરતાં કહ્યું, "કેટરિના કૈફ હંમેશા સુંદર રહી છે, છે અને હંમેશા સુંદર રહેશે. મેં વ્યક્તિગત રીતે માતૃત્વ અને તેની સાથે આવતા ફેરફારોનો અનુભવ કર્યો છે.જ્યારે હું વધારે વજન ધરાવતી હતી, ત્યારે મારી મજાક ઉડાવવામાં આવતી હતી આજે, વજન ઘટાડ્યા પછી, મને પૂછવામાં આવે છે - અથવા સમાજે માની લીધું છે કે હું ઈન્જેક્શન લઈ રહી છું. સમાજના આમાંથી કેટલા લોકોએ મારા માટે આ ઈન્જેક્શન ખરીદ્યાં?

# હોરર ફિલ્મ વિષકન્યામાં રાજકુમાર રાવ સાથે પ્રતિભા રંટાની જોડી.....

## લાપતા લેડિઝથી ફિલ્મજગતમાં પ્રવેશેલી પ્રતિભા રન્ટા વિષકન્યાનું મુખ્ય પાત્ર ભજવશે

મુંબઇ, તા.23

ધર્મા પ્રોડક્શન્સની ફેન્ટસી હોરર ફિલ્મમાં રાજકુમાર રાવ અને પ્રતિભા રંટાની મુખ્ય ભૂમિકા ભજવવા માટે પસંદગી કરવામાં આવી છે. લાપતા લેડિઝ ફિલ્મથી ફિલ્મ જગતમાં પ્રવેશેલી પ્રતિભા રંટા આ ફિલ્મમાં વિષકન્યાની મુખ્ય ભૂમિકા ભજવશે. આ ફિલ્મનું નિર્દેશન ૨૦૨૩માં 'સુખી' ફિલ્મનું નિર્દેશન કરી ફિલ્મ નિર્દેશિકા બનેલી સોનલ જોશી કરશે. સોનલ જોશીએ 'ધૂમ ૩' અને 'તમાશા' જેવી ફિલ્મોમાં



પણ કામ કર્યું છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬ના અંતમાં શરૂ કરી દેવાશે. રાજકુમાર રાવે ધર્મા પ્રોડક્શન્સની 'મિસ્ટર એન્ડ મિસિસ માહિ'માં ૨૦૨૪માં કામ કર્યું હતું. આ જ રીતે પ્રતિભા રંટાએ પણ ધર્મા પ્રોડક્શન્સની 'એક્યુઝ'માં કામ કર્યું છે જે ફેબ્રુઆરી ૨૦૨૬માં ઓટીટી પર રજૂ થઈ હતી.

# પ્રભાસની ફિલ્મ કલ્કિ ટુનું ૩૦ ટકા શૂટિંગ પુરૂ થઈ ગયું

મુંબઇ, તા.23

પ્રભાસની આગામી ફિલ્મ 'કલ્કિ ટૂ'નું ૩૦ ટકા શૂટિંગ પુરૂ થઈ ચૂક્યું છે. તેલુગુ સ્ટાર નાની અને વિજય દેવરકોન્ડા આ ફિલ્મમાં કેમિયો કરી રહ્યા છે તેવી અટકળો બાદ એક મોટા ફિલ્મસ્ટારને ફિલ્મમાં મહત્વનો કેમિયો કરવા રાજી કરી લેવાયો છે.

૨૦૨૪માં આવેલી 'કલ્કિ ૨૮૯૮એડી'ની સિક્વલમાં આલિયા ભટ્ટ અને સાઇ પલ્લવીના નામો પણ ચમક્યા છે. 'કલ્કિ ૨૮૯૮ એડી'માં દીપિકા પાદુકોણે મુખ્ય ભૂમિકા ભજવી હતી તેના સ્થાને સાઇ પલ્લવીને લેવામાં આવી હોવાની પણ અટકળો થઈ રહી છે. 'કલ્કિ ૨૮૯૮ એડી'માં અમિતાભ બચ્ચન, કમલ હાસન, પ્રભાસ અને દીપિકા જેવી જબરદસ્ત સ્ટારકાસ્ટ



હતી. આ સાયફાય ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૦૦૦ કરોડની કમાણી કરી હતી. નાગ અશ્વિનની આ ફિલ્મનું નિર્માણ વૈજયંતિ મૂવીઝના બેનર તળે કરવામાં આવી રહ્યી છે. હવે તેની સિકવલમાં પણ બીજા મોટાં ફિલ્મ સ્ટાર્સ જોડાવાની અટકળો થઈ રહી છે.

# ધ રોયલ્સ ટુમાં સિનિ શેટ્ટી અને ગુરફતેહ પિરજાદાની એન્ટ્રી

મુંબઇ, તા.23

મે ૨૦૨૫માં આવેલી 'ધ રોયલ્સ' વેબ સીરિઝની બીજી સિઝનનું શૂટિંગ ઉદયપુરમાં આ અઠવાડિયે શરૂ કરવામાં આવશે. 'ધ રોયલ્સ'ની બીજી સિઝનમાં દર્શકોને સિનિ શેટ્ટી, ઈશાન ખટ્ટર અને ગુરફતેહ પિરજાદા વચ્ચે પ્રણય ત્રિકોણ રચાતો જોવા મળશે. 'ધ રોયલ્સ'માં પહેલી સીઝનમાંમાં મહત્વની ભૂમિકા ભજવનારી નોરા ફતેહી બીજી સિઝનમાં પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. જોકે, પહેલી સીઝનની મુખ્ય હિરોઈન ભૂમિ પેડનેકરને બીજી સીઝનમાંથી તગેડી મૂકાઈ છે. ગુરફતેહ પિરજાદા તાજેતરમાં 'ધ રેવોલ્યુશનરીઝ'માં ક્રાંતિકારી બાઘા જતિનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. તે 'લસ્ટ સ્ટોરીઝ થ્રી'માં કિરણ રાવની સ્ટોરીમાં સના શમ્પિ સામે કરણ અને અર્જુન એમ બેવડી ભૂમિકામાં જોવા મળ્યો




છે. હવે તે પિરિયડ પોલિટિકલ ડ્રામા 'અધૂરે હમ અધૂરે તુમ'માં રાજકારણીની ભૂમિકામાં દેખાશે.

# રણબીર કપૂરનાં સાસુમા રામાયણ માટે ઓળઘોળ

મુંબઇ, તા.23

"દર્શકોએ આ પહેલાં ક્યારેય સિનેમાનો આવો જાદુ જોયો નથી!" રણબીર કપૂરની સાસુ અને આલિયા ભટ્ટની મમ્મી સોની રાઝદાને રામાયણ માટે આવી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. બોલીવુડની દિગ્ગજ અને અનુભવી અભિનેત્રી સોની રાઝદાનએ નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત ખૂબ જ અપેક્ષિત અને ભવ્ય ફિલ્મ "રામાયણ" માટે કહ્યું છે કે તેમના જમાઈ અને સુપરસ્ટાર રણબીર કપૂર, દક્ષિણ ભારતીય અભિનેત્રી સાઈ પલ્લવી અને "KGF" ફેમ યશ અભિનીત આ ફિલ્મ ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક



અનોખો અનુભવ હશે, જે દર્શકોએ મોટા પડદા પર ક્યારેય જોયો નથી.

નમિત મલ્હોત્રાના DNEG અને પ્રાઈમ ફોકસ સ્ટુડિયો દ્વારા નિર્મિત, આ ફિલ્મ વૈશ્વિક સ્તરે બનાવવામાં આવી રહી છે. ઓસ્કાર વિજેતા ફિલ્મ નિર્માતા હંસ ઝિમર અને ગ્રેમી એવોર્ડ વિજેતા સંગીતકાર જેમ્સ ન્યૂટન હોવર્ડને સંગીત કમ્પોઝ કરવા માટે બોર્ડ પર લાવવામાં આવ્યા છે. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકામાં છે. જ્યારે સાઈ પલ્લવી સીતા તરીકે અને યશ રાવણ તરીકે જોવા મળશે. આલિયા સોની રાઝદાનની પુત્રી છે. રાઝદાને હમણાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, "મને લાગે છે કે આ એક અદભુત સફર હશે. આ ફિલ્મ આપણને એક નવી અને અનોખી લાગણીમાંથી પસાર કરશે. મારા માટે તે સૌથી રોમાંચક પાસું છે." અભિનેત્રી સોની રાઝદાન (૬૭) ની ફિલ્મ ઓમ કા હરિ 18 સપ્ટેમ્બર, 2026 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. તેના સહ-અભિનેતા અને ફિલ્મના નિર્માતા અંશુમન ઝાએ પણ કહ્યું હતું કે રામાયણનું ટ્રેલર ખૂબ જ અદભુત છે.

# ભારતની અર્થવ્યવસ્થાને ફિચનો બૂસ્ટ: GDP ગ્રોથનો અંદાજ 6.4%થી વધારી 6.9% કર્યો

**નવી દિલ્હી, તા.23**

વૈશ્વિક સ્તરે ભારતની અર્થવ્યવસ્થાની મજબૂતી અંગે વધુ એક સકારાત્મક સંકેત સામે આવ્યો છે. ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચ રેટિંગ્સે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના GDP વૃદ્ધિદરના પોતાના અંદાજમાં વધારો કર્યો છે. ફિચે અગાઉ ભારતનો આર્થિક વિકાસદર 6.4 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો, જેને હવે વધારીને 6.9 ટકા કરવામાં આવ્યો છે. ફિચના જણાવ્યા અનુસાર ભારતીય અર્થવ્યવસ્થાએ વૈશ્વિક સ્તરે ચાલી રહેલા વેપારી પડકારો અને ભૌગોલિક-રાજકીય તણાવ વચ્ચે પણ પોતાની મજબૂતી જાળવી રાખી છે. ખાસ કરીને જૂન ત્રિમાસિક ગાળામાં નોંધાયેલો 7.8 ટકાનો GDP વૃદ્ધિદર ભારતીય અર્થવ્યવસ્થાની મજબૂત ગતિનો મહત્વપૂર્ણ સંકેત માનવામાં આવી રહ્યો છે. ફિચના તાજેતરના અંદાજ પ્રમાણે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા અગાઉના અનુમાન કરતાં વધુ ઝડપથી આગળ વધી શકે છે. જૂન ક્વાર્ટરમાં 7.8 ટકાનો વૃદ્ધિદર નોંધાયા બાદ રેટિંગ એજન્સીએ ભારતના સમગ્ર નાણાકીય વર્ષના વિકાસના અંદાજમાં સુધારો કર્યો છે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અનેક પ્રકારની અનિશ્ચિતતા હોવા છતાં ભારતમાં આર્થિક પ્રવૃત્તિઓ ચાલુ રહી છે અને ઘરેલુ માંગ, રોકાણ તથા ક્રેડિટ ગ્રોથ જેવા પરિબળોએ વૃદ્ધિને ટેકો આપ્યો છે. ફિચના જણાવ્યા અનુસાર 2026ના પ્રથમ છ મહિનામાં અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ, વૈશ્વિક વેપારમાં પડકારો અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનિશ્ચિતતા જેવી પરિસ્થિતિઓ વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થાએ નોંધપાત્ર મજબૂતી દર્શાવી છે. જૂન ત્રિમાસિકમાં 7.8 ટકાનો GDP વૃદ્ધિદર આ મજબૂતીનો મહત્વપૂર્ણ પુરાવો છે. જોકે, રેટિંગ એજન્સીએ સાથે જ ચેતવણી પણ આપી છે કે ચાલુ નાણાકીય વર્ષના બાકીના સમયગાળામાં આર્થિક પ્રવૃત્તિઓની ગતિમાં થોડો ઘટાડો જોવા મળી શકે છે. ભારતના આર્થિક વિકાસ અંગે સકારાત્મક અંદાજ સાથે ફિચે દેશ સામે રહેલા કેટલાક પડકારો તરફ પણ ધ્યાન દોર્યું છે. આગામી મહિનાઓમાં મોંઘવારી, ચોમાસાની સ્થિતિ અને સ્થાનિક માંગ જેવા પરિબળો વૃદ્ધિની ગતિને અસર કરી શકે છે. ખાસ કરીને સામાન્ય કરતાં ઓછા વરસાદની સ્થિતિ ખેતી ક્ષેત્ર તથા ગ્રામીણ અર્થવ્યવસ્થા માટે પડકાર ઊભો



કરી શકે છે. જો ખેતીની આવક અને ગ્રામીણ માંગ પર અસર પડે તો તેની સીધી અસર ગ્રાહક ખર્ચ અને સમગ્ર આર્થિક પ્રવૃત્તિ પર જોવા મળી શકે છે.

ફિચે મોનેટરી પોલિસી અંગે પણ મહત્વપૂર્ણ અનુમાન વ્યક્ત કર્યું છે. રેટિંગ એજન્સીના અંદાજ મુજબ વધતી કિંમતો અને સપ્લાય ચેઈન સાથે જોડાયેલા દબાણને ધ્યાનમાં રાખીને ભારતીય રિઝર્વ બેંક એટલે કે RBI ઓક્ટોબર 2026ની મોનેટરી પોલિસી બેઠકમાં રેપો રેટ અથવા પોલિસી રેટમાં 0.25 ટકાનો વધારો કરી શકે છે. જો આવો વધારો થાય તો વ્યાજદર 5.5 ટકા સુધી પહોંચી શકે છે. ફિચના અનુમાન મુજબ વ્યાજદરમાં આ વધારો એક જ વખત પૂરતો ન રહે અને 2027ની શરૂઆત સુધીમાં પોલિસી રેટ 5.75 ટકા સુધી પહોંચી શકે છે. ત્યારબાદ 2028માં તેમાં ફરી ઘટાડો થઈને તે 5.5 ટકા સુધી આવી શકે તેવી શક્યતા ફિચે વ્યક્ત કરી છે. વ્યાજદરમાં સંભવિત વધારાની અસર લોન લેનારા ગ્રાહકો અને ઉદ્યોગો બંને પર પડી શકે છે. હોમ લોન, ઓટો લોન તથા બિઝનેસ લોનના વ્યાજદર પર તેની અસર જોવા મળી શકે છે. જોકે બીજી તરફ મોંઘવારીને નિયંત્રણમાં રાખવા માટે વ્યાજદર વધારવાથી માંગ પર નિયંત્રણ લાવવાનો પ્રયાસ થઈ શકે છે. RBI માટે આર્થિક વૃદ્ધિ અને મોંઘવારી વચ્ચે સંતુલન જાળવવાનું મહત્વપૂર્ણ રહેશે. ફિચના અહેવાલમાં ભારતના પ્રાઈવેટ સેક્ટર અંગે પણ સકારાત્મક વાત કરવામાં આવી છે. અર્થવ્યવસ્થા સામે કેટલાક પડકારો હોવા છતાં ખાનગી ક્ષેત્રના રોકાણની સ્થિતિ મજબૂત જોવા મળી રહી છે. ફિચને આશા છે કે ચાલુ વર્ષે ભારતમાં ખાનગી રોકાણમાં 10 ટકાથી વધુનો વધારો થઈ શકે છે. ખાનગી ક્ષેત્ર દ્વારા નવા પ્રોજેક્ટ્સ, ઉત્પાદન ક્ષમતા વધારવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવામાં આવે તો તે આગામી સમયમાં આર્થિક વૃદ્ધિને વધુ ટેકો આપી શકે છે.

ક્રેડિટ માર્કેટના આંકડા પણ ભારતીય અર્થવ્યવસ્થામાં વધતી આર્થિક પ્રવૃત્તિ તરફ સંકેત આપી રહ્યા છે. જુલાઈમાં નોન-ફૂડ ક્રેડિટ ગ્રોથ એટલે કે બિન-ખાદ્ય ક્ષેત્રને આપવામાં આવતી બેંક લોનમાં વાર્ષિક ધોરણે 19 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. આ દર્શાવે છે કે બિઝનેસ, ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં લોનની માંગમાં વધારો થઈ રહ્યો છે. જો ક્રેડિટની માંગ આગળ પણ મજબૂત રહે તો ખાનગી રોકાણ અને આર્થિક પ્રવૃત્તિ બંનેને તેનો લાભ મળી શકે છે.

જોકે ફિચે આગામી ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિની ગતિમાં થોડો ઘટાડો થવાની શક્યતા પણ વ્યક્ત કરી છે. મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરના PMI ડેટામાં વૃદ્ધિની ગતિમાં નરમાઈ જોવા મળી રહી છે. PMI એટલે કે પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સને અર્થવ્યવસ્થામાં બિઝનેસ પ્રવૃત્તિઓની સ્થિતિ માપવા માટે મહત્વપૂર્ણ સંકેત માનવામાં આવે છે. ઉત્પાદન અને સેવા ક્ષેત્રના PMIમાં જો સતત નરમાઈ રહે તો તેની અસર આગામી ત્રિમાસિકના આર્થિક વૃદ્ધિદર પર પડી શકે છે. ચોમાસું પણ ભારતના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ પરિબળ છે. સામાન્ય કરતાં ઓછો વરસાદ રહે તો કૃષિ ઉત્પાદન પર તેની અસર થઈ શકે છે અને ખેડૂતોની આવકમાં ઘટાડો થવાની શક્યતા રહે છે.

# પોસ્ટ ઓફિસની કોઈ પણ સેવિંગ સ્કીમમાં રોકાણ પહેલા 7 વાતો ધ્યાનમાં રાખવા જેવી

**નવી દિલ્હી, તા.23**

પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓ એવા રોકાણકારોમાં ખૂબ લોકપ્રિય છે જેઓ પોતાના નાણાં સુરક્ષિત જગ્યાએ રોકવા માંગે છે. જોકે, માત્ર આકર્ષક વ્યાજ દર જોઈને કોઈ યોજનામાં રોકાણ કરી દેવું યોગ્ય નિર્ણય નથી. જરૂરિયાતના સમયે પૈસા કેટલી સરળતાથી ઉપાડી શકાય છે અને તેના પર કયા નિયમો લાગુ પડે છે તે સમજવું અત્યંત જરૂરી છે. યોજના પસંદ કરતાં પહેલાં આ 7 મહત્ત્વપૂર્ણ બાબતો તપાસી લેવી જોઈએ: પોસ્ટ ઓફિસની તમામ યોજનાઓમાં નાણાં એકસરખા સમયગાળા માટે લોક થતા નથી. કેટલીક યોજનાઓ થોડા વર્ષોમાં પાકી જાય છે, જ્યારે કેટલીક યોજનાઓમાં લાંબા ગાળા સુધી નાણાં રોકી રાખવા પડે છે. તેથી તમારી અંગત નાણાકીય જરૂરિયાત અને સમયસીમાને ધ્યાનમાં રાખીને જ યોગ્ય યોજનાની પસંદગી કરો.





રોકાણ કરતાં પહેલાં એ ચોક્કસ જાણી લો કે સંબંધિત યોજનામાં સમય પૂર્વે નાણાં ઉપાડવાની મંજૂરી છે કે નહીં. કેટલીક યોજનાઓમાં ચોક્કસ લઘુત્તમ મુદત પૂરી થયા પછી જ પૈસા ઉપાડવા દેવાય છે. નિર્ધારિત સમય પહેલાં નાણાં પાછા ખેંચવા પર વ્યાજ દરમાં ઘટાડો અથવા અન્ય દંડાત્મક શરતો લાગુ થઈ શકે છે.

પોસ્ટ ઓફિસની મોટાભાગની નાની બચત યોજનાઓના વ્યાજ દરો સરકાર દ્વારા સમય-સમય પર નક્કી કરવામાં આવે છે. આથી માત્ર આજના ઊંચા વ્યાજ દરને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાનો આંધળો નિર્ણય ન લેવો. દર ક્યારે અને કઈ રીતે બદલાઈ શકે છે તેની સ્પષ્ટ સમજ હોવી જરૂરી છે.

યોજનામાં મળતા વ્યાજ અને પાકતી રકમ પર આવકવેરાના નિયમો એકસરખા હોતા નથી. કેટલીક યોજનાઓમાં રોકાણ પર કલમ 80C હેઠળ ટેક્સ છૂટ મળે છે, જ્યારે અમુકમાં વ્યાજની આવક ટેક્સપાત્ર હોય છે. તેથી યોજના પસંદ કરતી વખતે તેના ટેક્સ નિયમોનું વિશ્લેષણ કરવું આવશ્યક છે.

પોસ્ટ ઓફિસની યોજનાઓ ખૂબ ઓછી રકમથી શરૂ કરી શકાય છે, પરંતુ ઘણી યોજનાઓમાં મહત્તમ રોકાણની સત્તાવાર મર્યાદા નક્કી કરેલી હોય છે. જો તમારી પાસે મોટી રકમનું ફંડ હોય અને તેને રોકવું હોય, તો પહેલાં તે યોજનાની રોકાણ મર્યાદા ચોક્કસ તપાસી લો.

ખાતું ખોલાવતી વખતે જ નોમિનેશન કરાવવું અનિવાર્ય છે. રોકાણકારના આકસ્મિક મૃત્યુના સંજોગોમાં ખાતામાં જમા રકમ પર કાયદેસરનો દાવો કરવાની પ્રક્રિયા આનાથી ખૂબ સરળ બની જાય છે. ખાતામાં નોમિનીની વિગતો સમયાંતરે અપડેટ અને ચકાસતા રહેવું હિતાવહ છે.

સરકારી સુરક્ષા હોવાને કારણે યોજના સલામત જરૂર છે, પરંતુ તમારી દરેક આર્થિક જરૂરિયાત માત્ર એક જ સ્કીમથી પૂરી ન થઈ શકે. જો નજીકના ભવિષ્યમાં મોટી રકમની તાત્કાલિક જરૂર પડવાની સંભાવના હોય, તો બધા જ નાણાં એવી સ્કીમમાં ન મૂકવા જોઈએ જેમાં વિડ્રોઅલ પર કડક નિયંત્રણો કે લોક-ઈન હોય.

# અદાણીની 5 કંપનીઓએ સેબી સાથે મામલો ઉકેલ્યો: ટ્રાન્ઝેક્શન અને ઓડિટ નિયમોના ઉલ્લંઘન બદલ ₹1.5 કરોડ ચૂકવ્યા

**નવી દિલ્હી, તા.23**

અદાણી ગ્રુપની પાંચ કંપનીઓએ સેબી સાથે ચાલી રહેલી કાનૂની કાર્યવાહીનો ઉકેલ લાવી લીધો છે. આ માટે અદાણી ગ્રુપની કંપનીઓએ કુલ 1.5 કરોડ રૂપિયા સેટલમેન્ટ અમાઉન્ટ ચૂકવી છે. આ મામલો રિલેટેડ-પાર્ટી ટ્રાન્ઝેક્શન, ઓડિટ અને લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ્સના ખુલાસા સંબંધિત નિયમોના ઉલ્લંઘન સાથે જોડાયેલો હતો. સેબીના સેટલમેન્ટ ઓર્ડર અનુસાર, આ સમગ્ર કાર્યવાહી જાન્યુઆરી 2023માં બંધ થઈ ચૂકેલી અમેરિકન શોર્ટ-સેલિંગ ફર્મ હિન્ડનબર્ગ રિસર્ચના અહેવાલ બાદ શરૂ થયેલી તપાસ પર આધારિત હતી. આ સમગ્ર મામલો રિલેટેડ-પાર્ટી ટ્રાન્ઝેક્શનનો ખુલાસો ન કરવા અને અમાન્ય પીઅર રિવ્યૂ સર્ટિફિકેટ ધરાવતી ઓડિટ ફર્મ પાસે રિપોર્ટ પર હસ્તાક્ષર કરાવવા સાથે જોડાયેલો હતો.

RPT જાહેર ન કરવું: અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ (AEL) પર આરોપ હતો કે તેણે FY13ના પોતાના વાર્ષિક અહેવાલમાં તેની સહાયક કંપની અદાણી એસ્ટેટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને તેની સંબંધિત-પક્ષ વાકોડર ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ વચ્ચે થયેલા RPTનો ખુલાસો કર્યો ન હતો. પીયર રિવ્યૂ





સર્ટિફિકેટ વિના હસ્તાક્ષર: AELના FY15ના ઓડિટ રિપોર્ટ અને જૂન 2015ના ત્રિમાસિક ગાળાના લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ પર એવી ઓડિટ ફર્મે હસ્તાક્ષર કર્યા હતા, જેની પાસે માન્ય પીયર રિવ્યૂ સર્ટિફિકેટ ન હતું. આ ઉપરાંત જૂન 2017, સપ્ટેમ્બર 2017 અને ડિસેમ્બર 2021ના ત્રિમાસિક ગાળાના લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ પર પણ આવી જ રીતે પીયર રિવ્યૂ સર્ટિફિકેટ વિનાની ફર્મે હસ્તાક્ષર કર્યા હતા. અન્ય 4 કંપનીઓ પર આરોપ: અદાણી ટોટલ ગેસ, AWL એગ્રી બિઝનેસ, અદાણી ગ્રીન એનર્જી અને અદાણી એનર્જી સોલ્યુશન્સ પર પણ માન્ય પીયર રિવ્યૂ સર્ટિફિકેટ વિનાની ઓડિટ ફર્મ પાસે લિમિટેડ-રિવ્યૂ અથવા ઓડિટ રિપોર્ટ પર હસ્તાક્ષર કરાવવાનો આરોપ હતો. સેબીએ ફેબ્રુઆરી 2024માં આ કંપનીઓને કારણ બતાવો એટલે કે શો-કૉઝ નોટિસ જાહેર કરી હતી. તેમાં કંપનીઓને પૂછવામાં આવ્યું હતું કે નિયમોના ઉલ્લંઘન માટે તેમની સામે તપાસ કેમ ન કરવામાં આવે અને દંડ કેમ ન ફટકારવામાં આવે. કાર્યવાહી પ્રલંબિત રહેવા દરમિયાન અદાણી ગ્રુપની આ કંપનીઓએ તથ્યોના તારણો અને કાયદાકીય પરિણામોને સ્વીકાર્યા કે નકાર્યા વિના સમાધાનનો પ્રસ્તાવ મૂક્યો હતો. સેબીની હાઈ પાવર્ડ એડવાઈઝરી કમિટીએ જૂન 2026માં સમાધાનની શરતોની ભલામણ કરી હતી. ત્યારબાદ 13 ઓગસ્ટે પૂર્ણકાલીન સભ્યોની પેનલે તેને સ્વીકારી લીધી. સમાધાનની રકમ પ્રાપ્ત થયા બાદ સેબીએ આ સંબંધમાં ઔપચારિક આદેશ જાહેર કર્યો. જાન્યુઆરી 2023માં હિન્ડનબર્ગ રિસર્ચે અદાણી ગ્રુપ વિરુદ્ધ એક અહેવાલ જાહેર કર્યો હતો. તેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે એડિકોર્પ એન્ટરપ્રાઈઝિઝ, માઈલસ્ટોન ટ્રેડલિંક્સ અને રહવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવી કંપનીઓનો ઉપયોગ અદાણી પાવર અને અદાણી એન્ટરપ્રાઈઝિઝમાં ફંડ રુટ કરવા માટે કરવામાં આવ્યો હતો. જોકે, સપ્ટેમ્બર 2025માં સેબીએ ગૌતમ અદાણી અને તેમના ગ્રુપને સ્ટોક મેનિપ્યુલેશન (શેરોમાં હેરફેર)ના આરોપોમાંથી સંપૂર્ણપણે મુક્ત કરી દીધા હતા.

# આ રવિવારે બેંકો ખુલ્લી રહેશે: સોમવારથી 3 દિવસ રાષ્ટ્રવ્યાપી હડતાળથી બેંકિંગ સેવાઓ બંધ.....

**નવી દિલ્હી, તા.23**

દેશભરમાં તમામ બેંકો આ અઠવાડિયે રવિવારે પણ ખુલ્લી રહેશે. નાણાં મંત્રાલયે માહિતી આપી છે કે RBIએ 27 સપ્ટેમ્બરે દેશની તમામ બેંક શાખાઓ, કચેરીઓ અને ATM-લિંક શાખાઓ સહિત તમામ સેવાઓ સંપૂર્ણપણે કાર્યરત રાખવાની મંજૂરી આપી છે. યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સ એટલે કે UFBU દ્વારા 28થી 30 સપ્ટેમ્બર 2026 દરમિયાન પ્રસ્તાવિત ત્રણ દિવસીય દેશવ્યાપી બેંક હડતાળને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. હડતાળના ઠીક પહેલાં 26 સપ્ટેમ્બર (શનિવાર) અને 27 સપ્ટેમ્બર (રવિવાર)ના રોજ સપ્તાહાંતની રજાઓ આવી રહી હતી. આવી સ્થિતિમાં સતત પાંચ દિવસ સુધી બેંકિંગ સેવાઓ ખોરવાઈ જવાનો ખતરો ઊભો થયો હતો. સરકારે નાગરિકોની બેંકિંગ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે.

નાણાં મંત્રાલયે જણાવ્યું કે જનતાની આવશ્યક બેંકિંગ જરૂરિયાતો પર લાંબા સમય સુધી અસર ન પડે તે સુનિશ્ચિત કરવા માટે તમામ સરકારી બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો રવિવાર, 27 સપ્ટેમ્બરે સામાન્ય રીતે કામ કરશે. રિઝર્વ બેંકે તમામ શાખાઓ, કચેરીઓ, એટીએમ-લિન્ક્ડ શાખાઓ અને કરન્સી ચેસ્ટ્સને આ દિવસે સંપૂર્ણ રીતે કાર્યરત રાખવાની મંજૂરી આપી છે.

સરકારે કહ્યું કે બેંક ગ્રાહકોને સુવિધા આપવી અમારી પ્રાથમિકતા છે. સરકાર અને બેંક મેનેજમેન્ટે બેંક યુનિયનોને પ્રસ્તાવિત હડતાળ મુલતવી રાખવાની અપીલ કરી છે.

આ સાથે જ જરૂરી બેંકિંગ સેવાઓ કોઈપણ વિક્ષેપ વિના ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે પણ પગલાં લેવામાં આવ્યા છે.

એક દિવસ અગાઉ UFBUએ કહ્યું હતું કે તે હડતાળ ટાળવાના મૂડમાં નથી. દેશભરના બેંક કર્મચારીઓ 28, 29 અને 30 સપ્ટેમ્બરે 3 દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ કરશે.

22 સપ્ટેમ્બરે ઈન્ડિયન બેંક્સ એસોસિયેશન (IBA) અને નાણાં મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઑફ ફાઈનાન્શિયલ સર્વિસિસ (DFS) સાથે યોજાયેલી સમાધાન બેઠક નિષ્ફળ રહી, ત્યારબાદ યુનિયનોએ





આ નિર્ણય લીધો. બેંક યુનિયનો લાંબા સમયથી અઠવાડિયામાં 5 દિવસ કામ એટલે કે 5-ડે વર્કિંગની માંગ કરી રહી છે. યુનિયનોનું કહેવું છે કે માર્ચ 2024માં બાઈલેટરલ વેજ રિવિઝન એગ્રીમેન્ટ હેઠળ 5-ડે બેંકિંગ પર સહમતી બની હતી અને તેના પર હસ્તાક્ષર પણ થયા હતા, પરંતુ સરકારે હજુ સુધી તેનો અમલ કર્યો નથી. આ પહેલાં યુનિયનોએ 11 સપ્ટેમ્બરે 1 દિવસની હડતાળ કરી હતી અને માંગ સ્વીકારવામાં નહીં આવે તો 26 ઑક્ટોબરથી અનિશ્ચિતકાલીન હડતાળ કરવાની ચેતવણી પણ આપી છે.

નવી દિલ્હીમાં ડેપ્યુટી ચીફ લેબર કમિશનરની મધ્યસ્થીમાં યોજાયેલી બેઠકમાં IBA અને DFSના પ્રતિનિધિઓએ યુનિયનોને હડતાળ પાછી ખેંચવાની અપીલ કરી હતી. અધિકારીઓનો તર્ક હતો કે 5-ડે બેંકિંગનો મામલો સરકારના વિચારાધીન છે અને અનેક પક્ષો સાથે ચર્ચા ચાલી રહી છે. નાણા મંત્રાલયે પણ કર્મચારીઓને હડતાળ ન કરવાની અપીલ કરી હતી. જોકે, UFBUએ કહ્યું કે જ્યાં સુધી 5-ડે બેંકિંગને લઈને કોઈ નક્કર પગલું લેવામાં નહીં આવે, ત્યાં સુધી હડતાળ પાછી ખેંચવામાં નહીં આવે. સંગઠને X પર પોસ્ટ કરીને પોતાના સભ્યોને કહ્યું કે કોઈ હકારાત્મક જવાબ મળ્યો નથી. આ શાંતિથી બેસી રહેવાનો સમય નથી, પરંતુ એકજૂટ રહેવાનો સમય છે. 3 દિવસ, એક માંગ અને એક એકજૂટ શક્તિ! તેને ઐતિહાસિક રીતે સફળ બનાવો. હવે નહીં તો ક્યારેય નહીં! હડતાળ 28, 29 અને 30 સપ્ટેમ્બર (સોમવારથી બુધવાર)ના રોજ પ્રસ્તાવિત છે. તે પહેલાં 26 સપ્ટેમ્બરે મહિનાનો ચોથો શનિવાર હોવાથી રજા છે. હવે RBIની મંજૂરી બાદ 27 સપ્ટેમ્બર, રવિવારના દિવસે તમામ સરકારી બેંકો ખુલ્લી રહેશે.

આવી સ્થિતિમાં જો હડતાળ પડે છે, તો ગ્રાહકોને 4 દિવસ સુધી બેંક શાખાઓ સાથે સંબંધિત કામકાજમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. SBI અને PNB સહિત અનેક અગ્રણી બેંકોએ ગ્રાહકોને સલાહ આપી છે કે તેઓ પોતાના જરૂરી કામ સમયસર પૂર્ણ કરી લે.

બેંકોએ ગ્રાહકોને ATM, ઓટોમેટેડ ડિપોઝિટ એન્ડ વિથડ્રૉલ મશીન, ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, YONO અને UPI જેવા ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા જણાવ્યું છે. જોકે, ચેક ક્લિયરન્સ, રોકડ જમા કરાવવા અને ભૌતિક દસ્તાવેજીકરણ સાથે સંબંધિત કામોમાં વિલંબ થવો નિશ્ચિત છે.

વર્તમાન નિયમ: હાલમાં બેંકોમાં દર મહીનાના પહેલા, ત્રીજા અને પાંચમા શનિવારે કામકાજ થાય છે, જ્યારે બીજા અને ચોથા શનિવારે રજા રહે છે. કર્મચારીઓની માંગ: બેંક કર્મચારી સંગઠનો તમામ શનિવારે રજા જાહેર કરવાની અને અઠવાડિયામાં માત્ર 5 દિવસ (સોમવારથી શુક્રવાર) કામકાજની વ્યવસ્થા લાગુ કરવાની માંગ કરી રહ્યા છે. તેના બદલામાં તેઓ દરરોજના કામકાજના સમયમાં 30થી 45 મિનિટનો વધારો સ્વીકારવા તૈયાર છે.

# સોના-ચાંદીના ભાવમાં ફરી ઉછાળો, સોનું ₹1.52 લાખ અને ચાંદી ₹2.35 લાખે પહોંચી, ડિસેમ્બર સુધીમાં વધુ તેજીની શક્યતા

**મુંબઈ, તા.23**

વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓની વધતી માંગ અને રોકાણકારોના સોનામાં વધતા રસ વચ્ચે 23 સપ્ટેમ્બરે ભારતમાં સોના-ચાંદીના ભાવમાં ફરી વધારો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન એટલે કે IBJAના આંકડા મુજબ 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 130 રૂપિયા વધીને 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. એક કિલો ચાંદી 2,366 રૂપિયા મોંઘી થઈને 2.35 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે, પરંતુ લાંબા ગાળાની દૃષ્ટિએ બંને કિંમતી ધાતુઓમાં નોંધપાત્ર વધારો થયો છે. 2026ની શરૂઆતથી જોવામાં આવે તો સોનાના ભાવમાં ખાસ્સો વધારો થયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આશરે 1.33 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 1.52 લાખ રૂપિયા થઈ ગયો છે. એટલે કે ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં સોનું આશરે 19 હજાર રૂપિયા મોંઘું થયું છે. સોનામાં થયેલો આ વધારો રોકાણકારો માટે ખાસ મહત્વનો છે, કારણ કે સોનાને પરંપરાગત રીતે મોંઘવારી અને વૈશ્વિક અનિશ્ચિતતા સામે સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે.

ચાંદીના ભાવમાં પણ વર્ષ દરમિયાન નોંધપાત્ર હલચલ જોવા મળી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ આશરે 2.30 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 2.35 લાખ રૂપિયા થયો છે. જોકે ચાંદીના ભાવમાં આ વર્ષે માત્ર વધારો જ જોવા મળ્યો નથી, પરંતુ તેમાં ઘણી મોટી વધઘટ પણ જોવા મળી છે. કિંમતી ધાતુઓના બજારમાં વૈશ્વિક માંગ, ડોલરની સ્થિતિ, વ્યાજદર, ભૌગોલિક-રાજકીય તણાવ અને રોકાણકારોની ખરીદી જેવા અનેક પરિબળોની સીધી અસર પડે છે.

આ વર્ષે સોના-ચાંદી બંનેએ ઐતિહાસિક સ્તરો પણ નોંધાવ્યા છે. 29 જાન્યુઆરીએ સોનાનો ભાવ 10 ગ્રામ દીઠ 1.76 લાખ રૂપિયા અને ચાંદીનો ભાવ એક કિલો દીઠ 3.86 લાખ રૂપિયા સુધી પહોંચ્યો હતો. આ બંને ભાવ તેમના ઓલ ટાઈમ હાઈ સ્તર તરીકે નોંધાયા હતા. ત્યારબાદ કિંમતોમાં ઘટાડો અને ઉછાળો બંને જોવા મળ્યા છે. હાલમાં સોનું અને



ચાંદી પોતાના અગાઉના ઉચ્ચતમ સ્તર કરતાં નીચે છે, પરંતુ બજારમાં ફરી તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. સોનાના ભાવમાં વધારો થવા પાછળ અનેક કારણો જવાબદાર છે. વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા વધે ત્યારે રોકાણકારો ઘણી વખત સોનામાં રોકાણ તરફ વળે છે. આ ઉપરાંત વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની ખરીદી પણ સોનાના ભાવને ટેકો આપતું મહત્વપૂર્ણ પરિબળ છે. ભારતની રિઝર્વ બેંક સહિત અનેક દેશોની કેન્દ્રીય બેંકો છેલ્લા કેટલાક સમયથી પોતાના વિદેશી મુદ્રા ભંડારમાં સોનાનો હિસ્સો વધારવા તરફ આગળ વધી રહી છે. કેન્દ્રીય બેંકોની ખરીદીથી આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની માંગને મજબૂતી મળે છે. કોટક સિક્યુરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના જણાવ્યા અનુસાર સોનાને સામાન્ય રોકાણકારોની સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકોનો પણ ટેકો મળી રહ્યો છે. તેમના મતે કેન્દ્રીય બેંકો દ્વારા સતત સોનાની ખરીદી કિંમતી ધાતુ માટે મહત્વપૂર્ણ સપોર્ટ બની રહી છે. ખાસ કરીને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અનિશ્ચિતતા, ભૌગોલિક-રાજકીય તણાવ અને નાણાકીય બજારોમાં અસ્થિરતા જેવી સ્થિતિમાં સોનાની માંગ જળવાઈ રહેવાની શક્યતા છે. આગામી મહિનાઓમાં સોનાના ભાવને લઈને પણ બજારમાં તેજીની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. અનિંદ્ય બેનર્જીના અંદાજ મુજબ જો વૈશ્વિક પરિસ્થિતિમાં ખાસ સુધારો નહીં થાય અને અનિશ્ચિતતા યથાવત રહેશે તો સોનામાં તેજી ચાલુ રહી શકે છે. તેમના અનુમાન મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાનો ભાવ 10 ગ્રામ દીઠ 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. જોકે આ એક બજાર અંદાજ છે અને વાસ્તવિક ભાવ વૈશ્વિક તથા સ્થાનિક બજારની સ્થિતિ પ્રમાણે બદલાઈ શકે છે.

ચાંદી અંગે પણ આગામી સમયમાં તેજીની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ચાંદી માત્ર રોકાણ માટે જ નહીં પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે. સોલાર પેનલ, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ઔદ્યોગિક ક્ષેત્રોમાં ચાંદીની માંગ વધતી રહે તો તેની કિંમતોને પણ ટેકો મળી શકે છે. બેનર્જીના અનુમાન મુજબ જો બજારની સ્થિતિ અનુકૂળ રહે તો ડિસેમ્બર સુધીમાં ચાંદીનો ભાવ એક કિલો દીઠ 3 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. સોના અને ચાંદીના ભાવ પર ડોલરની સ્થિતિ અને વૈશ્વિક વ્યાજદરનો પણ મોટો પ્રભાવ પડે છે. સામાન્ય રીતે અમેરિકામાં વ્યાજદર અને બોન્ડ યીલ્ડમાં ફેરફાર થવાથી સોનાની આંતરરાષ્ટ્રીય માંગમાં પણ ફેરફાર થાય છે. જો વૈશ્વિક સ્તરે વ્યાજદર ઘટાડવાની અપેક્ષા મજબૂત બને તો સોનામાં રોકાણ વધવાની શક્યતા રહે છે. બીજી તરફ ડોલરની મજબૂતી સોનાના ભાવ માટે દબાણ ઊભું કરી શકે છે. તેથી આગામી દિવસોમાં અમેરિકાની મોનેટરી પોલિસી અને વૈશ્વિક બજારના સંકેતો પણ સોના-ચાંદીના ભાવ માટે મહત્વપૂર્ણ રહેશે. ભારતીય બજારમાં સોનાના ભાવ પર આંતરરાષ્ટ્રીય ભાવ ઉપરાંત રૂપિયાની ડોલર સામેની સ્થિતિ, આયાત ખર્ચ, સ્થાનિક માંગ અને તહેવારોની સિઝન જેવા પરિબળોની અસર પડે છે.

# ATM થી કેશ ઉપાડ મોંઘું! 1 ઓક્ટોબરથી SBI બદલશે નિયમ

**નવી દિલ્હી, તા.23**

ભારતીય સ્ટેટ બૅંક દ્વારા આગામી 1 ઓક્ટોબરથી નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જો તમારું ખાતું પણ SBIમાં છે, તો હવે એટીએમમાંથી કેશ ઉપાડવા પર તમારે વધારાનો ચાર્જ ચૂકવવો પડી શકે છે. જો કે, આ નવો નિયમ તમામ ગ્રાહકોને લાગુ પડશે નહીં. બૅંક દ્વારા આ અંગેની જાણકારી અગાઉ ઓગસ્ટ મહિનામાં જ આપવામાં આવી હતી.

આ ફેરફાર મુખ્યત્વે એવા ગ્રાહકોને અસર કરશે જેમણે બૅંક શાખા દ્વારા 'બેઝિક સેવિંગ્સ બૅંક ડિપોઝિટ' (BSBD) ખાતું ખોલાવ્યું છે. આ ખાતાધારકો માટે 1 ઓક્ટોબરથી મફત મર્યાદા કરતાં વધુ વખત રોકડ ઉપાડવા પર ચાર્જ લાગુ થશે. બૅંકના નિયમ મુજબ, ગ્રાહકોને દર મહિને ચાર વખત ફ્રીમાં કેશ કાઢવાની સુવિધા મળતી રહેશે. પરંતુ આ ફ્રી મર્યાદા પૂરી થયા બાદ, દરેક વધારાના કેશ વિડ્રોલ પર 15 રૂપિયા અને તેના પર લાગુ થતો જીએસટી ચાર્જ ચૂકવવો પડશે. SBIએ પબ્લિક નોટિસ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગેની માહિતી શેર કરી છે. જો કે, ડિજિટલ ટ્રાન્ઝેક્શન પહેલાની જેમ જ મફત રહેશે અને તેની સંખ્યા પર કોઈ મર્યાદા રાખવામાં આવી નથી.

આ સિવાય આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ (AePS) દ્વારા થતા ટ્રાન્ઝેક્શનના નિયમોમાં પણ બદલાવ કરવામાં આવ્યો છે. અગાઉ, AePS ટ્રાન્ઝેક્શનને ડિજિટલ લેણ-દેણ ગણવામાં આવતું હતું અને તેને મહિનાની ચાર ફ્રી વિડ્રોલ લિમિટમાં ગણવામાં નહોતું આવતું. પરંતુ હવે એસબીઆઈએ આ છૂટ પાછી ખેંચી લીધી છે, એટલે કે હવે AePS ટ્રાન્ઝેક્શનને અલગ રીતે ગણવામાં આવશે. આગામી નિયમો ઉપરાંત, SBIએ ઓગસ્ટ મહિનામાં 3 કરોડ રૂપિયા અને તેથી વધુની ડોમેસ્ટિક બલ્ક ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરોમાં પણ ફેરફાર કર્યા હતા, જે 15 ઓગસ્ટથી અમલમાં આવી ચૂક્યા છે.

નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એસબીઆઈએ શાનદાર પ્રદર્શન કર્યું છે. બૅંકના ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 10.23 ટકાનો વધારો નોંધાયો છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં બૅંકનો ચોખ્ખો નફો 21,121 કરોડ રૂપિયા રહ્યો છે, જ્યારે અગાઉના વર્ષના સમાન ગાળામાં આ આંકડો 19,160 કરોડ રૂપિયા હતો.

**પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનીયરિંગ કાર્યો**

**નં. W/118/NIT/E-Tender/2026-27/WA/34 તારીખ: 22/09/2026; ઈ-ટેન્ડર નં. 162-2026-27 થી 166-2026-27** ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 162-2026-27 | મંજૂર થયેલ કામના સંદર્ભમાં ટ્રેકનું કામ: રિબડા – ગોંડલ – TRR (P) – 18.000 Tkm | 3,48,09,305.87 | 6,96,200.00 |
| 02 | 163-2026-27 | ભાવનગર મંડળ – આકસ્મિક રેલ નવીનીકરણ – 4.000 Tkm | 1,06,73,288.04 | 2,13,500.00 |
| 03 | 164-2026-27 | ઢસા – પીપાવાવ – સેસ રિપેર કામ – 25.00 Tkm | 3,66,31,831.08 | 7,32,600.00 |
| 04 | 165-2026-27 | ભાવનગર મંડળ: રાજકોટ–જેતલસર સેક્શન વચ્ચે પાઇપ કલ્વર્ટ, માઇનોર સ્લેબ અને બોક્સ બ્રિજને RCC બોક્સથી બદલવાનું કામ (25 Nos) | 22,48,20,146.51 | 44,96,400.00 |
| 05 | 166-2026-27 | ગ્રુપ વર્ક: DEN / પૂર્વ અધિકારક્ષેત્ર હેઠળ મંજૂર થયેલ નીચેના કામો સામે ફ્લેશ બટ વેલ્ડ સંબંધિત કામગીરી: (1) ધોલા – સોનગઢ – CC+8+2 રૂટ્સ – TRR(P) – 11 Tkm અને (2) સિહોર – ભાવનગર ટર્મિનસ – TRR(P) – 12 Tkm. | 5,28,27,351.18 | 10,56,600.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 30/09/2026; બિડિંગ બંધ થવાની તારીખ: 14/10/2026;** વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** પર લોગ ઇન કરો.

BVP – 135

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદી માહોલની આગાહી

## 23થી 29 સપ્ટેમ્બર દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની શક્યતા, દક્ષિણ-ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે પવન ફૂંકાશે, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

અમદાવાદ, તા.23

ગુજરાતમાં ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ હોવા છતાં આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. 23થી 29 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ તેમજ વાવાઝોડાની સ્થિતિ સર્જાઈ શકે છે. આ દરમિયાન 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા હોવાથી દરિયાકાંઠાના વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે.

મજબૂત પવન અને દરિયામાં હવામાનની પ્રતિકૂળ સ્થિતિની આગાહીને પગલે તટીય વિસ્તારોના માછીમારોને દરિયો ન ખેડવા માટે એલર્ટ આપવામાં આવ્યું છે. દરિયાકાંઠે પવનની ઝડપ 15થી 20 નોટ્સ એટલે કે આશરે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. ઉત્તર ગુજરાતના દરિયાકાંઠે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશામાંથી જ્યારે દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાઈ શકે છે. પવનની ઝડપ વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને દરિયામાં જતી નાની બોટો તથા માછીમારીની કામગીરીને લઈને સાવચેતી રાખવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં પણ આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે અમદાવાદમાં થંડર શાવર સાથે હળવા વરસાદની સંભાવના દર્શાવી છે. દિવસ દરમિયાન વાદળોનું આવરણ રહેવા સાથે કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. વરસાદની તીવ્રતા સામાન્ય રીતે હળવી રહેવાની શક્યતા છે, પરંતુ ગાજવીજ સાથેના વરસાદ દરમિયાન નાગરિકોએ સાવચેતી રાખવાની જરૂર રહેશે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ આગામી ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ જોવા મળી શકે છે. 25 સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્રના એકલ-દોકલ તથા છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા



છે. ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થઈ હોવા છતાં વાતાવરણમાં રહેલી ભેજ અને વિવિધ હવામાન પ્રણાલીઓની અસરને કારણે સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે.

બીજી તરફ કચ્છમાંથી ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. કચ્છના ઉત્તર ભાગમાંથી ચોમાસું પાછું ખેંચાવાનું શરૂ થયું છે અને હાલમાં ચોમાસાની વિદાય રેખા નલિયા અને ડીસા પરથી પસાર થઈ રહી છે. સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનાના અંતિમ તબક્કામાં ચોમાસાની વિદાયની પ્રક્રિયા આગળ વધતી હોય છે. જોકે, ચોમાસાની વિદાય શરૂ થયા બાદ પણ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી હવામાન પ્રણાલીઓની અસરના કારણે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં ચાલુ રહેતા હોય છે.

રાજ્યમાં આ સીઝનમાં અત્યાર સુધીમાં કુલ 636.9 મિમી વરસાદ નોંધાયો છે. સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન 682.2 મિમી વરસાદની અપેક્ષા રહેતી હોય છે. તેની સરખામણીએ રાજ્યમાં અત્યાર સુધીમાં નોંધાયેલો વરસાદ સામાન્ય કરતાં આશરે 8 ટકા ઓછો છે. તેમ છતાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદનું પ્રમાણ અલગ-અલગ રહ્યું છે અને કેટલાક વિસ્તારોમાં સીઝન દરમિયાન ભારે વરસાદની ઘટનાઓ પણ નોંધાઈ છે.

હાલમાં વાતાવરણને અસર કરતી બે મહત્વની હવામાન પ્રણાલીઓ સક્રિય હોવાનું જણાવવામાં આવ્યું છે. આશરે 5.8 કિલોમીટરની ઊંચાઈએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે. આ ઉપરાંત બંગાળની ખાડીના પશ્ચિમ-મધ્ય અને તેની નજીકના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં ડીપ ડિપ્રેશન સર્જાયું છે. આ બંને હવામાન પ્રણાલીઓની અસરને કારણે હવામાં ભેજનું પ્રમાણ અને વાતાવરણીય અસ્થિરતા વધતા રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં રાજ્યના દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સાથે પવનની ઝડપમાં પણ વધારો થઈ શકે છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાનમાં અચાનક ફેરફાર થવાની શક્યતા હોવાથી માછીમારો અને દરિયાઈ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોને સાવચેતી રાખવા જણાવાયું છે.

ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ હોવા છતાં આગામી એક સપ્તાહ દરમિયાન ગુજરાતમાં સંપૂર્ણપણે વરસાદથી રાહત મળે તેવી સ્થિતિ હજુ બની નથી. રાજ્યના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક હવામાન પરિબળો અને સક્રિય હવામાન પ્રણાલીઓના કારણે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. ગાજવીજ અને તેજ પવનની શક્યતા ધરાવતા વિસ્તારોમાં નાગરિકોએ ખુલ્લા મેદાન, વૃક્ષો અને નબળી સ્થિતિના બાંધકામોથી દૂર રહેવાની તકેદારી રાખવી પડશે.

## અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચે ₹1.5 કરોડની કિંમતનું એમ્બરગ્રીસ જપ્ત કર્યું, ત્રણ શખસોની ધરપકડ

અમદાવાદ, તા.23

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વન્યજીવ સંબંધિત ગેરકાયદે વેપાર સામે મોટી કાર્યવાહી કરતાં નરોડા વિસ્તારમાંથી 1.5 કરોડ રૂપિયાની કિંમતનું 1.051 કિલોગ્રામ 'એમ્બરગ્રીસ' (વ્હેલની ઉલટી) જપ્ત કર્યું છે. ગેરકાયદે રીતે એમ્બરગ્રીસ રાખીને તેનો વેપાર કરવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ શખસોની પોલીસે ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓના જણાવ્યાનુસાર, વન્યજીવો અને વનસ્પતિ-પ્રાણીસૃષ્ટિના ગેરકાયદે વેપાર તથા જંગલ સંબંધિત ગુનાઓ રોકવાના ઉદ્દેશ્યથી ચલાવવામાં આવી રહેલા સરકારી અભિયાન 'ઓપરેશન થંડર-2026' હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ટીમ ક્ષેત્રમાં સક્રિય હતી આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ત્રણ વ્યક્તિઓ એમ્બરગ્રીસનો જથ્થો વેચવા અને હેરાફેરી કરવાના ઈરાદે નરોડા વિસ્તારમાં રોકાયા છે. બાતમીના આધારે પોલીસે ત્રાટકીને શંકાસ્પદ




ત્રણેય શખ્સો પાસેથી 1.051 કિલો એમ્બરગ્રીસ કબજે કર્યું હતું, જેને વધુ તુપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ખાતે મોકલવામાં આવ્યું છે.

ધરપકડ કરવામાં આવેલા આરોપીઓમાં 46 વર્ષીય મહેશ લક્ષ્મણ રાઠોડ, 25 વર્ષીય કિરણ ઉર્ફે ભુરા ભરવાડ અને 27 વર્ષીય કરણ દીનાનાથ ગોડનો સમાવેશ થાય છે.

સ્પર્મ વ્હેલમાંથી મળી આવતો આ મીણ જેવો પદાર્થ 'એમ્બરગ્રીસ' અત્યંત કિંમતી ગણાય છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં તથા વન્યજીવોના ગેરકાયદે વેપારમાં તેની ભારે માંગ હોય છે. ક્રાઈમ બ્રાન્ચ હવે આ એમ્બરગ્રીસનો મૂળ સ્ત્રોત ક્યો હતો, તેને અમદાવાદમાં ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને આ શખસો તેને કોને વેચવાના હતા તે દિશામાં સઘન પૂછપરછ કરી રહી છે. આ સિવાય આરોપીઓ વન્યજીવ તસ્કરીના કોઈ મોટા સિન્ડિકેટ કે નેટવર્ક સાથે જોડાયેલા છે કે નહીં તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

## દારૂના નશામાં ક્રેટાચાલક કોન્સ્ટેબલે એક્ટિવાને ટક્કર મારી

### ચાંદખેડામાં કાકા-ભત્રીજીને ઈજા, અકસ્માત બાદ પણ નશામાં ધૂત પોલીસકર્મી બેફામ, ગાડીમાં બેસાડતાં કહ્યું- 'કેસ કરી દો'

અમદાવાદ, તા.23

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં દારૂના નશામાં હોવાનો આક્ષેપ ધરાવતા પોલીસકર્મીએ પૂરઝડપે કાર હંકારી એક્ટિવાને ટક્કર મારતાં કાકા-ભત્રીજી રસ્તા પર પટકાયા હતા. અકસ્માતમાં બંનેને ઈજા પહોંચી હતી, જેમાં 15 વર્ષીય ભત્રીજીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અકસ્માત બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને કારચાલકની પૂછપરછ કરતાં તે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ ગૌરાંગ દવે હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી ગૌરાંગ દવેની ધરપકડ કરી છે.

મળતી વિગતો મુજબ કાશીન્દ્રા વિસ્તારમાં રહેતા 40 વર્ષીય આશિષ પટેલ તેમની 15 વર્ષીય ભત્રીજી સાથે એક્ટિવા પર ચાંદખેડા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. બંને સ્નેહ પ્લાઝા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી ક્રેટા કારના ચાલકે તેમની એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. અચાનક પાછળથી ટક્કર વાગતાં એક્ટિવાનું સંતુલન બગડી ગયું હતું અને આશિષ પટેલ તથા તેમની ભત્રીજી બંને રોડ પર પટકાયા હતા.

અકસ્માતમાં ખાસ કરીને 15 વર્ષીય ભત્રીજીને ઈજા થઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને મદદ કરી હતી. લોકોનું ટોળું એકઠું થતાં અકસ્માત કરનાર ક્રેટા કારચાલક અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન કારચાલક તરીકે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ગૌરાંગ દવે હોવાનું સામે આવ્યું હતું.

અકસમાત બાદ ગૌરાંગ દવે નશાની હાલતમાં હોવાનું લોકોના ધ્યાનમાં આવ્યું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તે યોગ્ય રીતે ભાનમાં પણ ન હતો. અકસ્માતની ગંભીરતા હોવા છતાં કારચાલકના વર્તનથી લોકોમાં પણ



રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ગૌરાંગ દવેને પોલીસની ગાડીમાં બેસાડવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા કારચાલકને ગાડીમાં બેસાડવામાં આવ્યો ત્યારે પણ તે કથિત રીતે નશાની હાલતમાં હતો અને તેને અકસ્માત અંગે કોઈ ખાસ ભાન ન હોવાનું સામે આવ્યું હતું. પોલીસની ગાડીમાં બેસાડતી વખતે તેણે 'કેસ કરી દો' એવું કહ્યું હોવાની વિગતો પણ સામે આવી છે. પોલીસકર્મી હોવા છતાં નશાની હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જવાના આક્ષેપને પગલે સમગ્ર ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે.

અકસ્માતમાં ઈજા પામેલી કિશોરીને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. બીજી તરફ અકસ્માત અંગેની જાણ ટ્રાફિક પોલીસને કરવામાં આવતા એલ ડિવિઝન ટ્રાફિક પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતમાં સામેલ ક્રેટા કાર અને એક્ટિવા અંગેની વિગતો પણ પોલીસે મેળવી હતી.

આ સમગ્ર મામલે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે નરોડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ ગૌરાંગ દવે વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. દારૂના નશામાં વાહન ચલાવ્યું હતું કે નહીં અને અકસ્માત સમયે તેની સ્થિતિ કેવી હતી તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસકર્મી હોવા છતાં દારૂના નશામાં વાહન ચલાવી અકસ્માત સર્જવાના આક્ષેપને કારણે આ ઘટનાએ પોલીસ વિભાગમાં પણ ચર્ચા જગાવી છે. અકસમાત બાદ કાકા-ભત્રીજીને રસ્તા પર પટકાવાની ઘટના અને ત્યારબાદ કારચાલક પોલીસકર્મી હોવાની હકીકત સામે આવતા આસપાસના લોકોમાં પણ ભારે ચર્ચા જોવા મળી હતી. હાલ ટ્રાફિક પોલીસ દ્વારા સમગ્ર બનાવ અંગેની તપાસ આગળ વધારવામાં આવી રહી છે અને અકસ્માતની ચોક્કસ પરિસ્થિતિ, વાહનની ઝડપ તથા કારચાલકની નશાની સ્થિતિ અંગેના પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. અકસ્માતમાં ખાસ કરીને 15 વર્ષીય ભત્રીજીને ઈજા થઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને મદદ કરી હતી. લોકોનું ટોળું એકઠું થતાં અકસ્માત કરનાર ક્રેટા કારચાલક અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન કારચાલક તરીકે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ગૌરાંગ દવે હોવાનું સામે આવ્યું હતું.

## દીકરીની નાગરિકતાની ચિંતાને લઈ પિતાએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા

### પત્ની સંતાનને લઈ બેલ્જિયમ રવાના, અરજદારને ડર છે કે બાળકને બેલ્જિયમની નાગરિક બનાવી દેશે

અમદાવાદ, તા.23

સુરતના એક રહીશે તેમની અઢી વર્ષની પુત્રીની નાગરિકતા અંગે પોતાની બેલ્જિયન પત્ની સાથેના વૈવાહિક વિવાદ વચ્ચે ચિંતા વ્યક્ત કરતા ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. તેમની પત્ની પુત્રી સાથે પોતાના દેશ પાછી ફરી છે. અરજદારે એવી આશંકા વ્યક્ત કરી છે કે તેમની સગીર પુત્રી તેની ભારતીય નાગરિકતા ગુમાવી દેશે, કારણ કે બેલ્જિયમની એક અદાલતમાં તેની પત્ની દ્વારા શરૂ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી 29 સપ્ટેમ્બરે પૂર્ણ થાય તેવી શક્યતા છે.

હાઈકોર્ટ સમક્ષ અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે, દંપતી ઈસ્કોનના ભક્ત છે અને તેઓ 2021માં દિલ્હીમાં મળ્યા હતા અને લગ્ન કર્યા હતા. બાળકનો જન્મ 2023માં પશ્ચિમ બંગાળમાં થયો હતો. ત્યારબાદ દંપતી પતિના વતન સુરત ખાતે શિફ્ટ થયું હતું. વૈવાહિક વિવાદ બાદ પત્ની બાળક સાથે પોતાના વતન પાછી ફરી હતી અને કાનૂની પ્રક્રિયા શરૂ કરી હતી. હાઈકોર્ટ સમક્ષ પતિના વકીલે રજૂઆત કરી હતી કે જો હાઈકોર્ટ આ કેસમાં હસ્તક્ષેપ નહીં કરે, તો બાળક દેશવિહીન થઈ જશે.

અરજદારને ડર છે કે તેમની



પત્ની બાળકને બેલ્જિયમની નાગરિક બનાવી દેશે. તેમણે વિદેશ મંત્રાલયને 'સિટીઝનશિપ એક્ટ'ના નિયમ 40 હેઠળ તપાસ શરૂ કરવા માટે રજૂઆત કરી છે, જે કેન્દ્ર સરકારને અન્ય કોઈ દેશની નાગરિકતા માટે ભારતીય નાગરિકતાના ત્યાગ અંગે તપાસ કરવાની સત્તા આપે છે.

અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે, અરજદારે 5 ઓગસ્ટે સૌથી પહેલો સંપર્ક કર્યો હોવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અરજદારે તેમની પુત્રી હજુ સુધી ભારતીય નાગરિક મટી ગઈ નથી તે નિશ્ચિત કરવા માટે કેન્દ્રને 'સિટીઝનશિપ એક્ટ'ના નિયમ 40 હેઠળ કાર્યવાહી શરૂ કરવાનો નિર્દેશ આપવા હાઈકોર્ટને વિનંતી કરી છે. આ ઉપરાંત, તેમણે તેમની પુત્રીની ભારતીય નાગરિકતા, જે તેણે જન્મથી મેળવી છે, તેનું રક્ષણ કરવા માટે કેન્દ્રને નિર્દેશ આપવાની પણ માંગ કરી છે. કોર્ટે અરજદારના વકીલ તેમજ કેન્દ્ર સરકારના કાઉન્સેલને આ મુદ્દે અરજી કરવા માટે યોગ્ય સત્તાધિકારી કોણ છે તે અંગે પૂછપરછ કરી હતી અને વધુ સુનાવણી ગુરુવારે મુલતવી રાખી હતી. અરજદારને ડર છે કે તેમની પત્ની બાળકને બેલ્જિયમની નાગરિક બનાવી દેશે. તેમણે વિદેશ મંત્રાલયને 'સિટીઝનશિપ એક્ટ'ના નિયમ 40 હેઠળ તપાસ શરૂ કરવા માટે રજૂઆત કરી છે, જે કેન્દ્ર સરકારને અન્ય કોઈ દેશની નાગરિકતા માટે ભારતીય નાગરિકતાના ત્યાગ અંગે તપાસ કરવાની સત્તા આપે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર